
ગુજરાતી

# યુગ શક્તિ ગાયત્રી



એપ્રિલ ૧૯૯૮



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા

૧. સાચી શિવ ઉપાસના ૧
૨. પરિસ્થિતિઓ આપણા દૃષ્ટિકોણ ઉપર આધારિત ૨
૩. સંગઠન એ જ શક્તિ ૫
૪. એકવીતમી સદીનું 'કાઉન્ટ ડાઉન' શરૂ ૮
૫. પ્રેરણાદાયક કથાઓ ૧૨
૬. આસ્તિકતા વિવેકી માણસોને જ ફળે છે ૧૪
૭. આજના યુગની જરૂરિયાત--વનૌષધિ સારવાર ૧૬
૮. આમૂલ પરિવર્તન માટે નેતૃત્વમાં ફેરફાર ૧૯
૯. ફિલ્મોથી આપણી સંસ્કૃતિ અને નીતિમત્તાનો નાશ ૨૨
૧૦. નીતિ અને અનીતિની કમાણી વચ્ચે તફાવત ૨૫
૧૧. દહેજપ્રથા અવિવેકી, અનિચ્છનીય અને અવિવેકી છે ૨૭
૧૨. શ્રીરામ થેલા પુસ્તકાલય અંગે કેટલુંક માર્ગદર્શન ૩૧
૧૩. ક્રાંતિરથને કારણે સમાજમાં જાગૃતિ- લખનૌમાં વાસંતી ઉમંગ ૩૩
૧૪. પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી ગાયત્રી મહાવિદ્યા અને તેની સાધના ૩૪
૧૫. અપનો સે અપની બાત - યુગ પરિવર્તનની અંતિમ ક્ષણો આવી પહોંચી, હવે તો જાગૃત થાવ ૪૩
૧૬. આત્મીય અનુરોધ ગુરુજીનો પ્યાર કેવી રીતે મેળવ્યો ?-૩ ૪૭

## યુગ નિર્માણ વિદ્યાલયમાં પ્રવેશ કરાવો

આજે દેશમાં શિક્ષાનો વ્યાપક પ્રસાર થયો છે. પરંતુ વિદ્યાનો અભાવ સર્વત્ર દેખાય છે. શિક્ષા શરીરનું પોષણ કરે છે, ભૌતિક આવશ્યકતાઓ પૂરી કરે છે જ્યારે કે વિદ્યા આત્મા તથા મનનું પોષણ કરે છે. શિક્ષા અને વિદ્યા બંનેનો સમન્વય આવશ્યક છે. એ ઉદ્દેશ્યની પૂર્તિ માટે સન્ ૧૯૬૩ થી ગાયત્રી તપોભૂમિ, મથુરામાં યુગ નિર્માણ વિદ્યાલયનો શુભારંભ પરમપૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યમાં કરવામાં આવ્યો હતો.

ઉક્ત વિદ્યાલયમાં પ્રતિવર્ષ પૂરા દેશના વિદ્યાર્થી પ્રશિક્ષણ લેવા માટે આવે છે. પ્રશિક્ષણ જુલાઈથી એપ્રિલ સુધી ૧૦ મહિનાનું હોય છે **૧૫ થી ૧૮ વર્ષના હાઈસ્કૂલ ઉત્તીર્ણ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવે છે.** સ્વસ્થ, સદાચારી, ચરિત્રવાન, અનુશાસન પ્રિય અને આજ્ઞાકારી બાળકોને જ પ્રવેશ મળે છે. પ્રશિક્ષણમાં યજ્ઞ, કર્મકાંડ, સંસ્કાર, નૈતિક શિક્ષા, વ્યાયામ, યોગાસન, વિદ્યુત, રેડિયો ટ્રાન્ઝીસ્ટર, પ્રીટીંગ પ્રેસ, લઘુ ઉદ્યોગ, સંગીત આદિ વિષયો રાખેલ છે.

બધા વિદ્યાથીઓને પૂરા વર્ષ સુધી અનિવાર્ય રૂપથી વિદ્યાલયના છાત્રાવાસમાં રહી ભોજનાલયમાં ભોજન કરવું અનિવાર્ય છે. વિદ્યાર્થીઓએ પોતાના વસ્ત્ર, તેલ, સાબુ, પુસ્તક, નોટબુકો વગેરે વ્યક્તિગત ઉપયોગની વસ્તુઓનો ખર્ચ પોતે નિભાવવાનો હોય છે. ખર્ચ વ્યવસ્થાપકના નિયંત્રણમાં કરવાનો હોય છે. નિવાસ, વીજળી, પાણી, પ્રશિક્ષણ વગેરે સુવિધા નિઃશુલ્ક છે. જે પરિજન પોતાના બાળકોને ઉપયુક્ત સમજે તે યુગ નિર્માણ વિદ્યાલયની નિયમાવલી તથા પ્રવેશ ફોર્મ પ્રાચાર્ય, યુગ નિર્માણ વિદ્યાલય ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩ના સરનામે પત્ર મોકલી નિઃશુલ્ક મંગાવી શકે છે. ૧ જૂન સુધી નિયમાવલી મંગાવી ૧૫ જૂન સુધી અનિવાર્ય રૂપે આવેદન પત્ર મથુરા પ્રાપ્ત થઈ જવું જોઈએ. તેના પછી આવેલ આવેદન પત્ર પર વિચારવું સંભવ નથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક/સંરક્ષક :

વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદ્રષ્ટા

**પં. શ્રીરામ શર્મા આચાર્ય**

અને

**માતા ભગવતી દેવી શર્મા**

: સંપાદક :

**પં. લીલાપત શર્મા**

: કાર્યાલય :

**ગાયત્રી તપોભૂમિ,**

**મથુરા - ૨૮૧ ૦૦૩**

: ટેલિફોન :

(૦૫૬૫) ૪૦૪૦૦૦, ૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડૉલર/ ૪૦૦ રૂપિયા

આજીવન : ૧૦૦ પાઉન્ડ / ૧૫૦ ડૉલર / ૪૫૦૦ રૂપિયા

વર્ષ - ૨૮ અંક - ૪

**એપ્રિલ - ૧૯૯૮**

## સાચી શિવ ઉપાસના

તમામ ઉપાસનાઓનો સાર આટલો જ છે - પવિત્ર બનવું અને બીજાનું ભલું કરવું. જે શિવને દીન-દુઃખીયામાં, નબળામાં અને રોગીમાં જોઈ શકે છે. તે જ ખરેખરી શિવઉપાસના કરે છે અને જે શિવને માત્ર મૂર્તિમાં જ જુએ છે, તેની ઉપાસના તો પ્રાથમિક કહેવાય. માત્ર મંદિરોમાં જ શિવને જોનાર માણસ કરતાં જાતિ, ધર્મ કે સંપ્રદાયનો વિચાર કર્યા વગર દરેક દીન-દુઃખીયામાં શિવને નિહાળીને તેની સેવા અને સહાય કરનાર માણસ ઉપર શિવ વધારે પ્રસન્ન થાય છે. એટલા માટે તમે તમારું સમગ્ર જીવન દિન-પ્રતિદિન અવનતિ પામતા કરોડો લોકોના ઉત્થાન પાછળ જ વિતાવવાની પ્રતિજ્ઞા કરો. જ્યાં સુધી લાખો લોકો ભૂખ્યા અને અભણ છે, ત્યાં સુધી એમના આધારે શિક્ષિત બન્યા હોવા છતાં પણ તેમની તરફ ધ્યાન સુધ્ધાં ન આપનારા તમામ માણસોને હું કૃતઘ્ન માનું છું.

મનુષ્યનું આયુષ્ય મર્યાદિત છે અને સંસારના તમામ પદાર્થો નશ્વર-નાશવંત છે. પરંતુ અન્ય માટે જીવતા હોય એને જ 'જીવંત' કહેવાય. બાકી બધાને મડદાં જ કહી શકાય.

— સ્વામી વિવેકાનંદ





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(વ્યક્તિ-નિર્માણ વિભાગ)

# પરિસ્થિતિઓ આપણા દૃષ્ટિકોણ ઉપર આધારિત

એક જ પરિસ્થિતિમાં બે ભિન્ન માણસો અલગ અલગ રીતે વિચારતા હોય છે અને અલગ અલગ પ્રતિક્રિયાઓ અનુભવતા અને વ્યક્ત કરતા હોય છે. દ્રોણાચાર્યને દુર્યોધનને એક ગામમાં રહેલા સજ્જનોની યાદી બનાવી લાવવા કહ્યું. તેણે લાંબી શોધખોળ કર્યા પછી જણાવ્યું કે, અહીં કોઈ સજ્જન વસતો નથી. બધા દુષ્ટ અને દુરાચારી છે. થોડા દિવસ પછી એ જ ગામમાં યુધિષ્ઠિરને દુર્જનોની યાદી બનાવી લાવવા મોકલ્યો. તેણે બધાને મળીને તેમના કામકાજનો અભ્યાસ કર્યો. સંપૂર્ણ દોષમુક્ત તો માત્ર પરમાત્મા જ છે, બાકી આ ગામના લોકો સરેરાશ દૃષ્ટિએ સજ્જન છે. પૂરેપૂરો દુર્જન તો એક પણ નથી. આવું તારણ લઈને તે પાછા ફર્યા. પ્રાણીઓના શરીર અને પદાર્થો - એ જ સંસાર છે. આ સૃષ્ટિનું સમગ્ર માળખું સતોગુણ અને તમોગુણ તેમજ સુરતા અને અસુરતાના મિશ્રણનું બનેલું છે. અહીં રાત્રિ અને દિવસની માફક શુભ અને અશુભ બંનેનું અસ્તિત્વ છે. અંધકાર અને પ્રકાશ બંને મળીને રાતદિવસની રચના થયેલી છે, અને એનાથી જ કાળચક્ર ફરતું રહે છે. તાણા અને વાણાના આડાઊભા તાંતણાઓના વણેલા કાપડ જેવો આ સંસાર છે. સંસારમાં ઈચ્છનીય અને અનિચ્છનીય — એમ બંને પ્રકારનાં તત્ત્વો રહેલાં છે. એમાંના ઈચ્છનીયનો સારાં કાર્યો માટે અને અનિચ્છનીયનો સુધારણા - સંશોધનની ટેવ પાડવા માટે ઉપયોગ કરી શકાય છે. આ રીતે બંને પોતપોતાની રીતે ઉપયોગી છે. આવી માન્યતા કેળવવાથી દુષ્ટતા શોધે રાખવાથી થતી અકળામણ કે ગુસ્સાથી બચી શકાય છે. દુર્યોધન અને યુધિષ્ઠિર બંનેના આગવા દૃષ્ટિકોણ હતા. તેમણે પોતપોતાની દૃષ્ટિ મુજબ શોધખોળ કરીને પોતપોતાને અનુરૂપ નિષ્કર્ષ કાઢ્યા હતા.

ગંદકીનો કીડો અને ભમરો બંને એક જ બગીચામાં પ્રવેશ કરીને અલગ અલગ વસ્તુઓના સંપર્કમાં આવે છે અને અલગ અલગ નિષ્કર્ષ કાઢે છે. ભમરો ફૂલો ઉપર ભમે છે, સુગંધનો લાભ ઉઠાવે છે અને એ વાતાવરણથી પ્રસન્ન થઈને ગુંજારવ (ગુંજન) કરે છે. એ બાગમાં છોડમાં નાખવા માટેનું છાણિયું ગંધાતું ખાતર પણ કોઈક ખૂણે પડેલું હોય છે. ગંદકીનો કીડો પોતાના સ્વભાવ પ્રમાણે એ ગંદો ઢગલો શોધી કાઢે છે અને પોતાના નસીબને કોસતા કહે રાખે છે કે, આ સંસારમાં નરી દુર્ગંધ જ છવાયેલી છે. બગીચામાં પણ દીવા તળે અંધારું (સુગંધ સાથે જ દુર્ગંધ) મોજૂદ છે. ગંદકીના કીડાની વાત પણ સાચી છે અને ભમરાને પણ અવગણી શકાય નહીં.

એક ગુલાબનું ફૂલ કહેવા લાગ્યું કે, અમારું રૂપ કોઈ ચંદન જેવા મોટા વૃક્ષની શોભા વધારવા યોગ્ય છે, તેમ છતાંય અમને આવી પાતળી કાંટાળી ડાળી ઉપર ઉગાડીને ઈશ્વરે અમારી સાથે અન્યાય કર્યો છે. પોતાના દુર્ભાગ્યના રોદણાં રોતા આ ફૂલ પાસે ઉગેલા બીજા ફૂલે તેને કહ્યું, - મૂર્ખ ! તારી વિચારવાની રીત બદલ. પાતળી કાંટાળી ડાળી ઉપર ઉગવાને કારણે તારે તો નાનું અમથું ફૂલ હોવું જોઈતું હતું, પરંતુ તું કેટલું ભાગ્યશાળી છે કે, આવી તુચ્છ જગ્યાએ ઉગવા છતાંય તું આટલું સુંદર અને સુગંધીદાર છે ! લોકો પોતાના દૃષ્ટિકોણના આધારે જ પોતાના વિષે માન્યતાઓ બનાવે છે અને દુઃખમાં ખીજાતા તેમ જ સુખમાં હસતા હોય છે.

સંસારમાં બૂરાઈ અને ભલાઈ, પ્રિય અને અપ્રિય, હાનિ અને લાભ - બધાંનું અસ્તિત્વ છે જ અને તે કાયમ રહેવાનું છે. આપણે આમાંથી કશાયનો - આપણું વૈચારિક સમતોલન ખોરવીને આપણા વિચારોને પાંગળા બનાવી મૂકે — એટલો પ્રભાવ આપણી ઉપર પડવા દેવો ના જોઈએ. લાભ અને સાધન-સગવડનો ઉપયોગ એ છે કે, સફળતા પામીને ઉત્સાહ મેળવીએ અને આપણી પ્રાપ્તિઓનો વધુને વધુ સદુપયોગ કરીને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપણા સંપર્કક્ષેત્રમાં એનો લાભ આપીએ. નુકસાન, આફત કે અવરોધ આવી પડે તો તેનો બીજી રીતે લાભ ઉઠાવવો જોઈએ. આપણી ભૂલો કે નબળાઈ તો આવાં વિઘ્નો માટે કારણરૂપ નથી ને ? — એમ વિચારવું જોઈએ અને જો એમ હોય તો એને વિનાવિલંબે દૂર કરવાના પ્રયત્નો કરવા જોઈએ જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટના ફરીથી બનતી અટકાવી શકાય. ઠોકરની સજા આપણને ભવિષ્યમાં વધારે સતર્ક રહેવાની ચેતવણી આપે છે. આવી ઠોકરમાંથી જો એક કડવો પણ અગત્યનો પદાર્થપાઠ શીખવા મળે તો તેને ભવિષ્યમાં સારાં પરિણામો આપનારો સસ્તો સોદો જ કહી શકાય.

ઠંડી લાગે ત્યારે શરીરમાં કંપારી છૂટે છે અને લોહીનો પ્રવાહ ગતિમાન થઈને અંદરથી ગરમી ઉત્પન્ન કરે છે. ઠંડી લાગવાથી જે અસર શરીર ઉપર પડે છે તેવી જ અસર મનોજગતમાં પણ થવી જોઈએ. આપત્તિ, તેની દુઃખદાયક અસર, તેની સામે ઝઝૂમવાની તૈયારી, તેના વડે ભૂલની સુધારણા, તેમાં પરિવર્તન લાવવા માટે જરૂરી સાધનો એકઠાં કરવાં અને છેવટે આપત્તિનું નિરાકરણ-પ્રતિક્રિયાનું આવું ચક્ર હોવું જોઈએ. આ નીતિને અનુસરનારા લોકો તપાવેલા સોનાની માફક સતત આગળ ધપતા રહે છે અને આપત્તિનો દરેક પ્રહાર તેમને વધુને વધુ સાહસિક, પુરુષાર્થી, બુદ્ધિશાળી અને અનુભવી બનાવતો રહે છે.

પાપ, દુરાચાર અને વિકારોને જોઈને અસ્વસ્થ બનીને બબડાટ કરવાની જરૂર નથી. દુરાચાર જોઈને નીખરી ઊઠવું અને અનિચ્છનીયતાને દૂર ધકેલીને પોતાનું આધિપત્ય સાબિત કરીને ગૌરવ મેળવવું એ જ પરિપક્વ થવાનો એકમાત્ર રસ્તો છે, એમ માનીને ચાલવું જોઈએ.

જો રાવણનો આતંક ના હોત તો રામને રીંછ-વાનરોને યશસ્વી બનાવવાનો અવસર જ ના મળ્યો હોત. જો સંજોગો અનુકૂળ જ રહ્યા હોત તો ઋષ્યમૂક પર્વતના રીંછ-વાનરો એમના જેવા બીજાં જંગલી પશુઓની માફક જન્મી-મરીને વિસ્મૃતિની ખાઈમાં ક્યાંક ખોવાઈ ગયા હોત. રાવણે આતંક મચાવીને એક બાજુ પોતાના પતન અને અપકીર્તિના દરવાજા ઉઘાડી નાખ્યા તો બીજી બાજુ વિરોધીઓને ગૌરવ અપાવનારા સંજોગો પણ ઊભા કર્યા. મહાપુરુષોની કિંમત તેઓ સંકટો સામે ટકરાતા-ઝઝૂમતા જઈને સાધારણ માણસો માટે આદર્શ પૂરા પાડતા જાય છે. એના આધારે જ અંકાતી હોય છે.

રોગી પોતાની ભૂલને કારણે પોતે તો યાતના વેઠે છે, પરંતુ ડૉક્ટરો માટે આજીવિકા રળવાની, કુશળતા દાખવવાની, સેવા કરવાની અને યશ મેળવવાની તક પણ ઊભી કરે છે. દરેક બદી કે વિકાર વિષે ભલે તેને પેદા કરનારા ગમે તેટલા ઘૃણાસ્પદ ગણાય તોયે, તેઓ સજ્જનતા અને સેવા-સાધના દાખવવાની, અનીતિ પ્રત્યે આક્રોશ વ્યક્ત કરવાની તેમજ આદર્શોના રક્ષણ માટે ત્યાગ કે બલિદાન આપવાની તક પૂરી પાડવા જેટલું તો સારું કરે જ છે — એમ વિચારવું જોઈએ.

આફતોમાં ધીરજ, હિમત અને દીર્ઘદૃષ્ટિનો ઉદય થાય છે. વિકારો પ્રત્યે અણગમો ઉત્પન્ન થવાથી સજ્જનતા પ્રખર બને છે, દુષ્ટતાની બદહાલત જોઈને બીજા તેવા માર્ગે ચાલવાથી દૂર રહે છે. એના આવા લાભો વિષે વિચારીએ તો આફતોમાં પણ સ્વસ્થતા કે સમતોલન જાળવી શકાય છે અને મનોબળ નબળું પડવા દેવા કરતાં તેની ઉપયોગી અસરોનો લાભ મેળવી શકાય છે. જો યોગ્ય રીતે વિચારવામાં આવે તો ગમે તેવી પરિસ્થિતિમાં પણ અનુકૂળતા છે એમ વિચારીને સ્વસ્થતા જાળવી શકાય છે. વ્યગ્રતા કે અકળામણનું મુખ્ય કારણ માનસિક નબળાઈ જ હોય છે. મનસ્વી માણસો સંકટના સમયે ઊલટાના વધારે જાગૃતિ અને સતર્કતા દાખવે છે. ભયંકર કાપાકાપીની નિર્ણાયક ઘડીએ પણ સેનાપતિ જો તેની માનસિક સ્વસ્થતા જાળવી શકે ત્યારે જ તે યોગ્ય નિર્ણય લઈ શકે છે. સામે બનતી ઘટનાઓ જોઈને જો તે આવેશમાં આવી જાય તો તે એક રીતે જોતાં માનસિક રોગી જેવા જ બની જાય છે એમ કહેવાય. એવા સંજોગોમાં તે પોતાનું અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પોતાની સેનાનું સત્યાનાશ વાળી દેશે. રોજિંદા જીવનમાં બનતા તમામ સામાન્ય કે અસામાન્ય બનાવોને પણ આ જ વાત લાગુ પડે છે.

સ્વર્ગ અને નરકની ચર્ચા ઘણી વખત થતી હોય છે. પૌરાણિક આખ્યાનોમાં અમુક લોક અથવા અમુક ચોક્કસ જગ્યાએ સઘળી સુખદ પરિસ્થિતિઓ ધરાવતા સ્વર્ગલોક હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. ત્યાં રહેલાં ઈન્દ્રિયો માટેનાં પ્રચુર ભોગસાધનોમાં આકર્ષક વર્ણનો કરવામાં આવ્યાં છે. શરીર વિનાના મૃતાત્મા ઈન્દ્રિયભોગનો લાભ કઈ રીતે મેળવી શકે તે શંકાસ્પદ બાબત છે. હકીકતમાં કેળવાયેલા કે સુધરેલા દષ્ટિકોણનું નામ જ સ્વર્ગ છે. એમાં રહેલી ઉત્કૃષ્ટતાને કારણે સંકટો વચ્ચે પણ પ્રસન્નતાથી ભરપૂર વાતાવરણ સર્જાય છે.

સંત ઈમર્સન કહેતા હતા કે - "મને નરકમાં મોકલી દો, હું ત્યાં પણ સ્વર્ગનું સર્જન કરી લઈશ." યુધિષ્ઠિરને થોડા સમય માટે નરકમાં મોકલવામાં આવ્યા હતા, એવી એક કથા છે. તેમણે પોતાની સજ્જનતાને કારણે ત્યાં પણ સ્વર્ગ જેવું વાતાવરણ ઊભું કરી દીધું હતું. શંકર ભગવાન ભૂત-પ્રેત વચ્ચે રહીને પણ પોતે પતન નહોતા પામ્યા, પરંતુ એ પતિત સાથીઓનું ઉત્થાન કર્યું હતું. રામપ્રસાદ બિસ્મિલ અને સરદાર ભગતસિંહનું વજન ફાંસીની સજા જાહેર થયા પછી ઊલટાનું વધી ગયું હતું.

સંત-મહાત્માઓ સ્વેચ્છાથી અપરિગ્રહનું વ્રત પાળે છે અને ગરીબો જેવું જીવન જીવતાં-જીવતાં પણ સાધન-સંપન્ન લોકો કરતાંય વધારે સુખી માનસિક કક્ષા પ્રાપ્ત કરી લે છે. એથી ઊલટું કેટલાય ધનવાન લોકો પોતાના દૂષિત અભિગમને કારણે અનેક માઠી કલ્પનાઓમાં દોરવાઈને ચિંતા અને બેચેનીની આગમાં શેકાતા જોવા મળે છે. જો અભાવ કે ઊણપની યાદી બનાવીએ તો આપણે સંસારના સૌથી ગરીબ માણસ હોઈશું એમ જણાશે. આપણી પ્રત્યે થયેલા દુર્વ્યવહારોનો સામટો વિચાર કરીએ તો આપણે ફક્ત દુષ્ટ માણસોના સમૂહ વચ્ચે જ ઘેરાયેલા છીએ એવું લાગશે. ચારેબાજુ ફેલાયેલા-છવાયેલા વિકારો અને બદીઓનો સરવાળો કરીએ તો આખું જગત ચોમેર પાપથી છવાયેલું છે, એવું લાગશે. પરંતુ જો એનાથી ઊલટી કક્ષાની યાદી બનાવવામાં આવે અને આપણાથી ઉતરતી કક્ષાના માણસો સાથે આપણી પ્રાપ્તિઓની સરખામણી કરવામાં આવે તો ખ્યાલ આવશે કે, આપણી અત્યારની પ્રાપ્તિઓ પણ કાંઈ ઓછી સંતોષકારક તો નથી જ. આપણી સાથે થયેલા સદ્વ્યવહારો અને ઉપકારની યાદી બનાવીશું તો આપણા સંબંધીઓમાં સજ્જનતાનું પ્રાધાન્ય રહેલું છે, એનો ખ્યાલ આવશે. સંસારમાં થઈ રહેલાં ઉત્તમ કાર્યોની યાદી બનાવવાથી દુનિયામાં શ્રેષ્ઠતા પણ સારા એવા પ્રમાણમાં રહેલી છે એનો ખ્યાલ આવશે.

**ઘાસચારો ખેતરમાંથી ચરવામાં આવે છે અને વાગોળવાનું કામ છાયામાં બેસીને થતું હોય છે. તે જ રીતે અનુભવનું ભાથું સંસારમાંથી લેવું જોઈએ અને તેને પચાવવા માટે એકાંતમાં તેનું મનન કરવું જોઈએ.**

માણસ શું છે ? એનો એક જ શબ્દમાં જવાબ આપી શકાય કે, વિચારોનો સમૂહ જીવનના બાહ્ય સ્વરૂપ અને આંતરિક કક્ષાનું ઘડતર આપણા દષ્ટિકોણના આધારે જ થતું હોય છે. વિચારવાની ખોટી રીતનું નામ જ દુઃખ અને યોગ્ય રીતે વિચારવું એટલે જ સુખ. ચડતી અને પડતીના બંને પ્રવાહો પોતાની માન્યતા અને રુચિનું નેળિયું પકડીને પરસ્પર વિરુદ્ધ દિશામાં વહેતા હોય છે. તેને કારણે આપણને દેવપદ મળે છે અને એ જ આપણને દાનવ જેવા બનાવી દે છે.

ગીતામાં કહ્યું છે કે - 'શ્રદ્ધામયોયં પુરુષ યોગચ્છૃદ્ધા એ એવ સ' એટલે કે, જે જેવી શ્રદ્ધા રાખે છે તે તેવો જ બની જાય છે, આ મનુષ્યનું રૂપ છે. આપણી માન્યતાઓ, આકાંક્ષાઓ અને દષ્ટિકોણ જ આપણા વ્યક્તિત્વનું નિર્માણ કરે છે અને એના આધારે જ ઉત્થાન-પતનની પરિસ્થિતિઓ ઊભી થતી હોય છે. વિકૃત અભિગમ જ આપણને નરકની ખાણમાં ધકેલી દે છે અને દષ્ટિકોણ સુધરી જાય ત્યારે સ્વર્ગ નજર સમક્ષ ખડું થઈ જાય છે. વિચારોનું (ચિંતનનું) મહત્ત્વ અને માહાત્મ્ય આ જ છે.

• • • • •



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

### સમાજ-નિર્માણ વિભાગ

# સંગઠન એ જ શક્તિ

માણસે અન્ય પ્રાણીઓ કરતાં ઘણી વધારે પ્રગતિ કરી છે. તેની બૌદ્ધિક વિશેષતા એ તેની આવી પ્રગતિનું મુખ્ય કારણ છે. એના વિકાસ પાછળનું બીજું કોઈ મુખ્ય કારણ હોય તો તે છે – તેની સામૂહિકતા અને સહકારની વૃત્તિ. માણસના એકબીજા સાથે રહેવાથી અને હળીમળીને કામ કરવાથી જ સામાજિકતા, સભ્યતા અને સંસ્કૃતિનો વિકાસ થયો છે.

અન્ય પ્રાણીઓ શારીરિક રીતે માણસ કરતાં ક્યાંય ચઢિયાતા છે. કેટલાકમાં ચતુરાઈ તો પૂરતા પ્રમાણમાં છે પરંતુ એમનામાં પરસ્પર સહકારની વૃત્તિ ન હોવાને કારણે તેમની ઉન્નતિ થઈ શકી નથી તેમજ તેઓ તેમનું અસ્તિત્વ ટકાવી રાખવામાં પણ નિષ્ફળ ગયા છે. કોઈક સમયે દરેક જગ્યાએ સિંહની સંખ્યા ખૂબ વિશાળ હતી અને શક્તિની દૃષ્ટિએ તે સર્વશ્રેષ્ઠ પ્રાણી ગણાતું હતું. પરંતુ હવે ધીમેધીમે એનું અસ્તિત્વ લુપ્ત થતું જાય છે. જે ઝડપે તેની સંખ્યા ઘટી રહી છે તે જોતાં પ્રાણીશાસ્ત્રના જાણકારો ક્યાંક આવતા સો બસો વર્ષોમાં દુનિયામાંથી તેમનું નામોનિશાન મટી ના જાય એવી ધાસ્તી સેવી રહ્યા છે. જે જીવોમાં ભલે પરસ્પરની સહકારની વૃત્તિ ના હોય પરંતુ માત્ર સમૂહમાં રહેવાની વૃત્તિ પણ જોવા મળે છે, તેઓ આવા વિપરીત સમયમાં પણ ઓછામાં ઓછું તેમનું અસ્તિત્વ ટકાવી રાખવામાં સફળ તો થયા જ છે. વાંદરો માણસને બહુ પજવે છે. તે માણસને આંખના કણાની જેમ ખૂંચે છે તેમ છતાંય પરસ્પર સહકારની વૃત્તિના કારણે તે આજે પણ માણસને પજવવાની હિંમત કરી શકે છે. કૂતરાઓ અંદરોઅંદર ઝઘડે રાખે છે. તેથી તેમનું નામ જ તિરસ્કારસૂચક બની ગયું છે. જ્યારે વાંદરાઓ આજે પણ દેવતાની માફક પૂજાય છે.

આપણે સજીવસૃષ્ટિમાં સંગઠનની શક્તિ ઘણી જગ્યાએ ખૂબ સહેલાઈથી જોઈ શકીએ છીએ. કીડીઓનું ઝૂંડ જ્યારે ચોંટી પડે છે ત્યારે મોટા સાપને પણ જીવતો ખાઈ જાય છે. તીડોનું ટોળું માણસે કરેલી રક્ષણની તમામ વ્યવસ્થાઓ વેરણ-છેરણ કરીને ઊભો પાક હતો નહતો કરી નાખે છે. હાથીઓ અને વાંદરાઓના સમૂહ ધારે ત્યાં નિર્ભયપણે ફરી શકે છે કારણ કે તેમનામાંના એકેએક સભ્યને, કપરા સંજોગોમાં સાથીઓનો સહયોગ સાહજિક રીતે ચોક્કસ મળી રહેશે તેવી ખાતરી હોય છે. સમૂહમાં ચરનારી ગાયો હુમલાખોર વાઘને પણ ગણકારતી નથી.

સૂતરના એક તાંતણાને નાનું બાળક પણ સહેલાઈથી તોડી શકે છે. પરંતુ જ્યારે આવા પચાસ-સો તાર ભેગા થઈને દોરડું બની જાય છે ત્યારે મોટા પહેલવાનો પણ તેને તોડી શકતા નથી. એક સળીની કોઈ કિંમત નથી. એનાથી કોઈ કામ શક્ય નથી. પરંતુ જ્યારે ઘણી સળીઓ ભેગી થઈને સાવરણો બને છે ત્યારે તેનાથી ઘરની સફાઈ સારી રીતે કરી શકાય છે. પાણીના નાનાં નાનાં ટીપાં જ્યાં સુધી વિખરાયેલાં હોય છે ત્યાં સુધી તેને જમીન શોષી લે છે, હવામાં પણ તે સૂકાઈ જાય છે. પરંતુ જ્યારે એકઠાં થઈ જાય છે ત્યારે તે નદી, નાળાં, તળાવ કે સમુદ્રના રૂપે પોતાની પ્રચંડ તાકાતનો પરચો આપે છે. જે જમીન છૂટાછવાયાં ટીપાંને તરત જ શોષી લેતી હતી, તે તળાવના તળિયે કે કિનારે પાતળા કીચડના સ્વરૂપે પડેલી દેખાય છે. એકલા સૈનિકથી કશું થઈ શકતું નથી. પરંતુ જ્યારે તેનો મોટો સમૂહ સેના સ્વરૂપે ક્યાંય પણ આક્રમણ કરે છે ત્યારે સામેવાળાના છક્કા છૂટી જાય છે.

થોડાક ડાકુઓ ટુકડી બનાવે છે ત્યારે તેઓ ભેગા મળીને મોટા પ્રદેશોમાં લાખોની જનતામાં આતંક ફેલાવી દે છે. સંગઠિત થયેલા કેટલાક કાવતરાખોરો ગમે તેવા ચુસ્ત વ્યવસ્થાતંત્ર માટે પડકારરૂપ બની રહે છે. કેટલાક ગુંડા-બદમાશોની ચંડાળચોકડીથી ભલા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માણસો દબાતા કે ડરતા રહે છે. આવો પ્રભાવ પડે તેમાં માણસનું મહત્ત્વ નથી. તેમની સંગઠનવૃત્તિ જ અગત્યની છે. ડાકુ, ગુંડા કે કાવતરાખોરો શારીરિક અને માનસિક દૃષ્ટિએ બીજા સામાન્ય માણસો જેવા જ હોય છે. તેમનામાં બીજાને ડરાવી શકે તેવી ખાસ વિશેષતા હોતી નથી. એકલા હોય તો તેમનું કંઈ ઉપજતું નથી. પરંતુ તેઓ ટોળાં, જૂથ કે ટોળકીમાં હોય છે. આવી સમૂહશક્તિએ જ લોકોને ડરાવવા માટે તેમનું મુખ્ય હથિયાર હોય છે. દેશો અને જાતિઓનો ઇતિહાસ પણ કાંઈક આવો જ છે. જે લોકો સંગઠિત હતા તેઓ પ્રગતિ સાધી શક્યા અને જે લોકો વેરવિખેર હતા, જેમનામાં ફાટફૂટ હતી તેમને પડતી અને પરાજયનો સ્વાદ ચાખવો પડ્યો છે. ઇતિહાસ એનો સાક્ષી છે.

ભારત એક જમાનામાં ખૂબ જ ગૌરવશાળી શક્તિસંપન્ન અને ઉન્નતિની ટોચે બિરાજતો દેશ હતો. ત્યારે અહીંના લોકો સંગઠનનું મહત્ત્વ સમજતા હતા. તેઓ એકબીજાના સુખદુઃખમાં ભાગીદાર બનતા, એટલું જ નહીં પરંતુ એકબીજાને આગળ વધારવામાં સુખ-સંતોષ અનુભવતા હતા. સંસારની સઘળી પ્રગતિ અને સમૃદ્ધિ સંગઠનશક્તિ ઉપર અવલંબે છે. અહીંનો એકેએક નાગરિક આ ગુરુમંત્ર જાણતો હતો અને પોતાના તમામ કામકાજ એ આદર્શને અનુસરીને જ કરતો હતો. પહેલાંના જમાનામાં જેમ આ દેશમાં સર્વત્ર જણાતું હતું તેવું સ્વર્ગીય સુખશાંતિનું વાતાવરણ, જ્યાં આ પ્રવૃત્તિ વિકસે છે, ત્યાં આપોઆપ ઉત્પન્ન થઈ જાય છે. ક્રમે-ક્રમે આવી મનોવૃત્તિ ઘટવા માંડી, લોકો અંગત સ્વાર્થ અને લાભને મહત્ત્વ આપવા લાગ્યા. એને કારણે ઈર્ષ્યા, દ્વેષ, શોષણવૃત્તિ, અપહરણ, લૂંટફાટ, છળકપટ અને વિખવાદ પણ સ્વાભાવિક રીતે વધવા લાગ્યા. જ્યાં આવા ઝેરનાં બીજ રોપાયાં હોય ત્યાં ચોક્કસ સત્યાનાશનાં જ ફળ ઊગે છે. જ્યારે આપણે અસંગઠિત બનીને માંહોમાંહે વેરઝેર, ઈર્ષ્યા, દ્વેષ અને સ્વાર્થવૃત્તિના કાદવમાં ખૂંપી ગયા ત્યારે મુઠ્ઠીભર પરદેશી આક્રમણકારો ચઢી આવ્યા અને આટલા વિશાળ દેશ ઉપર જાદુમંતરની માફક કબજો જમાવી બેઠા. એમાં કશી નવાઈ નથી. અસંગઠિત સમાજની હંમેશાં આવી પાયમાલી થતી હોય છે.

આપણે જ્યાં સુધી સંગઠનનું મહત્ત્વ સમજતા રહ્યા, એ પ્રમાણે વર્તન કરતા રહ્યા, ત્યાં સુધી આપણે ઉન્નત મસ્તકે દેવોની માફક આખી દુનિયાનું નેતૃત્વ કરતા રહ્યા. જ્યારે આ મહાશક્તિનું મહત્ત્વ ભૂલ્યો અને તેની ઉપેક્ષા કરવા લાગ્યાં તો મણિ વગરના સાપ જેવા નિસ્તેજ થઈને ફેંકાઈ ગયા. વ્યક્તિગત સમૃદ્ધિ, ઉન્નતિ કે શક્તિનું કાંઈ ખાસ મૂલ્ય નથી. તે રેતીના કિલ્લાની માફક ગમે ત્યારે ઢળી પડે એવી હોય છે. કોઈ એક માણસ અમીર કે પહેલવાન બનીને અંગત મોજશોખમાં થોડોઘણો વધારો કરી શકે છે: પરંતુ સમગ્ર જાતિગત જીવનની પ્રતિષ્ઠા તો આખો સમાજ સંગઠિત થાય ત્યારે જ વધે છે. આપણે આપણી વર્તમાન રાજકીય સ્વતંત્રતા આવા સંગઠનના જોરે જ મેળવી શક્યા છીએ.

આપણા ઇતિહાસ અને ધર્મગ્રંથો ડગલે ને પગલે આ તથ્ય આપણી સામે રજૂ કરતા રહ્યા છે. રાવણના અત્યાચારોથી ત્રાસેલા ઋષિઓએ પોતપોતાનું થોડું લોહી કાઢીને એક ઘડામાં એકઠું કર્યું. તેના દ્વારા સીતા ઉત્પન્ન થઈ કે જે, અસુરોના વિનાશનું મુખ્ય નિમિત્ત બની. જ્યારે દેવતાઓ અસુરો સામે હારવા લાગ્યા ત્યારે પ્રજાપતિએ તેમની થોડીથોડી શક્તિ એકત્ર કરીને એક મહાશક્તિ 'દુર્ગા'નું સર્જન કર્યું. એ 'દુર્ગા' જ હાથમાં ખપ્પર અને તલવાર લઈને અસુરોનું નિકંદન કાઢવામાં સફળ થઈ શકી. ભગવાન રામે લંકા ઉપર ચઢાઈ કરીને રાવણની મસમોટી સેના ઉપર વિજય મેળવ્યો. તેનું શ્રેય ભગવાન શ્રીરામે રીંછ-વાનરોના સહયોગને આપ્યું છે. શ્રીકૃષ્ણ ભગવાને ટચલી આંગળી ઉપર ગોવર્ધન ઊંચક્યો ત્યારે બધા ગોપ-ગોવાળિયાઓએ પણ તેમની લાકડીઓ પહાડ નીચે ટેકવી હતી. અશ્વમેધના માધ્યમથી છૂટાછવાયા રાજાઓને એક જ છત્ર નીચે એકઠા કરવામાં આવતા હતા. કુંભમેળા વગેરે પર્વોના માધ્યમથી આખા દેશના સાધુઓ અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બ્રાહ્મણો વ્યાપક સમસ્યાઓ વિષે વિચાર કરવા અને આગામી કાર્યક્રમોની રૂપરેખા નક્કી કરવા એકઠા થતા હતા. તેઓ ધર્મનો પ્રચાર કરવા માટે વિખરાઈ જતા. પરંતુ દર ત્રણ વરસે ઉજ્જૈન, હરિદ્વાર, વૃંદાવન અને પ્રયાગના કુંભમેળામાં ફરી પાછા એકત્ર થઈને એ સંગઠનના સૂત્રને મજબૂત રાખતા હતા. અલગ અલગ પ્રયત્ન કરવાથી ધાર્મિક જાગૃતિ લાવવાનું કે લોકોમાં સુખશાંતિ ફેલાવવાનું કદાપિ શક્ય બનવાનું નથી, એનો તેમને સ્પષ્ટ ખ્યાલ હતો. એટલા માટે સામાન્ય લોકોને સંગઠિત કરવા જોઈશે એટલું જ નહીં પરંતુ સાધુ, બ્રાહ્મણો અને સંતોએ પણ એક તાંતણે પરોવેલી માળાની માફક સાથે રહેવું પડશે, એ તેઓ સારી રીતે જાણતા હતા.

ભગવાન બુદ્ધના ત્રણ મુખ્ય ઉપદેશો - ધમ્મં શરણં ગચ્છામિ, સંઘં શરણં ગચ્છામિ અને બુદ્ધં શરણં ગચ્છામિમાં ધર્મ અને વિવેકને શરણે જવા જેટલું જ મહત્ત્વ સંગઠનશક્તિનું પણ છે, એનું પ્રતિપાદન થયેલું છે. અપૂરતાં સાધનોના એ જમાનામાં પણ બૌદ્ધ ધર્મનો ઝંડો એશિયાભરમાં લહેરાતો હતો એનું મુખ્ય કારણ એનું સંઘબળ જ હતું. ખ્રિસ્તીઓના સંગઠિત પ્રયત્નોને કારણે પાછલાં બસો વર્ષમાં દુનિયાની અડધા ઉપરાંતની વસ્તી ખ્રિસ્તી ધર્મ પાળવા લાગી છે. શાસ્ત્રોમાં પણ સંગઠનને આ યુગની સર્વોત્તમ શક્તિ તરીકે બિરદાવતા કહ્યું છે - 'સંઘે શક્તિ કલિયુગે'. આ વોટનો જમાનો છે. જે રાજસત્તા શસ્ત્રોના પ્રચંડ સંઘર્ષથી પણ મેળવી ના શકાય, તે 'વોટ'ની 'ચોટ'થી મેળવી શકાય છે. રાજકીય પક્ષો સત્તા મેળવવા માટે વોટનું કેટલું મહત્ત્વ છે તે સારી પેઠે સમજતા હોય છે. રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રિય, સામાજિક કે આર્થિક — એ દરેક મોરચે આજે સંગઠનની જ બોલબાલા છે. જે રીતે સૂર્યની ફરતે નવ ગ્રહો પરિક્રમા કરે છે તે રીતે બીજી શક્તિઓ પણ જેને સંગઠનનું પીઠબળ હોય તેની ફરતે વીંટળાઈ વળે છે.

આજે સમાજમાં વેરઝેર, ફાટફૂટ અને ઘૃણાનું સામ્રાજ્ય ચારેબાજુ ફેલાયેલું છે. જાતિઓ અને ઉપજાતિઓની જંજાળમાં ઘેરાઈને સમાજ આજે હજારો ટુકડાઓમાં વહેંચાઈ ગયો છે. એક વર્ગ બીજા વર્ગના સ્પર્શને પણ તિરસ્કારની નજરે જુએ છે.

આપણે અરસપરસ હળીમળીને જીવતાં શીખવું જોઈએ. વિચાર-વિનિમયની ટેવ પાડવી જોઈએ. આપણા ભૂતકાળ અને ભવિષ્ય વિષે વિચાર કરીને વર્તમાનનો આધાર નક્કી કરવો જોઈએ. પરસ્પર પ્રેમ, સહકાર અને એકતા જાળવવાની અગત્યતા સમજવી જોઈએ અને એકબીજાને મદદરૂપ થઈને ઉન્નતિના પંથે આગળ વધવું જોઈએ. આપણી એકતામાં અવરોધક બનતાં તમામ પરિબળોને એકએક કરીને નાબુદ કરવાં એ જ વધારે યોગ્ય છે. આમ તો સંગઠનશક્તિ દરેક યુગમાં મહત્ત્વપૂર્ણ છે જ, પરંતુ આ યુગમાં તો વિશેષ અગત્યની છે. આ સત્યને આપણે હૃદયમાં જેટલું ઊંડું ઉતારીએ એટલું વધારે સારું.

**જીવનમાં બે પ્રકારના માણસો જ નિષ્ફળ જાય છે. એક કે જે વિચારે છે પણ કરતા નથી અને બીજા જે કરે છે પણ વિચારતા નથી.**

આપણા કામકાજમાં સમાજહિતની અને સામૂહિકતાની દૃષ્ટિ મુખ્ય હોવી જોઈએ. પોતાનું હિત જોવું જોઈએ. પણ તે સમાજને કોઈ રીતે નડતરરૂપ ન હોવું જોઈએ. એકલા ખાવું, એકલા જીવવું, એકલાનો લાભ જોવો કે જૂથવાદમાં રાચવું એ અનાત્મવાદ છે, અસુરતા છે. આવી વૃત્તિ ભારતીય તત્ત્વજ્ઞાનના આદર્શોથી બિલકુલ વિપરીત અને અશોભનીય છે. સંપીને રહેવા અને કામ કરવા પાછળ, બધાનું હિત જોવા પાછળ એક મુખ્ય કારણ એ છે કે - સૌને પરમાત્મા (ઈશ્વર) બનાવી દેવામાં જ આત્માની ઉન્નતિનું પરમ ધ્યેય છુપાયેલું છે. સંસારમાં ભૌતિક હેતુઓ માટેના ઘણાં સંગઠનો છે, જે પોતપોતાનાં કાર્યક્ષેત્રોમાં સંગઠનશક્તિના આધારે સફળતા મેળવી રહ્યા છે. જો આપણે ધાર્મિકતા અને આધ્યાત્મિકતા વિકસાવવી હોય તો તેનો આધાર પણ સંગઠન જ છે. આપણા ભવિષ્યનું ઉત્થાન કે પતન એ 'સંગઠન' ઉપર જ આધારિત છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## યુગનિર્માણ વિભાગ

# એકવીસમી સદીનું 'કાઉન્ટ ડાઉન' શરૂ (એકવીસમી સદીના ઉંબરે)

સ્વાતિ નક્ષત્રના વરસાદમાં દરેક છીપમાં મોતી બનતાં નથી. બધા વાંસમાં વંશલોચન ઉત્પન્ન થતું નથી. બધી કેળમાં કપૂર બનતું નથી. માત્ર નસીબદારોને જ આવો અવસર મળે છે. મડદાને અમૃતની વર્ષાથી શો લાભ ? પર્વત કે રણ ઉપર પડતા વરસાદની શી અસર ? વરસાદની કૃપા પાત્રતાને અનુરૂપ જ મળે છે અને એટલા પ્રમાણમાં જ ઉપયોગી નીવડે છે. આવતા ૧૦૦૦ દિવસોમાં દરેક જગ્યાએ સૌભાગ્ય વરસવાનું છે. ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ નિશ્ચિત છે. સવાલ એટલો જ છે કે એ સુઅવસરમાં આપણે આપણી ભાગીદારી સાબિત કરી શકીએ તેવા બનીએ. જે બીજ ઓગળે છે (ગળે છે) તે જ વૃક્ષ બની શકે છે. હવે બીજની માફક ઓગળવાનો અને લોખંડની માફક તપવાનો સમય આવી ચૂક્યો છે. તેમાં કંજૂસાઈ કરવાથી નર્યું નુકસાન જ વેઠવાનું આવશે.

ઈશ્વરને ઉદાર ગણવામાં આવે છે. પરંતુ આ વિશેષણને અમલી બનાવવા માટે ચોક્કસ શરત છે. સુદામા, અર્જુન અને રીંછ-વાનરોની માફક આજનો માણસ પોતાનું સર્વસ્વ ઈશ્વરને અર્પણ કેમ નથી કરી શકતો ? પોતાને ભક્ત તરીકે ઓળખાવનારાઓને માત્ર જીભના લવારા કરીને મનની ઈચ્છા સંતોષવાની તક મળે છે. એવા ભ્રમથી જેટલો વહેલો પીછો છોડાવી શકાય તેટલું વધારે સારું. ભગવાન પહેલાં 'માગે છે' પછી જ 'આપે છે' (કૃપા વરસાવે છે). મોટા થવા અને કહેવડાવવા માટે પાણીની માફક દૂધમાં ભળવું પડે છે. નાળાની માફક નદીમાં ભળવું પડે છે. ગુરુને સર્વસ્વ સમર્પીએ તો જ તેનાં આશિષ ફળે છે. પરમ સત્તા (ઈશ્વર)ના સંચાલન હેઠળ ૨૧મી સદી ઉજ્જ્વળ ભવિષ્ય સાથે શરૂ થવામાં છે. પરંતુ એને પ્રત્યક્ષ પ્રગટ કરવાનું શ્રેય તો શરીરધારીઓને (મનુષ્યોને) ફાળે જવાનું છે. એ નિરાકાર સત્તા પોતાનાં તમામ કાર્યો શરીરધારીઓના માધ્યમ દ્વારા જ પૂરાં કરે છે. આજે ભગવાન કાંઈક 'માગે' છે એવો સમય છે. જ્યારે 'આપવા'નો વખત આવશે ત્યારે એ ન્યાયની કસોટીમાંથી પાર ઉતરનાર સાચા ઉદ્યમી, પુરુષાર્થી, સંનિષ્ઠ અને શ્રદ્ધાળુઓની જ પસંદગી કરશે. એ સમયે કંજૂસો હાથ મસળતા રહી જશે. આ દિવસોમાં અસામાન્ય પરિવર્તનો થઈ રહ્યાં છે અને થતા રહેવાનાં છે. આ વલોણાના ગર્ભમાંથી પ્રજ્ઞાયુગનો જન્મ થશે. તેની સાથે ઉજ્જ્વળ ભવિષ્યની તમામ સંભાવનાઓ સંકળાયેલી છે. એમ તો એની પહેલાં ખાસ્સી પ્રસવવેદના પણ સહેવી જ પડશે. અહીં અમે, જેના આધારે ઉજ્જ્વળ ભવિષ્યની સંભાવનાઓનો અનુભવ કરી શકાય એમ છે એવી કેટલીક ઘટનાઓનું વર્ણન કરીએ છીએ. આ પ્રસંગો પરથી ગાયત્રી તપોભૂમિ, મથુરા દ્વારા જાહેર કરાયેલી સાત ક્રાંતિઓને સફળ બનાવવામાં મહાકાળની ચેતના કઈ રીતે ઉપયોગી અને અનુકૂળ પરિસ્થિતિઓનું નિર્માણ કરી રહી છે તેનો ખ્યાલ આવશે.

(૧) દક્ષિણ ભારતના પ્રકાંડ ભવિષ્યવેત્તાઓએ જે ચેતવણી પ્રસિદ્ધ કરી છે તેનાથી આસ્તિકતા-સંવર્ધનને બળ મળી રહ્યું છે. બધાં ધાર્મિક સંગઠનો દ્વારા વિશ્વકલ્યાણની ભાવનાથી કાર્ય કરવાની રૂપરેખા અને દિશા મળી રહી છે. તેમજ પશ્ચિમની દુનિયાના ભારતીય અધ્યાત્મ તરફના ઝોકને કારણે આસ્તિકતા-સંવર્ધન આંદોલનને નવું બળ મળી રહ્યું છે.

(૨) હોંગકોંગમાં મરઘીઓનાં બચ્ચાંમાં ફેલાયેલા રોગચાળાને કારણે મરઘીઓનો નાશ કરવાનું આંદોલન ચાલી રહ્યું છે. એનાથી શાકાહાર અભિયાનને બળ મળશે. પશ્ચિમી ડોક્ટરો પણ શાકાહાર અપનાવવાની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બાબત ઉપર ખાસ ભાર આપી રહ્યા છે. આજે સમગ્ર ચિકિત્સાજગત વિલાયતી દવાઓની આડઅસરોથી ચિંતિત છે. એનાથી સ્વાસ્થ્ય-સંવર્ધન આંદોલનને બળ મળી રહ્યું છે.

(૩) ભારતની લોકસભા અને વિધાનસભામાં તેમજ જાહેર નોકરીઓમાં મહિલા આરક્ષણની ચર્ચા, વિશ્વની શિક્ષિત અને વિદ્વાન નારીઓનું એક મંચ ઉપર એકઠા થવું અને દરેક ક્ષેત્રે નારીઓની પ્રગતિને કારણે નારી જાગૃતિ આંદોલનને બળ મળી રહ્યું છે.

(૪) આખી દુનિયામાં એઈડ્સની બીમારીને કારણે વેશ્યાવૃત્તિ જેવી ખરાબ પ્રવૃત્તિ આપોઆપ ઘટતી જાય છે. ઉપરાંત સ્વૈચ્છિક આવકની જાહેરાત કરવાનાં કેન્દ્રો ઉપર લાંબી કતારો થવાને કારણે દુષ્પ્રવૃત્તિ નાબુદી અભિયાનને બળ મળી રહ્યું છે.

(૫) દરેક ધાર્મિક સંગઠનો વિશ્વસ્તરે કુરિવાજોના વિરોધમાં અવાજ ઉઠાવી રહ્યાં છે. એનાથી કુરિવાજ નાબુદી અભિયાનને વેગ મળી રહ્યો છે.

(૬) નશાખોરીથી ચિંતિત થયેલા દુનિયાભરના વૈજ્ઞાનિકોની  ચેતવણીઓ, બસ કે ટ્રેન જેવી જાહેર જગ્યાએ ધૂમ્રપાનનિષેધ, કેટલાંક રાજ્યોમાં કાયદેસરની દારૂબંધી અને કેટલાંક રાજ્યોમાં કાયદેસર દારૂબંધી દાખલ કરવાના પ્રયત્નો – આ બધાથી વ્યસનમુક્તિ આંદોલનને વેગ મળી રહ્યો છે.

(૭) પાકિસ્તાનમાં લગ્નોત્સવ પાછળ થતા ખર્ચ ઉપર પ્રતિબંધ અને કેટલીક જગ્યાએ છોકરાઓનાં અપહરણ કરી જઈને જબરદસ્તીથી તેમનાં લગ્ન કરાવવા જેવાં કાર્યોને લીધે લગ્નો પાછળની ઘેલછા અટકાવવાના આંદોલનને બળ મળી રહ્યું છે.

એ સિવાય આખી દુનિયામાં થઈ રહેલી રાજકીય ઊથલપાથલો પણ યુગપરિવર્તનનો અણસાર આપે છે. પત્રકારો, સાહિત્યકારો અને કલાકારોએ પોતાની ખોટી વિચારસરણીને બદલીને વ્યવહારુ દૃષ્ટિકોણ અપનાવ્યો છે. સારી ટી.વી. સીરીયલો તૈયાર થઈ રહી છે. દરેક ક્ષેત્રે નવી પ્રતિભાઓ ઝળકી રહી છે. ઊંચા હોદ્દાઓ ઉપર બેઠેલા લોકોમાં સદાચારની જાગૃતિ અને નૈતિકતાનો વધારો યુગપરિવર્તનનાં એંધાણ આપે છે. વિકસિત દેશો ક્રમશઃ ઘાતક અણુ હથિયારોનો નાશ કરવા તૈયાર થયા છે. વિશ્વના પ્રકાંડ વૈજ્ઞાનિકો વિશ્વકલ્યાણની ભાવનાથી કાર્ય કરવા લાગ્યા છે. આ બધો યુગપરિવર્તનનો અણસાર છે. આ દિવસોમાં પ્રજ્ઞાપરિવારના સભ્યોની જવાબદારી અનેકગણી વધી જાય છે. જે અભિયાનનો પાયો યુગપરિવર્તન દ્વારા સ્વર્ગીય વાતાવરણ ઊભું કરવાના હેતુથી જ નંખાયો છે એના કાર્યકરો, રીંછવાનર, ગોપગોવાળિયા અને સત્યાગ્રહીઓ તેમની ભૂમિકા ભજવવામાં ઊણાં ઊતરે એ નહીં ચાલે. દુષ્પ્રવૃત્તિ, કુરિવાજો અને વિલાસિતાની લંકામાં ચિનગારી બનીને આગ લગાડવાની છે. એનાથી ઓછામાં આત્મસંતોષ નહીં થાય.

પ્રજ્ઞા પરિવારમાં આવા મહાનુભાવો જ ભેગા થયા છે તેમને આ અવસર ન ચૂકવાનો અનુરોધ અને સલાહ છે. આ આપત્તિકાળ છે. યુગધર્મ નિભાવવાનો સમય છે. પ્રજ્ઞાવતારની શક્તિનો પ્રવાહ તો સહજ રીતે વહી રહ્યો છે. જે લોકો આ દૈવી ચેતનાના પ્રવાહ સાથે સમન્વય સાધી શકશે તેઓ ધન્ય થઈ જશે. આવનારા સમયમાં પ્રજ્ઞાયુગ લાવવામાં તેમની ભૂમિકાની નોંધ લેવાશે. પ્રજ્ઞાપરિવારના સભ્યો આ કામમાં પોતાની ભૂમિકા કઈ રીતે નિભાવે તે વિચારવાનો અને નક્કી કરવાનો સમય આજે જ છે. કાલે ઘણું મોડું થઈ ગયું હશે. મહાન કાર્યો સરળતાથી સંપન્ન થતાં નથી. તેમને પાર પાડવામાં અંતરાય-અવરોધો આવે જ છે અને આગળ જતાં એ જ વિઘ્નો અભિનંદન પણ આપે જ છે.

એકવીસમી સદીના આગમન આડે ૧૦૦૦ દિવસ બાકી રહ્યા છે. દરેકના મનમાં ૧૦૦૦ દિવસના યુગસંક્રાતિકાળમાં અનિચ્છનીયતાઓ (બદીઓ) સામે કઈ રીતે ઝઝૂમવું ? એના જ વિચારો ઊમટવા જોઈએ. ઉજ્જવળ ભવિષ્યની રચના કરવા માટે જે કાંઈ કરવું પડે તે આ જ દિવસોમાં પૂરેપૂરા ઉત્સાહ અને ઉલ્લાસની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાથે સંકલ્પપૂર્વક કરવું જોઈએ. મીઠાં ફળ ચાખવાનો લાભ લેવા માટે બગીચાના માળીએ જેવા પ્રયત્નો કરવા પડે છે તેવા જ પ્રયત્નો આ દિવસોમાં વિચારશીલ માણસોએ કરવા પડશે. આ મહાભારત જીતવા માટેની પ્રક્રિયાને જોમવંતી બનાવવી પડશે. વિચારોમાં જે પ્રગતિશીલ પરિવર્તન લાવવાનું છે તેને માટે વ્યાપક અનુકૂળ વાતાવરણ બનાવવાની યોજના અને વ્યવસ્થા તો અગાઉથી ગોઠવાઈ ગઈ છે. પરંતુ પ્રજ્ઞાપુત્રોનાં કર્તવ્યોનું આગોતરું આયોજન ઘડવાનું આજે છઠ્ઠી એપ્રિલના શુભમુહૂર્તમાં શરૂ થઈ જવું જોઈએ.

માણસમાં અનેક ભૂલો અને નબળાઈઓ હોવા ઉપરાંત, તે સમય આવે ત્યારે તે પોતાની જાતને સુધારી કે બદલી શકે છે, એ એક ખૂબી પણ રહેલી છે. એકવીસમી સદી આડેના ૧૦૦૦ દિવસોમાં નવતર સંસાર, નવીન માણસ અને નવા રિવાજોને પરિપૂર્ણ કક્ષાએ પહોંચાડવાનો સુયોગ છે. એકવીસમી સદી અસંખ્ય શ્રેય, સન્માન અને સૌભાગ્યનો વરસાદ વરસાવવા માટે ઘટાટોપ વાદળની માફક વાજતી-ગાજતી આવી રહી છે. એ દૈવીકૃપાનો લાભ દરેકને સમાનરૂપે મળવાનો છે. પરંતુ જેમણે એને માટે પ્રયત્નો કર્યા હશે અને જેમણે શ્રદ્ધા અને નિષ્ઠાની મૂડી તેમાં ખરચી હશે તેમને વિશેષ શ્રેય અને સન્માન મળશે. 'એકવીસમી સદી-ઉજ્જવળ ભવિષ્ય' એ નામની કંપનીના શેર ખરીદનારને ખોટ નહીં જાય એની સો ટકા ગેરંટી છે. આ ઉદ્યોગમાં રોકેલી શ્રદ્ધા, ધન અને મહેનતની મૂડી હજારોગણી વધશે. ઉપરાંત શ્રેય, સન્માન, આત્મસંતોષ અને લોકસન્માનરૂપે પણ તેનું વળતર ચોક્કસ મળવાનું છે. એમાં આળસ કે કંજૂસાઈ કરનારાઓ 'અવસર ચૂકે તે પસ્તાય' – એ કહેવત પ્રમાણે હાથ મસળતા રહી જશે. આત્મસન્માન અને લોકશ્રદ્ધા મળશે એ શરતે કશુંક માંગવામાં આવી રહ્યું છે. નહીં આપનારને સામાજિક તિરસ્કાર, નિંદા અને અપમાનની સજા સાથે છોડવામાં આવશે. મહાકાળની દંડવ્યવસ્થાનો ભોગ બનીને કણસતા રહેવા કરતાં યોગ્ય સમયે સાંપ્રત પરિસ્થિતિઓને સમજી લેવી વધારે હિતાવહ છે.

ગતિશીલ અને પ્રગતિશીલ જીવન માટે ઘણું બધું જોઈએ અને આ બધાં સાધનો આપણને સમાજ સિવાય બીજું કોઈ આપી શકે તેમ નથી. માનવશરીરનો પ્રત્યેક કોષ આ અણમોલ વરદાનો સામે ઊણો છે - ઓછો છે. જેટલું મળશે એટલું જ આપીશું એ વાત આ સંબંધે લાગુ પડતી નથી. આ બધાને માટે હૃદયની ઉદાત્ત ભાવનાઓથી પ્રેરાયેલા સદ્‌વિચારોના સંકલ્પનું પાલન કાર્યરૂપે કરવું એ જ સીધોસાદો ઉપાય છે. એ આપણા બધાની નૈતિક ફરજ પણ છે. સમાજનું આ ઋણ ચૂકવવા માટે સૌથી વધારે યોગ્ય સમય અત્યારે જ છે. યુગપરિવર્તનની ચેતના જાતે જ તમારી સામે ઝોળી ફેલાવીને ઊભી છે. દરેક કાર્યોને પોતાનો વખત હોય છે. જે લોકો વખતને ઓળખીને એને પાર પાડવામાં લાગી પડે છે તેઓ ધન્ય થઈ જાય છે. માનવીય ઇતિહાસમાં ક્યારેક ક્યારેક એવો સમય પણ આવી જાય છે કે, જ્યારે એવો અલ્પ પ્રયત્ન પણ કાયમી સત્પરિણામો આપે છે. એટલું જ નહીં પરંતુ એમાં થોડુંક પ્રદાન આપનાર તેની જરા સરખી મહેનતના આધારે ઇતિહાસમાં પણ યુગનિર્માતા બનવાનું ગૌરવવંતુ સ્થાન મેળવે છે. આવનારો સમય વીતેલા જમાના કરતાં અનેકગણો મહત્ત્વનો છે. જરૂર તેને ઓળખીને અપનાવવાની છે. આવા કૃતજ્ઞભાવથી ઓળઘોળ થઈને થાય એટલો પુરુષાર્થ કરી છૂટવો જોઈએ. કરી શકાય એટલું પ્રદાન કરવું જોઈએ. મહાકાળના દાનપાત્રમાં કાંઈ નહીં તો પરિશ્રમનો ફાળો તો અવશ્ય આપવો જ જોઈએ. ઉપકારનો બદલો ઉપકારથી વાળવો જોઈએ. એ ભાવના સાવ સામાન્ય રીતે સમજી શકાય એમ છે. માત્ર જનકલ્યાણનાં કાર્યોના વિચારો કરવા અને જાતને મક્કમતાપૂર્વક સમયની માંગને સમર્પિત કરી દેવી એ જ ઉત્તમ છે. ઈશ્વરે માણસને વિવેકબુદ્ધિનું ત્રાજવું આપીને પોતાના અસ્તિત્વનો પરચો આપ્યો છે. તો પછી આપણે એ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નિભાવવામાં પાછા શું કામ પડવું જોઈએ ? આળસ, મોહ અને નિદ્રાનો ત્યાગ કરીને અદમ્ય હિંમત અને મહેનત સાથે સમાજને યુગનો બોધ કરાવીને નવયુગના નિર્માણમાં કેમ ના લાગી જઈએ ? નિરાશ થયા વગર પ્રયત્નો ચાલુ રાખીએ. પ્રગતિ ભલે ધીમી હોય તો પણ ધીરજ ના ગુમાવવી જોઈએ. સતત પ્રયત્નો કદાપિ નિષ્ફળ જતા નથી. સમય આવે ત્યારે તેનાં ફળ અવશ્ય મળે જ છે, તે પોતાનું લક્ષ્ય પાર પાડીને જ રહે છે.

યુગનિર્માણનાં દિશાસૂચનો દરેક માણસ સુધી પહોંચાડવા માટે યુગનિર્માણ યોજના પત્રિકાના વધુને વધુ સભ્યો બનાવવા જોઈએ. શ્રીરામ થેલા પુસ્તકાલય દ્વારા યુગઋષિના ક્રાંતિકારી વિચારોનો સમાજમાં પ્રચાર કરવો જોઈએ. યુગસેનાનું સંગઠન મજબૂત કરવું જોઈએ. સંગઠનશક્તિ દ્વારા સમાજમાં ફેલાયેલા કુરિવાજો અને માણસમાં છવાયેલાં કુકર્મોને દૂર કરવાના સામૂહિક પ્રયાસો કરવા જોઈએ. યુગનિર્માણ યોજના પત્રિકાના લેખોમાં રચનાત્મક અને સંઘર્ષાત્મક પ્રેરણાઓ હોય છે. એમાંથી જોમ મેળવીને કામ કરવા લાગી જાવ. વખતોવખત અમને પત્રો દ્વારા એ વિષયમાં કરેલા પ્રયત્નોની જાણ કરતા રહો. સમાજસેવાનાં કાર્યો માટે સમય જરૂર ફાળવો. ઉપાસના-સાધના દ્વારા આત્મનિર્માણ કરો. પોતાના વ્યક્તિત્વનું ઘડતર કરો અને બીજાના નિર્માણ માટે ઓજારનું કામ કરીને પોતાના જેવાં જ વ્યક્તિત્વોના નિર્માણ કરનારા બની રહો.

## 'પ્રજ્ઞા' - માનવીને મળેલી દૈવી ભેટ

*મનુષ્યને મળેલાં સુવિધા-સાધનો વિજ્ઞાનની ભેટ છે. બીજી બાજુ પ્રતિભા જે મળી છે, તે અધ્યાત્મનું વરદાન છે. પ્રગતિમાર્ગ પર આગળ વધવા માટે બંનેની પોતપોતાની ઉપયોગિતા અને આવશ્યકતા છે. પદાર્થોની કુરૂપતાને દૂર કરી તેને ઉપયોગી બનાવવામાં વિજ્ઞાનની પોતાની ભૂમિકા છે. શરીરનિર્વાહ, ઉદરપોષણ, પ્રજનન, ઉમંગો અને સંરક્ષણ-સુવિધાનાં અનેકવિધ સાધનોને અપનાવવાં આ આધાર પર સંભવિત થઈ શકે છે. જો મનુષ્ય શરીરમાં જન્મ લેવાનો એકમાત્ર હેતુ શરીરયાત્રા જ હોય તો આ બધી સગવડો સંતોષી રહી શકાય છે.*

*વિધાતાએ મનુષ્યને આટલી જ હદ સુધી બંધાઈ રહેવા માટે આ પૃથ્વી પર મોકલ્યો નથી. શરીરયાત્રાથી એક ડગલું આગળ વધીને આનંદ, સંતોષ, સન્માન, શ્રેય, કીર્તિ, ઉત્કર્ષ, પ્રગતિ જેવી કેટલીક ઉચ્ચ પ્રકારની ઉપલબ્ધિઓ મેળવવી હોય તો આંતરિક વરિષ્ઠતાનો સહારો લેવો પડશે, જેને પ્રતિભા અને અધ્યાત્મની ભાષામાં માનવી ગૌરવ કહેવામાં આવે છે. એનો સીધો સંબંધ દૃષ્ટિકોણ-વ્યવહારની એ ઉત્કૃષ્ટતા સાથે છે, જેને વ્યક્તિત્વ કહેવામાં આવે છે. વ્યક્તિત્વ સંપન્ન જ મહામાનવ કહેવાય છે, પછી ભલેને તે સુખ-સુવિધાઓની દૃષ્ટિથી કંગાલ કેમ ન હોય !*

*સુવિધા અને પ્રતિભાના સમન્વયની, સમગ્રતાના સ્વરૂપ અને આનંદની અનુભૂતિ કરી શકાય તો સમજી લેવું જોઈએ કે આત્મબોધ સાચા અર્થમાં થઈ ગયો. એનાથી દુરુ પયોગનું સીમાબંધન, વૈભવનું સુનિયોજન અને પ્રતિભા ચાતુર્યના સદુપયોગનું લક્ષ્ય સધાઈ જાય છે. એટલા માટે કૌશલ્ય, પ્રતિભા અને વૈભવ, સુખ-સુવિધાની સાથે 'સુમતિ'ની પણ જરૂર પડે છે, જેને સારી ભાષામાં 'પ્રજ્ઞા' નામથી સંબધોવામાં આવે છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કિશોર વિભાગ

# પ્રેરણાદાયક કથાઓ

## શીખવાની એકાગ્રતા

બાળક ઈશ્વરચંદ્ર પોતાના પિતા ઠાકુરદાસ સાથે વીરસિંહ નામના ગામડેથી કલકત્તા જઈ રહ્યા હતા. ગામથી કલકત્તા સુધી પાકી સડક હતી. ખાસ્સા દૂર ગયા પછી જમીનમાં ખોડેલા પથ્થર તરફ બાળકનું ધ્યાન ગયું. તેની ઉપર કાળા અક્ષરે કશુંક લખ્યું હતું. તે જોઈને બાળકે પૂછયું, "આવા પથ્થરો ઠેકઠેકાણે શા માટે ઊભા કર્યા છે ?"

પિતાએ સમજાવ્યું, "બેટા, આ માઈલસ્ટોન છે. એનાથી અમુક જગ્યા અહીંથી કેટલી દૂર છે તેની ખબર પડે છે. આ પથ્થર ઉપર અંગ્રેજીમાં કલકત્તા અહીંથી ૧૯ કિ.મી. દૂર છે એમ લખ્યું છે."

આમ વાતોમાં ને વાતોમાં લગભગ ૧૦ કિ.મી. પસાર થઈ ગયા. દરેક પથ્થર આવે ત્યારે બાળક પૂછતો, "પિતાજી, આ શું લખ્યું છે ?" એ રીતે એના મગજમાં અંગ્રેજી આંકડાની રચના ગોઠવાતી જતી હતી. એમ કરતાં કરતાં પ્રવાસ દરમ્યાન તેને અંગ્રેજી ગણતરીનો પૂરેપૂરો ખ્યાલ આવી ગયો.

સાંજ સુધીમાં બાપ-દીકરો કલકત્તા પહોંચી ગયા અને શેઠ જગદુર્લભસિંહને ઘેર ઉતાર્યા. સવારે તેઓ શેઠની દુકાને ગયા. ત્યાં શેઠે ઠાકુરદાસને અમુક હિસાબો તપાસવા આપ્યા. તે છોકરો પણ બાજુમાં બેઠો બેઠો હિસાબો જોતો રહ્યો. જ્યારે હિસાબો મેળવીને પિતાએ શેઠને પાછા આપ્યા ત્યારે ઈશ્વરચંદ્રે કહ્યું, "આવી ગણતરી તો મને પણ આવડે છે." છોકરાની વાત સાંભળીને શેઠે ઠાકુરદાસને પૂછ્યું, "શું તમારા દીકરાએ ક્યાંયથી અંગ્રેજીનું શિક્ષણ મેળવ્યું છે ?"

"ના રે ના, એ જ્યારે કોઈ કાર્યને એકધ્યાનથી જોઈ લે છે અને સમજવાનો પ્રયત્ન કરે છે તો તેને તે આવડી જાય છે." છોકરાને તેની આ પ્રતિભાનું કારણ પૂછતાં તેણે જવાબ આપ્યો, "કોઈ બાબત ઉપર સંપૂર્ણ એકધ્યાન થઈ જવાથી તે ગમે તેટલું મુશ્કેલ હોવા છતાં સરળ બની જાય છે." આ છોકરો આગળ જતાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર તરીકે પ્રખ્યાત થયો.

## નિર્ધારિત ઉદ્દેશ્ય માટે મક્કમતાથી કાર્ય કરો

એક છોકરાએ એક પૈસાદાર માણસને જોઈને ધનવાન બનવાનો સંકલ્પ કર્યો. કેટલાક દિવસોમાં તેણે થોડાઘણા પૈસા કમાઈ લીધા. એ દરમ્યાન એક વિદ્વાન સાથે તેની મુલાકાત થઈ ત્યારે તેણે વિદ્વાન બનવાનો સંકલ્પ કર્યો અને બીજા જ દિવસથી તે કમાવાનું છોડીને ભણવા લાગ્યો. તેણે માંડ અક્ષરજ્ઞાન મેળવ્યું ત્યાં તો તેનો ભેટો એક સંગીતકાર સાથે થયો. તેને સંગીતમાં વધારે રુચિ ઉત્પન્ન થઈ. એથી એ દિવસથી અભ્યાસ છોડીને સંગીત શીખવા લાગ્યો. થોડા દિવસ પછી તેણે સંગીત પણ છોડી દીધું અને નેતાગીરી કરવા લાગ્યો.

તે ખાસ્સો મોટો થઈ ગયો ત્યાં સુધીમાં તે ના તો ધનવાન બની શક્યો ના તો સંગીતકાર બની શક્યો, ના તો વિદ્વાન બની શક્યા કે ના નેતાગીરી કરી શક્યો. તેથી તેને ખૂબ દુઃખ થયું. એક દિવસ તેને એક મહાત્માને મળવાનું થયું. તેણે પોતાનું દુઃખ જણાવ્યું. સાધુએ મલકાઈને કહ્યું, "બેટા, દુનિયા બહુ લલચામણી છે. દરેક જગ્યાએ કશુંક આકર્ષણ તો જોવા મળશે જ તેથી ગમે તે એક નિશ્ચય કરીને તેનો અમલ કરતો રહીશ તો ઉન્નતિ ચોક્કસ થશે. તું વારંવાર ધ્યેય બદલતો રહીશ તો ક્યારેય પ્રગતિ નહીં સાધી શકે. પેલો યુવાન સમજી ગયો અને પોતાનું એક જ ધ્યેય નક્કી કરીને તેનો જ અભ્યાસ કરવા લાગ્યો.

## વાણીથી નોકર, પ્રધાન અને રાજાની ઓળખ

શિકારે નીકળેલા રાજાના મુકામની પાસે આવેલા એક કૂવા ઉપર એક આંધળો વટેમાર્ગુઓને કૂવામાંથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કાઢીને પાણી પીવડાવતો હતો. રાજાને તરસ લાગી એટલે તેણે સિપાહીને પાણી લેવા મોકલ્યો. સિપાહી ત્યાં જઈને બોલ્યો, "એ આંધળા, મને એક લોટો પાણી આપી દે." સૂરદાસે કહ્યું, "જતો રહે, તારા જેવા મૂર્ખ નોકરને હું પાણી આપતો નથી. સિપાહી ગુસ્સે થઈને પાછો આવ્યો. ત્યારે સેનાપતિએ તેની પાસે જઈને કહ્યું, "હે અંધ મિત્ર, જલદીથી એક લોટો ઠંડું પાણી પા." આંધળાએ કહ્યું, "મને લાગે છે કે તમે પહેલા આવેલા માણસના સરદાર છો. હું તમને પાણી નહીં આપું. બંનેએ રાજાને ફરિયાદ કરી કે પેલો આંધળો ડોસો પાણી આપતો નથી. રાજા તે બંનેને લઈને કૂવા પાસે ગયો અને પ્રણામ કરી બોલ્યો, "હે સૂરદાસ બાબાજી ! તરસથી ગળું સૂકાય છે. તમે થોડું પાણી આપો તો મારી તરસ છિપાવું." આંધળાએ કહ્યું, "મહારાજ, બેસો હું હમણાં જ પાણી આપું છું."

રાજાએ કહ્યું, "મહાત્મા, તમે આંધળા હોવા છતાં પહેલો નોકર, બીજો પ્રધાન અને હું રાજા છું એ કેવી રીતે જાણી શક્યા ? આંધળાએ કહ્યું, "માણસની વાણી વડે તેની કક્ષા કે તેના વ્યક્તિત્વનો ખ્યાલ આવી જાય છે."

---

## પરમાત્માની આનંદમયી સત્તા

*અંતરમાંથી ફૂટી નીકળતા ઉત્સાહથી જ આધ્યાત્મિકતાનો પ્રકાશ જોઈ શકાય છે. એને હંમેશા દરેકના મુખ પર ચમકતો જોઈ શકાય છે કે જેને આત્મજ્ઞાન થઈ જાય છે. આત્માનું સહજરૂપ પરમસત્તાની જેમ જ આનંદમય છે. એટલા માટે વિદ્વાનોએ કહ્યું છે - આધ્યાત્મિકતાનું જ બીજું નામ પ્રસન્નતા છે. જે પ્રફુલ્લતાથી જેટલો દૂર છે, તે ઈશ્વરથી પણ એટલો જ દૂર છે. તે ન તો આત્માને જાણે છે ન તો પરમાત્માની સત્તાને ! હંમેશાં ચીડાતા, ખીજાતા અને આવેશગ્રસ્ત રહેવાવાળા વર્ગને મનીષીઓએ નાસ્તિક ગણાવ્યો છે.*

*સંસારરૂપી આ જીવન સમરાંગણમાં જે પોતાને જ આનંદમય બનાવી રાખે છે, બીજાઓને પણ હસાવી શકે છે, એ જ ઈશ્વરનો પ્રકાશ ફેલાવી રહે છે. અહીં જે કંઈ છે તે બધું આનંદિત રહેવા-બીજાઓને હસતા રાખવા માટે જ પેદા કરવામાં આવ્યું છે. જે કંઈ ખરાબ અથવા અશુભ છે તે બધું મનુષ્યને પ્રખર બનવા માટે જ હાજર છે. જિંદગીમાં સમયે સમયે આવતી રહેતી પ્રતિકૂળતાઓ-મુશ્કેલીઓ મનુષ્યનું સાહસ વધારવા, ધીરજનો પાયો મજબૂત કરવા અને શક્તિ-સામર્થ્યને વિકસિત કરવા માટે જ આવે છે. જે એનાથી ડરીને રડી પડે છે, તેની આધ્યાત્મિકતા પર કોણ વિશ્વાસ કરશે ? જિંદગી સરળ તો હોય પણ એ સરસ અને પ્રફુલ્લતાથી ભરેલી હોવી જોઈએ. એમાં સંઘર્ષનું પણ સ્થાન હોવું જોઈએ કારણ કે એના સિવાય દુનિયામાં કોઈપણ સફળતાપૂર્વક જીવી શકતું નથી.*

*રડવું એક શ્રાપ છે, જે ફક્ત અવિવેકી અને નાસ્તિકોને ન શોભા આપે છે. હસવું-હસાવવું એક એવું વરદાન છે જે, વર્તમાનમાં સંતોષ અને ભવિષ્યની શુભ સંભાવનાઓની કલ્પનાઓને જન્માવી મનુષ્યનું જીવવું સાર્થક બનાવી દે છે. આવો, આપણે સાચા અર્થમાં આસ્તિક બનીએ. આપણા અનુભવોની બીજાને પણ જાણકારી આપીએ અને સમગ્ર વાતાવરણને પ્રફુલ્લતાથી ઓતપ્રોત કરી દઈએ.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આસ્તિકતા-સંવર્ધન વિભાગ

# આસ્તિકતા વિવેકી માણસોને જ ફળે છે

આસ્તિકતા એ માનવજીવનમાં સમાયેલી ઉત્કૃષ્ટતાઓનો માપદંડ છે. સર્વવ્યાપી પરમેશ્વર આપણાં ગુપ્ત અને જાહેર તમામ કૃત્યો વિષે જાણે છે અને તેને અનુરૂપ સારાં કે માઠાં કર્મફળ આપે છે. આ માન્યતાના આધારે જ આપણી નૈતિકતા જળવાય છે. નાસ્તિક નિરંકુશ હોય છે. તેને ઉદ્દંડ વર્તન કરવામાં ઈશ્વરીય અનુશાસનની બીક લાગતી નથી. તાત્કાલિક ખરાબ ફળ ન મળે તો પણ ઈશ્વરીય ન્યાયમાં 'દેર છે પણ અંધેર નથી' એ સમજવા જેટલી દૂરંદેશી એનામાં હોતી નથી. જે કર્મફળના સિદ્ધાંતમાં ભરોસો રાખે છે તે પાપથી ડરે છે અને પુણ્ય-પરમાર્થ એકઠું કરવામાં લીન રહે છે. બહુમુખી પ્રગતિ અને ચોક્કસ સુખશાંતિ માટેનો રાજમાર્ગ એ જ છે.

પરબ્રહ્મને સત્પ્રવૃત્તિઓનો સમૂહ પણ કહી શકાય. બીજા શબ્દોમાં તેને ઉત્તમ આદર્શવાદી પણ કહી શકાય. ઈશ્વર-ઉપાસનાનો અર્થ છે — પોતાના ગુણ, કર્મ અને સ્વભાવને એના જેવા બનાવવા અને માનવીય ગૌરવને અકબંધ જાળવી રાખવું. સજ્જનને છાજે તેવા શુભાશયમાં જાતને પરોવાયેલી રાખવી. આસ્તિકતાનું આવું અર્થઘટન જ સાચું અને કલ્યાણકારી છે. જ્યાં આવી આસ્તિકતા હશે ત્યાં આધ્યાત્મિકતા પણ આત્માના આધારના રૂપમાં જળવાશે અને વ્યવહારમાં પણ ધાર્મિકતા અને કર્તવ્યનિષ્ઠાના રૂપમાં તે ડોકાતી હશે.

સાચી આસ્તિકતામાં સાધક પરમેશ્વર પાસે આત્મસમર્પણ કરે છે. તેની આત્મશિસ્તમાં ચેતના હોય છે. તે પોતાની નીતિ-રીતિ એટલે કે આચાર-વિચાર પ્રભુભક્તને શોભે એવા બનાવે છે. નાળું જ્યારે નદીમાં ભળી જાય છે ત્યારે એના પ્રવાહમાં એની રીતે જ વહેવા માંડે છે. બળતણ જ્યારે અગ્નિમાં હોમાય છે ત્યારે તે પોતાના બધા ગુણો અને કામનાઓ અગ્નિને સમર્પિત કરી દે છે. પછી કશું માગવાનો કે અલગ કામના કરવાનો કોઈ અવકાશ જ રહેતો નથી. માત્ર તેને અપનાવવા માટે તૈયાર થવું પડે છે. દૃષ્ટિકોણમાં એવું પરિવર્તન લાવવું પડે છે કે કોઈ કામના, તૃષ્ણા કે મહત્ત્વાકાંક્ષા બાકી જ ના રહે. માત્ર પ્રભુની ઇચ્છાને પોતાની ઇચ્છા બનાવી લેવાનો કાયાકલ્પ જેવા બહુમુખી પ્રયત્ન કરવો જોઈશે. એનું આચારવિચારમાં અને વ્યવહારમાં આદર્શવાદી ઉત્કૃષ્ટતાનો સમાવેશ થવાના રૂપમાં સીધું પરિણામ આવે છે. જીવનક્રમમાં જેટલી શાલીનતા આવેલી જણાય તેટલી જ સાચી ભક્તિભાવના સધાય છે એમ સમજવું.

કહેવાતા ભક્તજનો વાસ્તવિકતાથી બિલકુલ વિપરીત વિચારો ધરાવતા હોય, પ્રતિકૂળ આચરણ કરતા હોય અને વિરોધાભાસી વ્યક્તિત્વ ધરાવતા હોય એવું મોટેભાગે જોવા મળે છે. તેઓ કર્મકાંડના આધારે દેવતાઓને પોતાના વશમાં લાવવાની ચેષ્ટા કરતા જ રહે છે. પોતાના વાજબી કે ગેરવાજબી મનોરથો પૂરા કરવા માટે ભેટ-પૂજાઓ અર્પણ કરતા રહે છે તેમ જ સ્તવનના રૂપમાં પ્રશંસાના પુલ બાંધતા રહે છે. આ બધા આડંબરો પાછળ માત્ર મનોકામનાઓ પૂરી થતી જાય, આફતો ટળતી જાય, પ્રતિકૂળતાઓ અનુકૂળતાઓમાં બદલાતી જાય, વાતાવરણ બદલાતું જાય અને પોતાને મનફાવતા સંજોગો જ જળવાઈ રહે એટલો જ આશય હોય છે.

આને થોડું આપીને વધારે મેળવી લેવાનો (સટ્ટા જેવો) વ્યવસાય જ કહી શકાય. પંખીઓ અને માછલીઓને જેમ થોડા ખોરાકની લાલચમાં ફસાવીને તેનો શિકાર કરવામાં આવે છે — બરાબર આવી જ રીતરસમ દેવતાઓની પૂજા-અર્ચના કરતી વખતે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અપનાવાતી હોય છે. તેમાં મનગમતી વસ્તુને મેળવી લેવાનો હઠાગ્રહ રહેલો હોય છે. જે બિલકુલ યોગ્ય ના હોય એને માટે પણ કૃપાયાચના થતી હોય છે. જે ન્યાયસંગત ના હોય એ પણ મેળવવાના-માગવાના પ્રયત્નો થતા હોય છે. દેવતાઓને પણ યોગ્ય-અયોગ્યનો, ન્યાય-અન્યાયનો વિચાર કરવાની તક આપવી જોઈએ. એટલો વિચારવિવેક પણ જળવાતો નથી. ભગવાન જો થોડીક પૂજાસામગ્રીનો લોભ કરીને યોગ્યતા કે પાત્રતાને નેવે મૂકીને જે માગીએ તે આપતા રહેશે તો પછી પાત્રતા કેળવવાની કોઈને શી જરૂર પડે ? તો પછી 'ટકે શેર ભાજી અને ટકે શેર ખાજા' વેચાવા લાગશે. જે કોઈ પ્રશંસાના પુલ બાંધશે કે જો કોઈ પૂજાની લાલચ આપશે તે બધા જ ભક્તો ગણાવા માંડશે. જે માગશે તે પામશે એવી નીતિ જો ભગવાન અપનાવે તો પછી લાયકાતનો કે ખરાખોટાનો વિચાર કરવાની કોઈ જરૂર જ ના રહે અને કર્મફળનો સિદ્ધાંત તો સાવ વિસરાઈ જ જાય. રુશવતની જ બોલબાલા થઈ જાય. લોકોને વ્યવહારમાં તો ફાયદાનો ખાસ્સો એવો મોટો ભાગ રુશવતમાં આપવો પડે છે. પરંતુ દેવતાઓને તો બહુ થોડામાં ફોસલાવી શકાય છે. તેને માટે તો કંકુ, ચોખા કે ફૂલ જેવી ઓછી કિંમત પૂરતી થઈ પડે છે. ચાલાક કે ધૂતારા માણસો ખોટી પ્રશંસા અને સ્તવનો વડે ભોળા માણસોને ભોળવીને તેમને ધૂતે છે. દેવતાઓને એવા બાળકબુદ્ધિ સમજીને તેમને ઘૂઘરો કે ફુગ્ગો આપીને ફોસલાવવાની ધરેડ પાડી દઈશું તો આવું ન થવાનું કરી બતાવવાને જાદુ જ કહી શકાશે. કહેવાતા ભક્તજનો આવી જ તિકડમબાજી કરતા હોય છે અને દેવતાઓને રુશવતખોર, ખુશામતપ્રિય અને અવિવેકી તરીકે વગોવતા હોય છે.

વિચારવા જેવી બાબત એ છે કે, શું 'અંધેર નગરી ને ગંડુ રાજા'વાળી કહેવત ભક્ત અને ભગવાન બાબતે સાચી હોઈ શકે ખરી ? શું પાત્રતાના સિદ્ધાંતને સાવ નેવે મૂકી શકાય ખરો ? શું પ્રયત્ન અને પુરુષાર્થના કર્મફળનો નિયમ નાબૂદ થઈ શકે ખરો ? શું પૂજાપાઠનો અર્થ યોગ્યતા અને પ્રયાસોની જરૂરિયાત નથી એવો કરી શકાય ખરો ? શું માગનાર અને આપનાર — બંનેથી ઔચિત્યની મર્યાદાઓનું ઉલ્લંઘન કરી શકાય ખરું ? આમ કરીને બેઉ પોતાના ગૌરવનો હ્રાસ નથી કરતા શું ?

જેમાં મફતમાં જ મનોકામનાઓ પૂરી કરવાની રીતરસમો સંકળાયેલી હોય એવા પૂજાપાઠ કદી ફળ આપનારા નથી નીવડતા. ઇચ્છીએ તોયે આવું ના થઈ શકે. મફત માગનારાઓની ઝોળી કદી હીરામોતીથી ભરાતી નથી. અશક્યને શક્ય બનાવવાના પ્રયત્નોમાં ક્યારેય સફળતા મળતી નથી. જો પૂજા માત્રથી મનોરથો પાર પડતા હોત તો પૂજારીઓ આકાશમાં ઊડતા હોત. તેમનાં ઘર સોનાચાંદીના બનેલાં હોત. કર્મકાંડી પંડિતો ઇન્દ્ર જેવા શક્તિશાળી અને કુબેર જેવા વૈભવશાળી હોત. તેઓ તો બધા દેવતાઓના મંત્ર-તંત્ર જાણતા હોય છે. ભગવાનને રીઝવવા માટે જાતજાતનાં કીર્તન-કૌતુક કરતા-કરાવતા માણસોની એક પણ ઇચ્છા અધૂરી ના રહેત.

ભક્તિનો ઉદ્દેશ્ય - જાતને દેવતાઓ પ્રત્યે - દેવત્વ પ્રત્યે - સમર્પિત કરવાનો છે. ભજન - પૂજન કરવાથી માણસમાં દેવત્વનું નિર્માણ, વૃદ્ધિ અને સાક્ષાત્કાર થાય છે અને તેનો એ ઉદ્દેશ્ય પાર પડે છે. વાસ્તવિકતા એ છે કે, દેવતાઓ પ્રામાણિકતા, પ્રખરતા, પવિત્રતા અને ઉદાર સેવાભાવનાના આધારે જ પ્રસન્ન થતા અને વરદાન આપતા હોય છે. પરંતુ જે લોકો વાસ્તવિકતાથી મોઢું ફેરવીને અને ચાલાકીભરી તિકડમબાજી લડાવીને સસ્તાં પ્રલોભનો આપીને કીમતી વરદાન મેળવવા ઇચ્છે છે. તેમને નિરાશ જ થવું પડે છે. પૂજાના આડંબર પાછળ ખર્ચેલો સમય અને મહેનત બેકાર વેડફાઈ જાય છે. ઉપચાર તરીકે વાપરેલી સામગ્રી પણ વ્યર્થ જાય છે.

આસ્તિકતા એ ખેતીવાડી અને બાગકામ જેવી સાક્ષાત ફળ આપનારી પુણ્યપ્રક્રિયા છે. એમાં જે રોપવામાં આવે છે એના કરતાં હજારગણું થઈને ઊગી નીકળે છે. પરંતુ તેમાં ખાતર-પાણી સીંચવામાં કમી ના રહે એની પણ ખાસ જરૂર છે. આત્મસુધારણા અને આધ્યાત્મિકતા ખાતર સમાન છે અને ધાર્મિકતા અને કર્તવ્યનિષ્ઠા જળ સમાન છે. આ બંનેની યોગ્ય વ્યવસ્થા કર્યા વગર દેવકૃપાનું ફળ ભોગવવા ઇચ્છનારાઓને અવિવેકી અને અબુધ જ કહી શકાય.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## સ્વાસ્થ્ય-સંવર્ધન વિભાગ

# આજના યુગની જરૂરિયાત – વનૌષધિ સારવાર

### મૂલેઠી - જેઠીમધ - મધુયષ્ટિ

**પ્રાપ્તિસ્થાન :** મુલેઠીને યષ્ટિમધુ પણ કહેવાય છે. મધુક, કલીતક, જેઠીમધ અને લિકોરિસ એ તેના બીજાં નામો છે. તેના છોડનો જમીનમાં રહેલો પ્રકાંડનો ભાગ તથા તેના મૂળને સૂકવીને તેનો છાલ સમેત તથા છાલરહિત એમ બંને પ્રકારે ઉપયોગ થાય છે.

સામાન્ય રીતે મૂલેઠી ઊંચાઈવાળા પ્રદેશોમાં થાય છે. ભારતમાં જમ્મુ-કાશ્મીર, દહેરાદૂન, સહરાનપુર સુધી તેને ઉગાડવામાં સફળતા મળી છે. સામાન્ય રીતે બજારમાં અરબસ્તાન, અફઘાનિસ્તાન કે તુર્કસ્તાન વગેરે જગ્યાએથી આવતું જેઠીમધ વેચાતું હોય છે. પરંતુ ઊંચા પ્રદેશોમાં તેને ઉગાડવામાં મળેલી સફળતાને કારણે તેને હિમાલયના ઊંચાઈવાળા અમુક સૂકા સપાટ પ્રદેશોમાં ઉગાડવા ઉપર વૈજ્ઞાનિકોનું ધ્યાન કેન્દ્રિત થયેલું છે. બોટેનિકલ સર્વે ઑફ ઇન્ડિયા દ્વારા મસૂરી, દહેરાદૂન અને ફ્લોરા જેવા પ્રદેશોમાં તેને ઉગાડવા અને શોધવા માટેના પ્રયત્નો થઈ રહ્યા છે. એને કારણે હવે તે પરદેશી ઔષધ નથી રહ્યું. તેમાં ભેળસેળ બહુ જોવા મળે છે. બરાબર આના જેવા જ એક છોડના સૂકાં મૂળિયાં એમાં ભેળવાતાં હોય છે. ભારતનાં બજારોમાં મળતા જેઠીમધના સંશોધનથી આવું જાણવા મળ્યું છે. સાચું જેઠીમધ અંદરથી પીળાશ પડતું, રેસાદાર અને મંદ-મીઠી સુગંધવાળું હોય છે. તેના તાજાં મૂળ સ્વાદમાં મીઠાં હોય છે. પરંતુ સૂકાયાં પછી તે થોડા તૂરાં અને ખાટાં જેવાં લાગે છે. વિદેશથી આયાત થતા ઔષધમાં મિસરના જેઠી મધને સર્વોત્તમ ગણવામાં આવે છે. ત્રણ ચાર વર્ષ જેટલા જૂના છોડના મૂળ અને જમીનમાં રહેલા થડ (પ્રકાંડ)ના ભાગને ચોમાસા પછી એટલે કે શરદઋતુમાં ઉખેડી લેવામાં આવે છે. મૂળની છાલ ઉખેડીને તેના પંદર-વીસ સે.મી. લાંબા અને ૧.૨ સેમી. વ્યાસના નાના ટુકડાઓ કરી લેવામાં આવે છે. આ ટુકડાઓને વારાફરતી તડકા છાયામાં સૂકવીને તેને દવા તરીકે વાપરવાલાયક બનાવવામાં આવે છે. આવા ટુકડાઓને મોઢાબંધ ડબ્બામાં ઠંડી અને સૂકી જગ્યાએ રાખવા પડે છે.

**વપરાશ યોગ્ય સમયમર્યાદા :** દરેક દવાના ગુણધર્મો જળવાઈ રહેવા માટે અમુક ચોક્કસ સમય હોય છે તે અનુસાર જેઠીમધ કાપ્યા પછીના બે વર્ષ સુધી ઉપયોગી રહે છે તેને તેની વીર્ય કાલાવધિ કહેવામાં આવે છે.

**ગુણકર્મ બાબતે વિભિન્ન મતો :** આચાર્ય સુશ્રુતના કહેવા પ્રમાણે જેઠીમધ બળતરા અને તૃષાનું શમન કરે છે. તેમણે તેને સારિવાદિ વર્ગમાં મૂકેલ છે. આચાર્ય ચરક તેને એન્ટીએમેટિક (ઊલટીશામક) માને છે અને તેના મીઠા રસને કારણે તે પિત્ત અને વાયુશામક હોવાને લીધે તે શરીરની અમ્લરસ ઉત્પાદક ગ્રંથિઓનું નિયમન કરે છે એવો તેમનો મત છે. ભાવપ્રકાશમાં જણાવ્યા પ્રમાણે તે કફનાશક, ઊલટીશામક અને તરસ છીપાવનાર છે. આયુર્વેદના બધા જાણકારો તેને આમાશયની ઍસિડની ઊણપ માટે મદદરૂપ તેમજ આમાશયની અંદરના ઘા (ચીરા)ને રૂઝવવામાં ઉપયોગી માને છે. એ સિવાય તે જીવનશક્તિવર્ધક રસાયણ અને પૌષ્ટિક ઔષધિ (ટોનિક) પણ છે. ડૉ. જિઓ એન. કિયના મત પ્રમાણે વધારે પડતા તીખા કે ખાટા પદાર્થોના સેવનથી થતી પેટની બળતરા કે પીડા વગેરેને મટાડવામાં તે ચમત્કારિક અસર દાખવે છે. એસિડજન્ય વિકારોના શમન માટે તે ક્ષારો કરતાં પણ વધારે ઉત્તમ રીતે અસરકારક છે. ડૉ. ચુનેકર પણ તેના ઉપયોગથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આમાશયના એસિડની ઊણપ દૂર થાય છે અને બળતરા દૂર કરે છે એ વિષે સહમત છે. આયુર્વેદના મત પ્રમાણે તે વાયુ ખેંચી કાઢનાર (વાતાનુલોમક) હોવાથી પેટના દુખાવામાં અને મધુર હોવાથી અમ્લપિત્તમાં ઉપયોગી છે. ખાસ કરીને પેટ્રીક અલ્સર (આંતરડાંનાં ચાંદાં) અને એના લીધે થતી લોહીની ઊલટીઓ (હિમેટેમેસિસ)માં તે ખૂબ જ અસરકારક છે. તેને પહેલી કક્ષાએ સૂકું (શુષ્ક) અને બીજી કક્ષાએ ગરમ માનવામાં આવેલ છે. યૂનાની સારવાર-પદ્ધતિમાં જેઠીમધ ઘણા પાચક યોગોમાં વપરાય છે. તે યકૃત (લીવર-કલેજાના) રોગો માટે પણ ઉપયોગી છે.

**રાસાયણિક બંધારણ :** તાજા જેઠીમધમાં ૫૦ ટકા પાણી હોય છે, જે સૂકાયા પછી ઘટીને ૧૦ ટકા જેટલું થઈ જાય છે. તેમાં ગ્લિસરાઈઝિક એસિડના રૂપમાં રહેલું ગ્લિસરાઈઝિન નામનું તત્ત્વ એ તેનું મુખ્ય ઘટક છે. જેને કારણે તેનો સ્વાદ મધુર હોય છે. તે સામાન્ય ખાંડ કરતાં ૫૦ ગણું વધારે ગળ્યું હોય છે. આ ઘટકતત્ત્વ છોડના જમીન ઉપર રહેલા ભાગમાં હોતું નથી.

ગ્લિસરાઈઝિન ઉપરાંત તેમાં આઈસોલિક્વિરિટીન નામનું એક અન્ય પ્રકારનું ગ્લાયકોસાઇડ પણ હોય છે. એ સિવાય તેમાં સ્ટેરોઈડ એસ્ટ્રોજન (ગર્ભાશયોત્તેજક હોરમોન), લગભગ ૩.૮ ટકા ગ્લુકોઝ, લગભગ ૩ થી ૭ ટકા સુક્રોઝ, ૨ થી ૪ ટકા રેસિન, લગભગ ૪૦ ટકા જેટલો સ્ટાર્ચ અને ૦.૦૩ થી ૦.૩૫ ટકા જેટલું બાષ્પશીલ તેલ વગેરે રાસાયણિક ઘટકો પણ હોય છે.

જેઠીમધના યોગ એટલા મીઠા હોય છે કે, ૧:૨૦૦૦ જેટલા ઓછા મિશ્રણમાં પણ તેની મીઠાશનો ખ્યાલ આવી જાય છે. તેનો પીળો રંગ ગ્લાયકોસાઈડ અને આઈસોક્વિરિટિનના કારણે હોય છે. તેનું પ્રમાણ ૨.૨ ટકા જેટલું હોય છે. તે મોઢાની લાળગ્રંથિઓને ઉત્તેજિત કરીને ખોરાકના પાચનમાં મદદરૂપ થાય છે. જેઠીમધનું ઘનસત્ત્વ કાળા અને લાલ રંગના ટુકડામાં મળે છે. તે અફઘાનિસ્તાનમાં પેદા થાય છે તેથી સામાન્ય રીતે ત્યાંની ભાષામાં 'રબુસ્સૂમ' નામે ઓળખાય છે.

**આધુનિક જાત અને વૈજ્ઞાનિક સંશોધનોનું તારણ :** જેઠીમધના મૂળનું ચૂર્ણ પેટની અંદરના ઘા (ચીરા) એટલે કે પેપ્ટિક અલ્સર ઉપર પણ ખૂબ ફાયદાકારક અસરો દાખવે છે. એનાથી તે જલદી રૂઝાવા લાગે છે. આધુનિક ચિકિત્સાના નિષ્ણાતો 'ડબલ બ્લાઈન્ડ ટ્રાયલ્સ'ના આધારે જેઠીમધનું ચૂર્ણ કુદરતી સ્વરૂપમાં પણ ગેસ્ટ્રિક તેમજ ડ્યુઓડિનલ બંને પ્રકારનાં અલ્સરોની ઝડપથી રૂઝ લાવે છે, એ સાબિત કરી ચૂક્યા છે.

ડી. આર. લોરેન્સની ક્લીનિકલ ફાર્મિકોલોજિ મુજબ જેઠીમધમાં પેપ્ટિક અલ્સરને રૂઝવનાર એક મુખ્ય પદાર્થ ગ્લાયકોસાઈડ હોય છે જે ગ્લિસરાઈઝિન સાથે સંબંધિત છે અને બીજું જેઠીમધમાં રહેલું એસિડ તત્ત્વ કે જે વિલાયતી પદ્ધતિમાં કાર્બિકસોલોનના નામે વપરાય છે. તે પદાર્થ આમાશયમાં રેસાઓનું પ્રમાણ વધારે છે જેનાથી 'અલ્સર' ઝડપથી રૂઝાય છે. આ અસર સ્થાનીય હોય છે જયારે બીજા એસિડવિરોધી (એન્ટાસીડઝ) દરદી ઉપર બિનઅસરકારક સાબિત થાય ત્યારે જેઠીમધથી સારો એવો ફાયદો થતો જણાય છે.

ગ્લિસરાઈઝિન કાઢી નાખ્યા પછી વધેલા ભાગ ( લિકોરિસ ડિગ્લિસરીજનેટેડ )માં પણ અનેક જાતની ઔષધીય શક્તિ હોવાનું જણાયું છે. એ પેપ્ટિક અલ્સર રૂઝવવા ઉપરાંત ચૂંક મટાડવામાં પણ મદદરૂપ થાય છે. આમાશય કે આંતરડામાં ગમે તે કારણથી આવતી ચૂંક એનાથી શમી જાય છે. અત્યાર સુધીમાં જેઠીમધના આમાશય અને આંતરડા ઉપર પ્રભાવ વિષે ૩૦ રિપોર્ટ પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, એનાથી આમાશયની ગ્રંથિઓમાંથી વહેતા લાયકોપ્રોટિન નામના રસનો સ્રાવ વધી જાય છે જે જીવકોષોની આવરદા વધારે છે અને નાના નાના ઘાને ઝડપભેર રૂઝવે છે.

હવે વિગતવાર સંશોધનોથી એ સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે, જેઠીમધ પેપ્ટિક અલ્સર અને નાના આંતરડાના શરૂઆતના ભાગના ડ્યુઓડનલ અલ્સરમાં ખૂબ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉપયોગી છે. હકીકતમાં આ બીજા પ્રકારની બીમારી અસાધ્ય અને જીવલેણ ગણાય છે. આંતરડામાં છિદ્રો પડવા (પરફોરેશન) અને સ્તિનોસિસ જેવા રોગો પણ એમાંથી જ ઉદ્ભવે છે. મેડિકલ ગેઝેટ (૧૧૩-૯, ૧૯૭૯)માં જણાવ્યા મુજબ પૂરેપૂરા તપાસેલા રોગીઓને જ્યારે જેઠીમધનું ચૂર્ણ આપવામાં આવ્યું ત્યારે ડ્યુઓડનલ અલ્સરના અપચો અને હાયપરએસિડિટી જેવાં લક્ષણો ઉપર મોટો ફાયદો જણાયો. ઉપરાંત બેરિયમ પરીક્ષણ પછી પાછળથી ખ્યાલ આવ્યો કે, બીજી કોઈ દવા ઘા રુઝાવવા માટે આટલી ઝડપી અસર કરી શકતી નથી.

**ગ્રહણ કરવા યોગ્ય અંગો :** મૂળ અને જમીન ઉપરનો પ્રકાંડ (થડ)નો ભાગ.

**માત્રા :** ૩થી ૬ ગ્રામ ચૂર્ણ દિવસમાં ૧, ૨ અથવા ૩ વાર ½ થી ૧ ગ્રામ સત્ત્વ દિવસમાં એકવાર.

**અનુપાત પ્રમાણે ઉપયોગ :** (૧) લોહીની ઊલટી થતી હોય ત્યારે ૧થી ૪ માશાના પ્રમાણમાં જેઠીમધનું ચૂર્ણ મધ અથવા દૂધ સાથે.

(૨) હેડકી આવતી હોય ત્યારે જેઠીમધનું ચૂર્ણ મધમાં મેળવીને નાકમાં ટીપાં નાખવા અને ૫ ગ્રામ જેટલું ચૂર્ણ મોં વાટે આપવું.

(૩) આમાશયના રોગોમાં જેઠીમધનું ચૂર્ણ કવાથ અને સ્વરસના રૂપમાં ૫થી ૧૦ મિ.લિ. દિવસમાં ત્રણવાર ગળું સૂકાતું હોય અથવા પેટમાં ચૂંક આવે ત્યારે પણ તે આપી શકાય. આમાશયનાં ચાંદાં માટે તે ખાસ ઉપયોગી છે. અમ્લપિત્ત અને હાયપર એસિડિટીને તે ત્વરિત શાંત કરે છે.

**બીજા ઉપયોગ :** માથાના દુખાવાને મટાડવા માટે, બુદ્ધિ વધારવા માટે, એનિમિયા (રક્તાલ્પતા), કફ, શ્વાસ (દમ) માટે અને લેરિઝાઈટિસ અને ટ્યુબરક્યુલોસિસમાં ફેફસાંના વિકારને દૂર કરવા માટે તેમજ તે પુષ્ટિદાયક હોવાને કારણે પૌષ્ટિક (ટૉનિક) તરીકે પણ વાપરવામાં આવે છે.

## તપમાં આળસ ન કરો

*તપથી બ્રહ્માએ આ સૃષ્ટિ રચી. સૂર્ય તપ્યો અને સંસારને તપાવવામાં સમર્થ બન્યો. તપના બળથી જ શેષનાગ પૃથ્વીનું વજન ઉઠાવે છે. શક્તિ અને વૈભવનો ઉદય તપથી જ થાય છે.*

*તપાવવાથી જ ધાતુઓનાં સાધનો-વાસણો બને છે-ઢળે છે, સોનાના દાગીના બને છે. કીમતી રસ, ભસ્મ વગેરે તપાવવાથી જ અમૃત જેવા ગુણો બતાવે છે.*

*તપસ્વી જ બળવાન, વિદ્વાન અને બુદ્ધિમાન બને છે. ઓજસ્, તેજસ્ અને વર્ચસ્ પ્રાપ્ત કરવા માટે તપશ્ચર્યાનો જ સહારો લેવો પડે છે.*

*વિલાસી, આળસુ અને કાયર મરે છે, પ્રતિભા ગુમાવી બેસે છે. પ્રમાણિક ન રહેવાને કારણે લક્ષ્મી તેને છોડીને ચાલી જાય છે. તે ગુલામની જેમ જીવે છે અને દીન-દુર્બળની જેમ હાસ્યાસ્પદ બને છે.*

*એટલા માટે તપસ્વી થવું જોઈએ. તપમાં આળસ ન રાખવી જોઈએ. તપસ્વીને રોકશો નહીં. તપસ્વીને ડરાવશો નહીં.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

### નારી જાગૃતિ વિભાગ

# આમૂલ પરિવર્તન માટે નેતૃત્વમાં ફેરફાર

પુરુષ અને સ્ત્રી બંનેને પોતપોતાની આગવી લાક્ષણિકતાઓ છે. પુરુષમાં પુરુષાર્થ, પરાક્રમ, મહેનત, હિંમત, શૂરાતન અને કઠોરતાનું પ્રમાણ વિશેષ છે. સ્ત્રીમાં સ્નેહ, કરુણા, સૌજન્ય, ચારિત્ર્ય, દૂરંદેશી અને સર્જનાત્મક અભિરુચિનું પ્રાધાન્ય હોય છે. એટલા માટે પુરુષને અગ્નિ અને સ્ત્રીને ચંદ્ર કહેવાયા છે. આ બંનેય તત્ત્વોનો આગવો મહિમા અને મહત્ત્વ છે. બંનેયની વિશેષતાઓની પોતપોતાના સમયે પોતપોતાની જગ્યાએ અને પોતપોતાની રીતે ઉપયોગિતા છે. બંનેના સમન્વયથી જ સમગ્ર પૂર્ણતાનો વિકાસ થાય છે.

જમાનાઓથી આર્થિક, સામાજિક અને રાજનૈતિક જીવન ઉપર પુરુષનું આધિપત્ય રહ્યું છે. આ બધા કામકાજ તેને જ સંભાળવા પડ્યા છે. તેથી આ ક્ષેત્રોમાં પ્રગતિ થઈ છે તેમાં પુરુષાર્થની સાથે સાથે કઠોરતા પણ સંકળાયેલી રહી છે. આવી કઠોરતા, સત્તાના મદ અને પ્રલોભનોને કારણે વધતાં વધતાં નિષ્ઠુરતા સુધી પહોંચી ગઈ છે. ઇતિહાસ સાક્ષી છે કે, એકલા પુરુષની મદાંધતાએ દરેક ક્ષેત્રમાં નિષ્ઠુરતાનું પ્રમાણ વધારી દીધું છે અને ક્યાંક ક્યાંક તો તેને દુષ્ટતા કહેવામાં જરાય અતિશયોક્તિ ન ગણાય એટલી હદે વધી ગયું છે.

સામાજિક ક્ષેત્રે જે પ્રથા પરંપરાઓ ચાલી આવે છે. તેની શરૂઆત પુરુષો દ્વારા થયેલી છે. બુદ્ધિએ ભલે ગમે તેટલી પ્રગતિ કરી હોય, વ્યવસ્થા ભલે ગમે તેટલી સંગીન બની હોય, પરંતુ તેમાં સહૃદયતા, કરુણા અને સૌજન્ય રહેવું જોઈએ અને જરૂરી હોય તેટલું પ્રમાણ રાખી શકાયું નથી. નાતજાતના અને ઊંચનીચના ભેદભાવવાળી વ્યવસ્થામાં નિષ્ઠુરતા અને દુષ્ટતાનું જ પ્રત્યક્ષ મિશ્રણ જોવા મળે છે. આવા રિવાજ પાછળ શક્તિશાળી વર્ગ દ્વારા લાચાર વર્ગને પગ તળે કચડતાં રહીને તેનું શોષણ કરવા સિવાય બીજું કયું કારણ હતું ? માણસમાત્ર ઈશ્વરનું સર્જન છે અને દરેકના લોહીમાંસ એકસરખા જ છે. ગુણ, કર્મ અને સ્વભાવમાં કોઈ ઓછું-વધારે હોઈ શકે છે, પરંતુ અમુક વંશ કે જાતિમાં પેદા થવાને કારણે જ કોઈને ઉચ્ચ અને કોઈકને નીચ માની લેવાય એ ચોખ્ખેચોખ્ખું વર્ગશોષણ છે. આવું શોષણ ધર્મના નામે જમાનાઓથી ચાલ્યું આવે છે.

સ્ત્રી સાથે પણ આવો જ અન્યાય થયો છે. માનવવંશનું સર્જન કરવાની તેની વધારાની વિશેષતાને કારણે તેને વધારે સગવડ અને ગૌરવ મળવાં જોઈતાં હતાં. પરંતુ થયું તેનાથી વિપરીત. પ્રજનનની અને બાળઉછેરની જવાબદારીઓને કારણે તે શારીરિક બળ અને અર્થોપાર્જનનાં ક્ષેત્રોમાં પાછળ પડી ગઈ. ત્યારે તેની એ મજબૂરીનો ગેરલાભ ઉઠાવાયો. સ્ત્રી માટે જુદા કાયદા અને પુરુષ માટે જુદા — આ તો ખરીદવાના અને વેચવાનાં કાટલાં-ત્રાજવાં અલગઅલગ રાખવા જેવો અન્યાય થયો. પ્રતિવ્રત ધર્મનો મહિમા ગાવામાં આવ્યો તે બરાબર, પરંતુ તેટલો જ ભાર પત્નીવ્રત ધર્મ ઉપર મુકાવો જોઈતો હતો. વિધવાવિવાહની માફક વિધુરવિવાહ ઉપર પણ પ્રતિબંધ લગાવવો જોઈતો હતો. સ્ત્રીઓની માફક પુરુષોને પણ પડદા કે ઘૂમટામાં રહેવાનો રિવાજ રાખવો જોઈતો હતો. બહુપત્નીપ્રથાની માફક જ બહુપતિપ્રથાને પણ માન્યતા મળવી જોઈતી હતી પરંતુ આવું થયું નથી. એક વર્ગને છૂટછાટ અને બીજા ઉપર બંધન. આ દેખીતી રીતે અનીતિ કહેવાય કે જેને પુરુષે પોતાના હાથમાં રહેલી સમાજવ્યવસ્થાનો ગેરલાભ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉઠાવીને સ્ત્રીનું શોષણ કરવા માટે બનાવી હતી.

સામાજિક કુરિવાજોનું તો પૂછવું જ શું ? આપણા સમાજનાં ખર્ચાળ લગ્નો દેશને નૈતિક અને આર્થિક રીતે પાંગળા બનાવી રહ્યાં છે અને પરિવારોને સળગતી આગમાં શેકાતા રહેવા માટે મજબૂર કરી રહ્યા છે. બાળવિવાહ, વૃદ્ધવિવાદ, શ્રાદ્ધભોજન, પશુઓનાં બલિદાન, માંસાહાર, નશાખોરી, વેશ્યાવૃત્તિ વગેરે અગણિત કુરિવાજોએ સમાજને નરક જેવો બનાવી દીધો છે.

આર્થિક ક્ષેત્રે અપ્રમાણિકતા, ભ્રષ્ટાચાર અને લાંચરુશવતની બોલબાલા છે. કરચોરી, છેતરપિંડી, જુગાર, સટ્ટો, લોટરી વગેરે હવે એક રીતે વ્યવસાય જેવા જ બની ગયા છે. રાજકીય ક્ષેત્રની હાલત તો એથીયે બદતર છે. વીતેલા સામંતી જમાનામાં ક્ષુલ્લક સ્વાર્થોને કારણે વારંવાર યુદ્ધો થતા રહેતા. તે જમાનામાં ખુલ્લી લૂંટફાટ અને ખૂનામરકીનું ચલણ હતું. લાચાર પ્રજામાંથી થોડાઘણા સ્ત્રીપુરુષોને પકડી જઈને તેમને ગુલામ બનાવીને પશુની માફક ખુલ્લા બજારમાં પશુઓની માફક ખરીદવા-વેચવામાં આવતા. વૈજ્ઞાનિક પ્રગતિને કારણે હવે યુદ્ધો વધારે ભયંકર બની ગયાં છે. આ સૈકામાં બે મહાયુદ્ધો ખેલાઈ ચૂક્યાં છે અને પ્રલય સમાન સર્વનાશી ત્રીજા વિશ્વયુદ્ધની તૈયારીઓ થઈ રહી છે. આ યુદ્ધોનું મૂળ કારણ એક સમૂહ કે દેશ દ્વારા બીજા દેશનાં હક-હિતો ખૂંચવી લેવાનું જ હોય છે. જો અનીતિ અને દૂષિત વિચારોનો ત્યાગ કરીએ તો આ સમગ્ર સંસારમાં અરસપરસ સ્નેહ અને સહૃદયતાનું જ વાતાવરણ ઉત્પન્ન કરી શકાય. એમ થશે તો શોષણ ફૂલેફાલે નહીં એટલે યુદ્ધની જરૂર જ પડવાનો અવકાશ રહેતો નથી.

વ્યક્તિગત ક્ષેત્રોમાં દુરાચાર, અપરાધ, છળકપટ, વિશ્વાસઘાત, વ્યસન, શોષણ, નિષ્ઠુરતા અને દુષ્ટતા એટલી હદે વકરી ગયા છે કે માણસના ખોળિયામાં ખૂની વરુઓ જ ચારે બાજુ ફરતાં દેખાય છે. ધર્મ અને અધ્યાત્મના નામે કરોળિયાના જાળા જેવી જંજાળો રચી દેવામાં આવી છે. તેનું મૂળ તત્ત્વ તો જાણે આ સંસારમાંથી સાવ ભૂંસાઈ જ ગયું છે.

આવા કપરા સંજોગો ઉત્પન્ન કરવાનો દોષ પુરુષને માથે છે. કારણ કે તે આ બધાં જ ક્ષેત્રોમાં એક-ચક્રી શાસન ભોગવતો આવ્યો છે. તેની સ્વભાવગત કઠોરતાનો ઉપયોગ ઉત્પાદનના વધારા અને ન્યાયના રક્ષણ માટે થવો જોઈતો હતો. એવાં પ્રયોજનો માટે જ તેને વિશેષતાઓની બક્ષિસ આપવામાં આવી હતી. સ્ત્રીમાં સૌજન્ય અને સદ્ભાવનાનું તેમજ કરુણા અને મદુતાનું પ્રમાણ વધારે હોવાને કારણે ઉપરના દરેક ક્ષેત્રના નીતિનિયમો નક્કી કરવાનું કામ સ્ત્રીને સોંપાવું જોઈતું હતું. સ્ત્રી જે કાંઈ વિચારે કે કરે તેમાં સ્નેહ અને સહૃદયતાનું પ્રાધાન્ય ચોક્કસ હોવાનું જ. જો વીતેલા જમાનામાં સામાજિક, રાજનૈતિક, આર્થિક અને બૌદ્ધિક ક્ષેત્રો ઉપર સ્ત્રીના અધિકાર અને નેતૃત્વ રહ્યાં હોત તો સર્વત્ર ન્યાય અને નીતિની પ્રધાનતા જ ચોક્કસ જણાતી હોત. સદંતર અન્યાય આચરવાનું તો દુષ્ટતા માટે જ શક્ય છે. નેતૃત્વકળાના જાણકારો જાણે છે કે, સ્ત્રીમાં ક્રૂરતા અને નિષ્ઠુરતાનું પ્રમાણ નહીંવત્ હોય છે. તેના સ્વભાવમાં કરુણા અને મમતાનાં તત્ત્વો જ વધારે રહેલાં છે. જો તેને નેતૃત્વ કરવાની તક આપવામાં આવી હોત તો સદ્ભાવ અને સૌજન્યથી ભરપૂર રીતભાત અને પરંપરાઓ ચલણમાં આવી હોત.

હવે ભૂલને સુધારી લેવાનો અને આગેવાની બદલવાનો સમય આવી ચૂક્યો છે. આખોય સમાજ ઘાયલોથી ભરેલી હૉસ્પિટલ જેવો બની ગયો છે. હવે તેમાં કણસતા અને ચિચિયારીઓ પાડતા પીડિતોના માથા ઉપર સ્નેહ અને સહાનુભૂતિભર્યો હાથ મૂકીને તેને સાંત્વના આપી શકે તેવી સહૃદય નર્સોની જરૂર છે. પુરુષોના નેતૃત્વનો આખોય ઇતિહાસ વિકારો અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિકૃતિઓથી ખદબદે છે. એક રીતે જોતાં તે દુનિયાની યોગ્ય વ્યવસ્થા જાળવી રાખવામાં નિષ્ફળ ગયો છે. પરિસ્થિતિને બદલવા માટે હવે આગેવાનીમાં ફેરફાર કરવો જોઈએ. સુકાન બીજા હાથોમાં સોંપાવું જોઈએ. પ્રશાસનતંત્રમાં નિષ્ફળ અધિકારીઓને બદલીને તેની જગ્યાએ યોગ્ય અધિકારીઓ નીમવામાં આવે છે. નિષ્ફળ અમલદારે નિવૃત્ત થઈ જવું જોઈએ. તેણે લાંબા અરસા સુધી શાસન ચલાવ્યું. હવે બીજા પક્ષને અવસર આપવો જોઈએ. સ્ત્રીને આગળ આવવાની તક આપવા માટે તેણે ભલાઈ અને બહાદૂરીપૂર્વક પીછેહઠ કરવી જોઈએ. સત્તા અને કારભારનાં સૂત્રો સ્ત્રીના હાથમાં સોંપી દેવા જોઈએ. અત્યારની વિકૃતિઓ મુશ્કેલીઓ અને અવ્યવસ્થાઓનો અંત આણવાનું એ સિવાય શક્ય નથી.

યુગપરિવર્તન માટે હવે આગેવાનીમાં ફેરફાર કરવો જરૂરી છે. પુરુષની આગેવાનીની કસોટી થઈ ચૂકી. આજે દરેક ક્ષેત્રમાં જે અંધાધૂધી ફેલાયેલી છે તેમાં તેનું નેતૃત્વ જ જવાબદાર છે. એટલા માટે તેને નિષ્ફળ જ કહી શકાય. લોકશાહી શાસનવ્યવસ્થાનો નિયમ છે કે, જે કાર્યમાં કોઈ મોટી અવ્યવસ્થા જણાઈ આવે, તેના પ્રધાને રાજીનામું આપી સરકારમાંથી છૂટા થવું પડે છે અને પોતાની ભૂલના સ્વરૂપમાં એ આપત્તિનો દોષ સ્વીકારી લેવો પડે છે. હાલની વ્યાપક અરાજકતા માટે પુરુષનું નેતૃત્વ જવાબદાર છે. તેણે પાછા હટી જવું જોઈએ અને સહૃદયતા અને સ્નેહના આધારે નવેસરથી નીતિનિયમો અને વ્યવસ્થા-સંચાલન નક્કી કરવાની તક સ્ત્રીને આપવી જોઈએ. વિશ્વશક્તિની દૃષ્ટિએ આવું પરિવર્તન નિતાંત જરૂરી છે.

## પ્રાર્થના કરો, યાચના નહીં

*ભગવાનની પ્રાર્થના કરો. માગણી નહીં. તમારી સ્થિતિ એવી નથી કે અછત અને કમજોરીને કારણે કોઈનું મોં જોવું પડે અને યાચના કરવા હાથ ફેલાવવો પડે.*

*પ્રાર્થના કરો કે તમારું સૂતેલું આત્મબળ જાગૃત થવા માંડે. પ્રકાશનો દીપક જે હાજર છે તે માત્ર ટમટમે જ નહીં, પરંતુ રસ્તો બતાવવાની સ્થિતિમાં રહે. મારું આત્મબળ મને દગો ન દે. સમગ્રતામાં ન્યૂનતાનો ભ્રમ થવા ન દે.*

*જ્યારે પરીક્ષા લેવા અને શક્તિ નિખારવા માટે મુશ્કેલીઓનાં ટોળાં આવે ત્યારે મારી હિંમત જળવાઈ રહે અને ઝઝૂમવાનો ઉત્સાહ પણ. એવું લાગ્યા કરે કે આ ખરાબ દિવસો સારા દિવસોની પૂર્વ સૂચના આપવા માટે આવ્યા છે.*

*પ્રાર્થના કરો કે અમે હતાશ ન બનીએ. લડવાની તાકાતને પથ્થર પર ઘસીને ધારદાર બનાવતા રહીએ. યોદ્ધા બનવાની પ્રાર્થના કરવાની છે. ભિક્ષુક બનવાની માગણી નહીં. જ્યારે આપણું ભિક્ષુક મન કાલાવાલા આજીજી કરે તો એને ધુત્કારી દેવાની પ્રાર્થના પણ ઈશ્વરને કરતા રહીએ.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કુરિવાજ નાબુદી વિભાગ

## ફિલ્મોથી આપણી સંસ્કૃતિ અને નીતિમત્તાનો નાશ

આજના વિજ્ઞાનયુગમાં સિનેમાને જેટલી લોકપ્રિયતા અને સફળતા મળી છે, તેટલી ભાગ્યે જ બીજા કોઈ વ્યવસાયને મળી હશે. તેની સાથે એ પણ એટલું જ સાચું છે કે સમાજ ઉપર જેટલો કુપ્રભાવ સિનેમાનો પડ્યો છે તેટલો ભાગ્યે જ બીજી કોઈ વસ્તુનો પડ્યો હશે. સમાજમાં આજે અનીતિ, અંધાધૂંધી, ઉદ્દંડતા, અશિસ્ત, વ્યભિચાર, ચોરી, હત્યા, લૂંટફાટ, ફેશન વગેરેનું વર્ચસ્વ છવાયેલું જોવા મળે છે, તે સિનેમાને કારણે જ છે, એમ કહી શકાય. હાલના સમાજમાં જેટલી પણ બદીઓ ફૂલેફાલે છે તેની મોટા ભાગની જવાબદારી આજકાલની ગંદી ફિલ્મોની છે. મોટા ભાગના લોકો ચોરી કરવાની નવીનવી રીતો, લૂંટફાટની કળા, દારૂ વગેરે વ્યસનોનો ઉપયોગ, બેશરમી અને ગેરશિસ્ત વગેરે બાબતો ફિલ્મોમાંથી જ શીખે છે અને જીવનમાં તેનો ઉપયોગ કરવા લાગે છે. શહેરમાં ગુંડાગારી અને વ્યભિચાર વગેરેનું જે આધિપત્ય જોવા મળે છે તે પણ મહદંશે ફિલ્મોની જ દેન છે.

જે લોકો ફિલ્મોને મનોરંજન અને તાજગી મેળવવાનું એક માધ્યમમાત્ર સમજતા હોય, તેઓ ખોટા ભ્રમમાં રાચે છે. જેનો આપણા દેશના કુમળા બાળકો અને તરુણો ઉપર આટલો ઊંડો પ્રભાવ પડતો હોય તેને માત્ર મનોરંજન અને દિલ બહેલાવવાનું માધ્યમ માની લેવું એ મોટામાં મોટી ભૂલ છે. મનોરંજન થોડા સમય પૂરતું જ હોય અને ત્યારબાદ એને ભુલાવી દેવાનું હોય છે. પરંતુ જ્યારે કોઈ કાર્ય જીવન ઉપર ઊંડી અસર પાડનારું બની જાય છે ત્યારે તે મનોરંજન મટીને એક 'સંસ્કાર'નું રૂપ ધારણ કરી લે છે. આજે ફિલ્મો મનોરંજનનું માધ્યમ મટીને જીવન ઉપર કુસંસ્કાર પાડવાનું ભયંકર કામ કરવાનું માધ્યમ બની ગઈ છે. અનુભવ તો એવો છે કે, સારું શિક્ષણ અને સારા સંસ્કાર પોતાના પુત્ર કે છાત્રને આપવા માબાપ કે શિક્ષક માટે ખૂબ મુશ્કેલ પડે છે, પરંતુ ફિલ્મોની રંગબેરંગી વિલાસી દુનિયા એ બાળકોને અનીતિના સંસ્કાર ઝડપભેર અને કાયમીરૂપે આપી દેતી હોય છે.

આપણે એવા વિકૃત મનોરંજનનો સંપૂર્ણ બહિષ્કાર કરવો જોઈએ, જેમાં અનીતિ અને વાસના ભડકાવવાનો ભરપૂર સરંજામ હોય છે. ફિલ્મોએ આપણી ભારતીય સંસ્કૃતિની આદર્શ પરંપરાઓને છિન્નભિન્ન કરીને સમાજમાં અનીતિનો ફેલાવો કર્યો છે. આજે બાળકો, યુવાનો અને વૃદ્ધો સુધ્ધાં ફિલ્મોના શોખીન થતા જાય છે. વિદ્યાર્થીઓ તો એના રંગમાં વધુ પડતા રંગાઈ ગયા છે. તેમણે તો ફિલ્મી કલાકારોને દેવીદેવતાઓના સ્થાન અને દરજ્જો આપી રાખ્યો છે. પહેલાં લોકો પોતાના ઘરની શોભા વધારવા સજાવટ તરીકે દેવીદેવતાઓનાં ચિત્રો દીવાલ ઉપર લટકાવતા હતા - પરંતુ હવે એનું સ્થાન નટનટીઓના ફોટાઓએ લઈ લીધું છે. આજકાલના વિદ્યાર્થીને કોઈ સિને કલાકારની જિંદગી વિષે પૂછો તો તેઓ તેમને ફટાફટ એટલી માહિતી આપવા માંડશે કે તમે સાંભળીને છક થઈ જશો. તેમને દેશવિદેશની સામાજિક, આર્થિક અને રાજકીય ઘટનાઓની જાણકારી નામમાત્ર પૂરતી કે માંડ હશે, પણ ફિલ્મી કલાકારો વિષે તેઓ ખૂબ જ્ઞાન ધરાવતા હોય છે.

આજના યુવક-યુવતીઓ રૂપેરી પડદા ઉપર જાતજાતના રંગબેરંગી પ્રસંગો અને ચરિત્રો જોઈને પોતાને એને અનુસાર ઢાળવાના પ્રયત્નો કરતા હોય


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. જેટલા નવા પહેરવેશ અને ફેશન નીકળે છે તે બધાનું મૂળ ફિલ્મી કલાકારો હોય છે. ઘણાખરા લોકો તો તેને આદર્શ માની લઈને તેમનું આંધળું અનુકરણ કરવા લાગે છે. 'દિલીપ કટ', 'રાજકટ' અને 'સાધના કટ' તો, ભાગ્યે જ કોઈ વિદ્યાર્થી એના પ્રભાવથી બચ્યો હશે, એટલી હદે પ્રચલિત છે. રૂપ ભલે સીસમના થડ જેવું હોય છતાં પણ છોકરી સાધના કટ કહેવડાવવાની ઇચ્છા ચોક્કસ રાખશે. પતિને સાધના અને તનુજા કટ પત્ની ગમશે અને પત્નીને ચાંદના ટુકડા જેવો રૂપાળો પતિ ગમશે.

જેને આપણા દેશના કર્ણધારો દેશના સાંસ્કૃતિક જીવનનો શણગાર બનાવવા ઇચ્છે છે. એ ફિલ્મઉદ્યોગ આપણી રુચિ અને પસંદગીમાં કેટલી અરાજકતા ફેલાવી રહ્યો છે એનો અણસાર ઉપરની વાતો ઉપરથી આવી જાય છે. જો આવીને આવી હાલત ચાલુ રહેશે તો ભવિષ્યની ઉદ્દંડતા, સમાજવિરોધી અરાજકતા અને કુરુચિપૂર્ણ ફેશનની ઘેલછા આપણા યુવક-યુવતીઓને કેવી ઊંડી ખીણમાં ધકેલી મૂકશે એની કલ્પનામાત્રથી જ હૈયું હચમચી ઊઠે છે.

અમને એ યુવક-યુવતીઓની સાથે સાથે કુમળા અબુધ બાળકોને ફિલ્મો જોવા પોતાની સાથે લઈ જઈને તેમનામાં ફિલ્મોનું ઝેરી વ્યસન ઉત્પન્ન કરે છે અને તેમનું જીવન બરબાદ કરવામાં મદદરૂપ થાય છે, એવા માબાપોની પણ દયા આવે છે. વિનાશની આ ભયંકર આગમાં પોતાનાં કુમળા પ્યારા સંતાનોને હસતે મોઢે હોમી દેનારા આ માતાપિતાઓને આપણે કેવા કહીશું ?

સિદ્ધાંતની દષ્ટિએ સિનેમા વિજ્ઞાન સામે કોઈને વિરોધ નથી. વિરોધ તેમાં ફેલાયેલી વિકૃતિઓ-બદીઓ સામે છે. ફિલ્મો ચોક્કસપણે લોકશિક્ષણનું અને જનજાગૃતિનું એક સશક્ત માધ્યમ બની શકે એમ છે. કારણ કે જનતા પર સારા સંસ્કારોની છાપ પાડવાનું કાર્ય એના વડે થઈ શકે એટલું બીજા કોઈ માધ્યમથી ભાગ્યે જ થઈ શકે. પરંતુ એને માટે આદર્શ ફિલ્મોનું નિર્માણ થવું જોઈએ. પહેલાં ઘણીખરી ફિલ્મો એવી જ સુરુચિપૂર્ણ બનતી હતી. પરંતુ હવે એવી ગુણવત્તા ધરાવતી ફિલ્મો જવલ્લે જ બને છે. ફિલ્મ નિર્માતાઓએ ધનની લાલચે જનતાની હલકી ભાવનાઓને ભડકાવીને તેમને ખરાબ રસ્તે દોરી જવાનું ઘોર પાપકર્મ શરૂ કર્યું છે. એ પાપ આપણી આવનારી પેઢીઓને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ બિલકુલ નમાલું-પાંગળું બનાવી રહ્યું છે. હવે તો પશ્ચિમી દેશોની અસરમાં આવીને ફિલ્મનિર્માતાઓએ સિનેમાના પડદે અર્ધનગ્ન નૃત્યો તેમજ અંગપ્રદર્શનનાં ગંદા દૃશ્યો બતાવવાનું પણ શરૂ કરી દીધું છે. આ બધી બાબતોને કારણે ફિલ્મોમાં કશુંક સારું હોય તે પણ દબાઈ જાય છે અને તેને જોનારાં બાળકો અને યુવાનોના કુમળા માનસ પર મલિન સંસ્કારો જામવા માંડે છે. એને માટે તેમને એવી ફિલ્મો જોવા લઈ જનારા કે મોકલનારા માબાપ જ સાચા જવાબદાર છે.

આમ તો ફિલ્મો ઉપર નિયંત્રણ રાખવા માટે સરકાર દ્વારા એક સેન્સરબોર્ડ નીમવામાં આવ્યું છે. પરંતુ એ બોર્ડના સભ્યો પણ ભારતીય સંસ્કૃતિ, સદાચાર અને નીતિમત્તાના હિમાયતી હોય એવું લાગતું નથી. ત્યારે જ તો આજકાલ ગંદાં ગીતો, ગંદી મજાકો અને અશ્લીલ પ્રેમપ્રસંગો દર્શાવતી ફિલ્મો પણ બેધડક પ્રમાણિત થતી જાય છે. ધાર્મિક ફિલ્મોમાં પણ અશ્લીલ અને વાસના ભડકાવનારાં દૃશ્યો હોય છે. એ તો ઊલટાનું વધારે દુઃખ અને સંતાપનો વિષય છે. જ્યાં સુધી ફિલ્મોમાં આવી કહેવાતી 'કુમારી'ઓનો અભિનય હશે ત્યાં સુધી તે ધાર્મિક હોવા છતાંય પ્રેક્ષકોના મન ઉપર કોઈ સારા સંસ્કાર નહીં પાડી શકે. ઊલટાની એવી ફિલ્મો પણ મનમાં સ્વાભાવિક વિકારો ઉત્પન્ન કરે છે. ખરેખર તો ફિલ્મો આપણા મન ઉપર સારા સંસ્કારો પાડે, આપણી ભાવનાઓ ઉદાત્ત બનાવે અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમાજની બદીઓ અને કુરિવાજો દૂર કરે એવી હોવી જોઈએ. એને માટે સેન્સર બોર્ડમાં ઊંચું ચરિત્ર ધરાવતી વ્યક્તિઓની નિમણૂક થવી જરૂરી છે. ગંદી ફિલ્મો માટે સેન્સર બોર્ડ અને વિકલ્પે આપણી સરકાર જ જવાબદાર છે. સમાજમાં ચારિત્ર્ય, નીતિમત્તા, પુરુષાર્થ વગેરેની વૃદ્ધિ કરવા માટે એવા આદર્શોથી રંગાયેલી હોય તેવી અને સાથેસાથે સ્વચ્છ મનોરંજનથી ભરપૂર હોય એવી ફિલ્મોનું નિર્માણ થવું જોઈએ.

ગંદી, અનૈતિક અને અશ્લીલ ફિલ્મોનો સંપૂર્ણ બહિષ્કાર કરીને પોતાના તન, મન અને ધનને બરબાદ થતા અટકાવવા એ પ્રેક્ષકોની પણ ફરજ થઈ પડે છે.

• • •

## વિચારોની સર્જનાત્મક શક્તિ

*સર્જનહારે જન્મ સમયે તમને એક પારસમણિ આપેલ છે અને તે એવો છે કે જેને આજીવન ઝૂંટવાઈ જવાનો કે ખોવાઈ જવાનો ભય નથી.*

*આ પારસમણિનું નામ છે – વિચારણા. જે મસ્તકની કીમતી પેટીમાં એવી રીતે સુરક્ષિત રહે છે કે જ્યાં કોઈ ચોર પહોંચી શકતો નથી. એની હયાતીમાં તમને કોઈ પણ જાતની હારનું સંકટ આવવાનું શક્ય નથી કે આશંકા પણ નથી.*

*વિચારોને નકામું મનોરંજન સમજવામાં આવે છે, પરંતુ વાસ્તવિક રીતે તેની સર્જનાત્મક શક્તિ અનંત છે. એ એક પ્રકારનું ચુંબક છે, જે પોતાને અનુરૂપ પરિસ્થિતિઓને ગમે ત્યાંથી ખેંચી લાવે છે. સાધન કોઈને ભેટમાં નથી મળ્યાં અને કદાચ મળ્યાં હોય તો ટકે પણ નહીં. આપણું પેટ જ ખોરાક પચાવે છે અને જીવિત રહેવા યોગ્ય રસ–રક્તનું ઉત્પાદન પણ કરે છે. બરાબર એવી જ રીતે વિચારપ્રવાહ જ વ્યક્તિનો સ્તર નિર્માણ કરે છે. ક્ષમતાઓ એના જ આધારે ઉત્પન્ન થાય છે. પરાક્રમના પ્રવાહને દિશાધારા એની વડે જ મળે છે.*

*વિચારણા દ્વારા વિનિર્મિત વ્યક્તિત્વ અને પરાક્રમ એ અવસર પ્રદાન કરે છે કે જેવું વિચાર્યું હોય અને ઇચ્છ્યું હોય. વિચારોની સર્જનાત્મક ક્ષમતા સમજવી અને તેને સાચી દિશામાં ગતિશીલ કરવી એ જ એ સૌભાગ્ય છે કે જેને ઉપલબ્ધ પારસમણિ પ્રાપ્ત કરાવી રહે છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## સદાચાર સંવર્ધન - દુરાચાર નાબુદી વિભાગ

# નીતિ અને અનીતિની કમાણી વચ્ચે તફાવત

પ્રાચીનકાળની વાત છે. ત્યારે પ્રજા મોટેભાગે ધર્મપરાયણ હતી. તેમ છતાંય થોડાઘણા પ્રમાણમાં અધાર્મિક તત્ત્વો હતાં ખરાં. મોટાભાગના લોકો ત્યાગી, સેવાપરાયણ અને પ્રભુભક્ત સાધુપુરુષો પાસેથી સદુપદેશ અને સારું જ્ઞાન મેળવનારા હતા.

એક સંત હતા. તેઓ પ્રજાને ધર્મનો ઉપદેશ આપતા હતા. પરંતુ તેઓ શાસ્ત્રમાંથી એવું શીખ્યાં હતાં કે, જ્ઞાનનું દાન કશું પણ લેવાની આશા કે લાભ વગર જ કરવું જોઈએ, નહીંતર એનું મહત્ત્વ જળવાતું નથી. એટલા માટે એ સંત ટોપીઓ સીવીને અને વેચીને પોતાનું ગુજરાત ચલાવતા હતા, તેમને રોજિંદા ખર્ચ પછી પણ એક પૈસાની બચત થતી હતી, જે તેઓ દાન કરી દેતા.

તે નગરના એક પ્રખ્યાત શેઠજી પણ સંતના પ્રવચનો સાંભળતાં અને તેમની જીવનશૈલીને બારીકાઈથી જોતા હતા. તેમણે જોયું કે સંત રોજ એક પૈસાનું દાન આપે છે.

તેમને પણ દાન કરવાની પ્રેરણા થઈ અને તેમણે પણ ધર્માદા ખાતે રોજ અમુક ચોક્કસ ધન ફાળવવાનું શરૂ કરી દીધું.

જ્યારે પાંચસો રૂપિયા જેટલી રકમ એકઠી થઈ ત્યારે તેઓ સંત પાસે જઈને બોલ્યા, ''મેં ધર્માદા ખાતે આ પાંચસો રૂપિયા ફાળવ્યા છે. એનું શું કરું ?''

સંતે સાહજિક રીતે કહ્યું, ''તમે જેને દીન કે દુ:ખી સમજતા હો તેને દાનમાં આપી દો.''

શેઠજી ત્યાંથી ચાલ્યા ગયા. રસ્તામાં તેમણે એક દૂબળા-પાતળા અને ભૂખ્યા માણસને જતો જોયો. તેમણે તેને એકસો રૂપિયા આપીને કહ્યું, ''સૂરદાસજી, તમે આ રૂપિયામાંથી ભોજન, કપડાં તેમજ બીજી વસ્તુઓ ખરીદી લેજો.''

આંધળો આશીર્વાદ આપીને જતો રહ્યો. શેઠને કોણ જાણે શું સૂઝ્યું કે તે તેમની પાછળ પાછળ ગયા. તેમણે જોયું કે પેલા આંધળાએ તે રૂપિયામાંથી ખૂબ માંસ ખરીદીને ખાધું, ખૂબ દારૂ પીધો અને જુગાર-ખાનામાં જઈને બાકીના પૈસા દાવ ઉપર લગાડી દીધા. નશાને કારણે તે બધું હારી ગયો. તેથી જુગારના અડ્ડાવાળાએ તેને ધક્કા મારીને બહાર કાઢી મૂક્યો.

શેઠને ખૂબ ખેદ થયો. તેણે સંતની પાસે જઈને સઘળી વીતકકથા કહી અને ખૂબ દુ:ખી થયા. સંતે તેમને પોતાની બચતનો એક પૈસો આપીને કહ્યું, ''આજે આ પૈસો કોઈ જરૂરતમંદ માણસને આપી દેજો અને આવતીકાલે તમારી વાતનો જવાબ લઈ જજો.''

શેઠજીએ આગળ જઈને એક ગરીબ ભીખારીને પેલો પૈસો આપી દીધો અને પછી છુપાઈને તેની પાછળ ચાલવા લાગ્યા. પેલો માણસ થોડો દૂર થયો. તેણે પોતાની ઝોળીમાંથી એક મરેલી ચકલી કાઢીને ફેંકી દીધી. એક પૈસાના ચણા ખરીદ્યા અને એ ખાઈને ખુશ થતો આગળ જતો રહ્યો.

તેણે આવું શા માટે કર્યું – એમ જ્યારે શેઠજીએ પૂછ્યું ત્યારે તે બોલ્યો, ''હું કેટલાય દિવસનો ભૂખ્યો હતો. કશુંય ના મળ્યું એટલે આ ચકલી મારી લાવ્યો હતો કે તેને શેકીને ખાઈ લેત. પરંતુ તમે એક પૈસો આપ્યો તેથી પેટ પૂરતું અન્ન મળી ગયા પછી નાહક જીવહત્યા શું કામ કરવી ? થોડુંક અન્ન મળ્યું એ સંતોષની વાત નથી ?''

શેઠજીએ આ આખી ઘટના પણ સંતને સંભળાવી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને બંને ઘટનાઓનો ભેદ પૂછ્યો.

સંત બોલ્યા, "વત્સ, મહત્તા માત્ર દાનની નથી હોતી. આપણે જે ધન દાન કરીએ તે કયા માર્ગેથી આવ્યું છે એ ભાવના પણ તેની સાથે સંકળાયેલી છે. તમારા વગરમહેનતે અનીતિપૂર્વક કમાયેલા પૈસામાંથી પેલા મેળવનારાએ સો રૂપિયા પણ અનીતિનાં કાર્યો પાછળ ખર્ચી નાખ્યાં. એટલે તમને પણ એના જેવું જ પાપ લાગશે. જ્યારે મારો એક પૈસો મહેનતની કમાણીનો હતો. તેથી તેને મેળવનારાએ તેનો સદ્વ્યય કર્યો."

શેઠજી સત્ય સમજી ગયા. એ દિવસથી તેમણે પોતાનો વેપારધંધો પૂરેપૂરી પ્રામાણિકતાથી કરવાનું શરૂ કરી દીધું.

• • •

## આત્મદેવને સાધીએ

*પરોક્ષ દેવતા અગણિત છે અને એમની સાધના ઉપાસનાનું માહાત્મ્ય તેમજ વિધિ પણ ઘણી બધી છે, પરંતુ એટલાથીય એ નક્કી નહીં કે તેઓ કૃપા કરશે જ—ઈચ્છિત વરદાન આપશે જ. નિરાશા પ્રાપ્ત થાય એમ પણ બને. માન્યતાને આઘાત પહોંચે અને મહેનત નિરર્થક ચાલી જાય પણ ખરી.*

*આ બુદ્ધિવાદી યુગમાં દેવમાન્યતાની બાબતમાં શંકા પણ પ્રકટ કરવામાં આવે છે. ત્યાં સુધી કે અવિશ્વાસ અને મશ્કરી ભરેલી ચર્ચાઓ પણ થતી રહે છે. આવી દશામાં આપણે સાર્વજનિક એવા દેવતાનો આશ્રય લેવો જોઈએ કે જે સાંપ્રદાયિક અંધવિશ્વાસોથી પર હોય અને વરદાનની બાબતમાં શંકા કરવામાં ન આવે.*

*આવા એક દેવતા છે અને તે છે-આત્મદેવ. પોતાની સુસંસ્કૃત અસ્મિતા અને પરિષ્કૃત વ્યક્તિત્વ. એમનો આશ્રય લેવાથી કોઈ અભાવગ્રસ્ત, નિરાશ કે તિરસ્કૃત રહેતું નથી.*

*બીજા બધા દેવતાઓને પ્રસન્ન કરવા માટે કષ્ટકારક સાધના કરવી પડે છે. આત્મદેવની સત્તા દરેકની અંદર સમાનરૂપથી રહેતી હોવા છતાં તેને ઉત્કૃષ્ટ બનાવવા માટે હંમેશાં અભ્યાસની આવશ્યકતા રહે છે. પોતાનાં ચિંતન, ચરિત્ર અને વ્યવહારને ઊંચા સ્તરનાં બનાવવા માટે આત્મવિકાસનો આશરો લેવો પડે છે. આ છે સુનિશ્ચિત ફળદાયી આત્મદેવની સાધના.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લગ્નોત્સવ ઘેલછાનો વિરોધ વિભાગ

# દહેજપ્રથા અવિવેકી, અનિચ્છનીય અને અવિવેકી છે

લગ્ન સમયે નડતી દહેજપ્રથા એ દેશના આર્થિક, સામાજિક અને કૌટુંબિક જીવન માટે શાપ સમાન છે. દરેક ક્ષેત્રના દરેક વર્ગ ઉપર તેનો પ્રભાવ પડે છે અને તેનાથી વ્યક્તિગત અને સામાજિક જીવન દરેક રીતે બરબાદ થાય છે. આ કરુણાંતિકાને મોટાભાગના સામાન્ય માણસો જાણતા-ઓળખતા નથી એને બુદ્ધિજીવીઓની ભૂલ ગણાય. જો સામાન્ય માણસોને એ કુરિવાજના માઠાં પરિણામોનો ખ્યાલ અપાયો હોત તો અત્યાર સુધીમાં તેને નાબૂદ કરવાના પગલાં લેવાયાં હોત અને એમાંથી બચવાનો કોઈ અસરકારક માર્ગ નીકળી આવ્યો હોત.

છોકરાના પક્ષના લોકો દ્વારા માંગેલી રકમ મળ્યા પછી જ વધૂનો સ્વીકાર થાય અને તેમની ઇચ્છા પ્રમાણે જાન-ફૂલેકાની દબદબાભરી આગતાસ્વાગતા માટે છોકરીના પક્ષ ઉપર દબાણ કરવામાં આવે એનું નામ દહેજ છે. કેટલાક અસભ્ય લોકો તો ખુલ્લા મોંઢે ભાવતાલ કરે છે જ્યારે કેટલાક દંભી લોકો મોંઢેથી આનાકાની કરતા જાય છે, મીઠી મીઠી વાતો કરતા જાય છે અને પરદા પાછળ રહેલા વડીલો દ્વારા સોદા કરાવતા હોય છે. ભાવતાલમાં હરીફાઈ અથવા પોતાના ઊંચા ભાવ દેખાતા રહે એટલા માટે સ્પષ્ટ ના પણ પાડી દેતા નથી. બહાનાઓ બતાવીને વાત ટાળતા જાય છે. એમ કરતાં કરતાં જ્યાંથી વધુ ભાવ મળે ત્યાં સંબંધ પાકો કરી દે છે. દરેક કન્યાપક્ષ ઉપર આવું વીતે છે અને તે વારંવાર ધક્કા ખાધે રાખે છે. પણ તેને સફળતા મળશે કે નહીં એનું અનુમાન બાંધી શકતા નથી. આવા ઝાંઝવા પાછળની દોડમાંને દોડમાં છોકરી મોટી થઈ જાય છે ત્યારે તેનાથી મોટી ઉંમરનો કુંવારો છોકરો શોધવાની એક વધારાની મુશ્કેલી ઊભી થાય છે. છોકરાવાળાની માગણી ના સંતોષાવાને કારણે અને ઉંમર વધી જવાને કારણે ઘણી છોકરીઓને અવિવાહિત જીવન જીવવાની ફરજ પડે છે. આજે એક નહીં પણ અનેક ઘરની હાલત આવી દયાજનક છે. જે લોકો દહેજની વ્યવસ્થા કરી પણ લે છે, તેમનું આર્થિક રીતે દેવાળું ફૂંકાય છે કાં તો દેવું કરવું પડે છે અથવા ગેરમાર્ગે પૈસા કમાવા પડે છે. ઘણાખરા લોકોને બાળકોના ભણતર, સારવાર, ખાધાખોરાકી, રહેઠાણ અને કપડાંલત્તાના વાજબી અને જરૂરી ખર્ચા ઉપર કાપ મૂકીને દહેજ એકઠું કરવું પડે છે. પરિણામે કુટુંબના વિકાસમાં મોટો અવરોધ ઊભો થાય છે અને પછાત (ઉતરતી) કક્ષાનું જીવન જીવવા માટે મજબૂર થવું પડે છે. આવી કરકસર અને કાપકૂપમાં કુટુંબની પ્રગતિ અને આનંદપ્રમોદનાં દ્વાર હંમેશ માટે બંધ થઈ જાય છે.

આજે સમાજના બધા વર્ગો આ કુરિવાજ અને ખોટી પરંપરાના ભાર હેઠળ દબાયેલા છે. એમાં સ્ત્રીની હાલત વધારે કફોડી હોય છે. છોકરી જન્મે ત્યારથી વડીલો તેને 'સાપનો ભારો' સમજે છે અને કમનસીબીની માફક તેનો સ્વીકાર કરે છે. તે અણમાનીતા સંતાન તરીકે ઉછરે છે એટલે પોતાના વડીલોના સાચા સ્નેહથી પણ વંચિત રહી જાય છે. દરેક બાબતમાં તે છોકરા કરતાં ઉતરતી હોય એવું વર્તન તેણે સહન કરવું પડે છે. તેનું સ્વાભિમાન વારંવાર ઘવાતું રહે છે. તેથી તેના મનમાં લઘુતાગ્રંથિ ઘર કરી જાય છે. એટલે પુખ્ત થયા બાદ પણ તે ડરપોક અને માનસિક રીતે પછાત જ રહી જાય છે. તેને માટે કોઈ હિંમતભર્યો વિચાર કરવાનું કે કાર્ય કરવાનું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અશક્ય બની રહે છે. પોતાની ઉપેક્ષા થતી હોવાનો, પોતે અણગમતી હોવાનો અને પોતાનું વ્યક્તિત્વ ઉતરતું હોવાનો આભાસ તેને વારંવાર થતો રહે છે. તેથી તેને નિરાશ અને હતાશ મનોદશામાં જીવન વિતાવવું પડે છે. આશા અને ઉત્સાહના પ્રસંગોએ પણ તે ઉલ્લાસ કે સ્ફૂર્તિનો અનુભવ કરી શકતી નથી. આપણા દેશની મોટાભાગની છોકરીઓની માનસિક હાલત આવી જ છે.

તે જ્યારે પરણવાલાયક થાય છે ત્યારે તેને જાતજાતના માનસિક આઘાતો સહેવા પડે છે. વડીલોની દોડધામ, છોકરાવાળાની આનાકાની, દહેજની માંગણી અને એની જોગવાઈના અભાવે ઘરનું ગમગીન વાતાવરણ – આ બધામાં ઘેરાયેલા દુઃખી કુટુંબને જોઈને એવા દુઃખનું કારણ એ પોતે છે એમ સમજે છે ત્યારે તે મનોમન ખૂબ દુઃખી થાય છે. પણ લોકલાજની મારી તે કાંઈ પણ કહી કે કરી શકતી નથી અને સોસવાયા કરે છે. છોકરાવાળા તેને જોવા આવે છે અને રૂપરંગ કે વ્યક્તિત્વમાં છોકરાની સમકક્ષ ના જણાવાથી નનૈયો ભણીને વિદાય થાય છે. પુખ્ત (સમજણી) છોકરીને આ બધામાં પોતે તિરસ્કૃત હોય એવી સ્વાભાવિક લાગણી થાય છે તેથી તે પોતાની આવી લાચારી ઉપર વ્યગ્ર અને ઉદાસ રહ્યા કરે છે.

છેવટે પોતાના માબાપનું લોહી ચૂસીને તેમની દહેજ અને ધામધૂમની લાલસા સંતોષનારાઓની નિષ્ઠુરતા પ્રત્યે તેના મનમાં ઘૃણાનાં બીજ રોપાય છે. આખરે તે પણ માણસ તો છે જ. તેનામાં પણ દુનિયાને જોવા સમજ્યા જેટલી સમજણ તો હોય છે જ. તે પોતાનું સર્વસ્વ સમર્પી દે છે છતાંય કોઈને પ્રસન્ન કરી શકતી નથી. તેનો તેને રંજ થાય છે, તેને કોઈના ઘરમાં માત્ર ધનના આધારે જ પ્રવેશ કરવો પડે, એનાથી વધારે નિષ્ઠુરતા અને કૃતઘ્નતા બીજી કઈ હોઈ શકે? સામાજિક શેહશરમને કારણે લાચારીથી તે સાસરે જાય છે તો ખરી, પણ તેના મનમાં ધિક્કાર અને રોષ જ ભરેલા રહે છે. જે ઠોકર વાગે ત્યારે ધામાં આવતા સણકાની માફક વખતોવખત પ્રગટતો રહે છે. પત્નીઓ (સ્ત્રીઓ) મોટેભાગે વારંવાર ખીજાતી, રીસાતી, ખિન્ન, અસંતોષી કે બળવાખોર જણાતી હોય તેવું ઘણીવાર જોવા મળે છે. તેના મૂળમાં તેના માવતરને જરા સરખા લોભ અને અહંકાર ખાતર બરબાદ કરી નાખવાને કારણે ઉત્પન્ન થયેલો ધિક્કાર કે ઘૃણા જ હોય છે. આવો રોષ જીવનભર તેનો પીછો છોડતો નથી. એટલે તે પોતાના સાસુ-સસરાનું તેમજ પતિ સુધ્ધાંનું સાચું સન્માન જાળવી શકતી નથી. બાહ્ય શિષ્ટાચારની વાત અલગ છે. મનમાં જ્યારે રોષ ભભૂકતો હોય ત્યારે સ્વર્ગીય વાતાવરણ ઊભું કરી શકે અને અમૃત જેવો રસ ઉત્પન્ન કરી શકે એવી શ્રદ્ધા કે સેવા માત્ર બાહ્ય આડંબરમાંથી કદી ના છલકી શકે. દહેજના લાલચુ લોકો પોતાના આવા તુચ્છ લોભ, સ્વાર્થ અને અહંકારને સંતોષે છે તો ખરા; પરંતુ તેના બદલામાં તેઓ તેમના હલકાપણાની, દુષ્ટતાની કેવી ઊંડી છાપ છોકરીના મન ઉપર છોડી રહ્યા છે, એ ભૂલી જાય છે. જેનાથી નવવધૂ અને તેના માબાપ કાયમ દ્વેષ અને ધિક્કાર દબાવી રાખીને જીવવા માટે મજબૂર થઈ જતા હોય એવું ધન શા કામનું?

આવું કુચક્ર બૂમરેંગની માફક આપણી ઉપર જ આવી પડે છે. દહેજની ચક્કીમાં બીજાને પીસનારાઓને એ જ ચક્કીમાં દળી નાખનારા પણ ભટકાઈ જતા હોય છે. વખત આવે એમની પણ, એમણે બીજાની કરી હતી એવી જ અવદશા થાય છે. દરેક સંસારીને ત્યાં છોકરીઓ પણ હોય છે, પોતાના છોકરાને પરણાવતી વખતે તેમણે આચરેલી દુષ્ટતાના દંડરૂપે તેમને અન્ય દ્વારા એવી જ પીડા ભોગવવી પડે છે, ત્યારે તેમની આંખો ઊઘડે છે. ત્યારે જ, કુકર્મની સજા અને ફળ મળવાની વ્યવસ્થા પણ આ દુનિયામાં છે, એનું તેમને ભાન થાય છે. છોકરા વખતે રોફભેર વાઘ બનીને ફરનારાઓને છોકરીનાં લગ્ન વખતે બકરીની જેમ બેં-


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બેં કરવા માટે મજબૂર થવું પડે છે. થોડા દિવસ પહેલાં અક્કડ અને ઊંચું માથું લઈને ફરનારો માણસ થોડા દિવસ બાદ દાંત કચકચાવતો અને ભૂરાવો થઈને ભટકતો દેખાય છે. ત્યારે માણસ કેટલો તુચ્છ અને તળિયા વગરનો છે એ જણાઈ આવે છે. ત્યારે તમારા છોકરા વખતે બીજાનું લોહી પીવામાં તમે કોઈ કસર છોડી નથી, તો હવે તમારી છોકરી વખતે પૈસા ખર્ચતાં કેમ અકળાવ છો ? — એમ કહીને કોઈ પણ માણસ એનું મોઢું બંધ કરી દે છે. ત્યારે તેમનું મોઢું સીવાઈ જાય છે અને બધાયની સહાનુભૂતિ ગુમાવીને હારેલા જુગારીની માફક તેમને દરેકનાં મહેણાંટોણાં સાંભળવા પડે છે. તેમની પરેશાની જોઈને લોકોને મજા પડે છે અને તેઓ વધારે હેરાન થાય એમ ઇચ્છે છે. બીજા પાસેથી પડાવી લીધેલું ધન વ્યાજ સાથે ચૂકવવું પડે છે. જેમને ખુશામત કરી કરીને જાનમાં લઈ ગયા હતા અને જેમની સરભરા પાછળ ખૂબ ખર્ચ કર્યો હતો, એ લોકો પણ આવી આફતના સમયે સહાનુભૂતિ દર્શાવવાને બદલે મહેણાં મારતા અને ઠેકડી ઉડાવતા જોવા મળે છે.

દહેજમાં મેળવેલ પૈસા અને સરસામાન એક રીતે જોતાં બેકાર જ જાય છે. ખાલી 'મનનો સંતોષ' કહેવા પૂરતો મળે છે, બાકી કશું હાથમાં આવતું નથી. ફર્નિચર, રેડિયો, ટી.વી., વાસણકુસણ, દરદાગીના અને કપડાલત્તાં વગેરે ઊલટાની જગ્યા રોકે છે. એનાથી ઘરની આર્થિક હાલત સુધરતી નથી. આ બધી વસ્તુઓને વેચી પણ શકાતી નથી તેમજ મોટાભાગની વસ્તુઓ ઘરમાં અગાઉથી જ હોવાને કારણે એક સાથે બે-બે વસ્તુઓ વાપરી પણ શકાતી નથી. કબાડી માર્કેટની જેમ ઘરના ખૂણે રાખી જ મૂકવી પડે છે. અમુક વસ્તુ મિત્રો કે સંબંધીઓને આપી દેવી પડે છે તો કેટલીક વસ્તુઓ તૂટીફૂટીને નકામી બની જાય છે. રોકડા પૈસા મળ્યા હોય છે, તેના બદલે નવવધૂને દાગીના અને કપડાં ચઢાવવા પડે છે. જો ન ચઢાવીએ તો નાક કપાય છે, લોકનિંદા થાય છે. આમ એ રોકડ રકમ મોટેભાગે કપડાં અને દાગીના પાછળ ખર્ચાઈ જાય છે. જમણવાર, જાન-ફૂલેકા, રોશની, આતશબાજી, બેન્ડવાજા, દાપું-દાયજાની આપ-લેના વ્યવહારો વગેરે કેટલાય નાના-મોટા આડંબરો ધૂમ પૈસો ખરચાવે એવા હોય છે. આ બધા પાછળ થતા ખર્ચનો સરવાળો માંડીએ તો ખ્યાલ આવે છે કે, છોકરાવાળા પણ કાંઈ ફાયદો મેળવતા નથી. તેણે પણ ઘરમાંથી ઠીકઠીક ખર્ચ કરવો પડે છે. નવવધૂ માટે બનાવડાવેલા દાગીના આમ તો ઘરમાં જ રહે છે, પણ તેની ઉત્પાદનશક્તિ ખતમ થઈ જાય છે. દાગીનાઓ સમય જતાં ઘસાઈ-કટાઈ જાય છે કારણ કે સોનાચાંદીનો ધંધો ભેળસેળ માટે કેટલો વગોવાયેલો છે એ ક્યાં છાનું છે ? તેમાં ઘાટ કરતાં ઘડામણ મોંઘું થતું હોય છે. આ બધું જોતાં દાગીના પાછળ ખર્ચેલી રકમ નાહક વેડફાય છે, એ સ્પષ્ટ જણાઈ આવે છે. એ મૂડીથી ઘરની પ્રગતિ કે સમૃદ્ધિમાં કોઈ વધારો થતો નથી. મોંઘાદાટ કપડાંની પણ આવી જ હાલત થાય છે. એ કાંઈ રોજિંદા જીવનમાં થોડાં પહેરાય છે ? ઊલટાના પડ્યા પડ્યા જીવડાંનો ખોરાક બની જાય છે. દહેજથી લાભ કશો નથી પણ એનો કુપ્રભાવ આટલો ભયંકર છે — આ વાત જો માણસના મનમાં ઠસી જાય તો તેને દહેજ અને ધામધૂમની મૂર્ખાઈની વાત પણ કરવાનું વાજબી નહીં લાગે.

જૂના જમાનામાં ખૂબ ધામધૂમથી લગ્નો કરનારાઓને કે અમીરીનું પ્રદર્શન કરનારાઓને સમાજ મોટા માણસો ધારતો હતો. હવે એ જમાનો નથી રહ્યો-સાવ બદલાઈ ચૂક્યો છે. હવે સમાજવાદ અને સામ્યવાદનું વાતાવરણ ફેલાઈ રહ્યું છે. હવે ધનવાનો અને અમીરો માટે ગમે તેવાં કડવા વિશ્લેષણો વપરાવા લાગ્યાં છે. તેમ છતાંય જો કોઈ માણસ લગ્નોત્સવ પાછળ અમીરીનું આવું બેહૂદું પ્રદર્શન કરતો હોય તો સમજુ માણસો તેની જાતજાતની ટીકા કરે છે. જાનની ધામધૂમ પાછળ આટલો પૈસો બગાડ્યો એના કરતાં તો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એટલી રકમ કોઈ સમાજસેવાના કામમાં ખર્ચી હોત તો સારું થાત. પણ જવા દો ! હરામનો પૈસો કમાનારા નિષ્ઠુર માણસો આવાં ખોટાં પ્રદર્શનોમાં જ પૈસા ફૂંકવાના. શાણા માણસો આવું કહેતા હોય છે. આવી ધામધૂમ ભલે દેવું લઈને કરી હોય તો પણ કરનારાને નિંદાના ભોગ બનવું પડે છે. આવો અમીરીનો ઢોંગ કરનારાઓને પ્રતિષ્ઠા અને પ્રશંસા મળતી હતી, એ જમાનો જતો રહ્યો. હવે તો એમને ધૃણા, તિરસ્કાર, નિંદા અને મશ્કરીનો સામનો કરવો પડે છે. તેમને ગાળો સિવાય કાંઈ મળતું નથી, જે વાજબી પણ છે. જ્યારે વ્યક્તિગત અને સામાજિક જીવનમાં ઉપયોગી હોય તેવાં કેટલાંય કાર્યો પૈસાના અભાવે અધૂરાં રહેતાં હોય ત્યારે, પૈસાની આવી હોળી ફૂંકવી એને ડહાપણ કઈ રીતે ગણી શકાય ? આવા વર્તનની પ્રશંસા કે વખાણ કોણ કરે ? તેને કોણ ટેકો આપે ? પોતાના પૈસા ગુમાવીને અપયશ મેળવવાની ઇચ્છા હોય એમણે જ લગ્નો પાછળ આવી ધામધૂમ કરવી જોઈએ. સમાજના અવિવેકી, ટૂંકી વિચારસરણીવાળા અને ઊલટી દિશામાં ચાલવાના શોખીન માણસો સામાન્ય રીતે કાયમ આવું ગાંડપણ કરતા હોય છે.

લગ્નો પાછળ ખર્ચાતી રકમ જો ગૃહઉદ્યોગ, પશુપાલન, બાગકામ, ખેતીવાડી કે પરિવહન જેવાં કાર્યોમાં ખર્ચવામાં આવે તો તેનાથી આવક અનેકગણી વધારી શકાય છે. જો કોઈ એક જ જ્ઞાતિનાં લગ્નો પાછળ ખર્ચાતા પૈસા શિક્ષણ પાછળ ખર્ચવામાં આવે તો દેશના એકેએક બાળકને મેડિકલ, ઇજનેરી, લલિતકળા કે ખેતીવાડી વગેરેના શિક્ષણ માટેની તમામ જોગવાઈ થઈ શકે એમ છે. ઉપરાંત એ જ રકમમાંથી પ્રૌઢશિક્ષણની પણ વ્યવસ્થા થઈ શકે એમ છે. જો ધનનો આવો બગાડ અટકાવી શકાય અને તેને સર્જનાત્મક કાર્યો પાછળ ખર્ચવામાં આવે તો ભારત દસ જ વર્ષમાં આર્થિક પ્રગતિમાં દુનિયાના તમામ દેશોથી આગળ નીકળી શકે.

આપણે આટલી જંગી સંપત્તિ લગ્ન પાછળની ઘેલછા જેવા મૂર્ખાઈના કામમાં સાવ નિરર્થક વાપરીએ છીએ. તેનાથી અનેક પ્રકારની સામાજિક વિષમતાઓ ઉત્પન્ન થાય છે. જાનૈયાઓ ભપકાદાર કપડાં સીવડાવે છે. સ્ત્રીઓ શણગારનો ઠઠારો કરે છે. આ બધામાં ઘણું વધારાનું ખરીદ-વેચાણ થાય છે. સગાંસંબંધીઓ અને જાનૈયાઓની આવ-જા, કામ બગડવાને કારણે ઉત્પાદનમાં ઘટાડો, રીતરિવાજો, ભેટ-સોગાદો અને દાપું-દાયજાના ખર્ચાને ઉમેરીએ તો આ ખોટો ખર્ચ લગ્નના કુલ ખર્ચથી અડધો તો થઈ જ જાય છે. આવો આર્થિક બગાડ છેવટે દેશને ગરીબ જ બનાવે છે. જો ધન ઉત્પાદન કરતું નથી કે ઉત્પાદનને વધારતું નથી તેને અર્થશાસ્ત્રની રીતે બગાડ જ ગણી શકાય અને ધનના બગાડથી બેકારી અને ગરીબી તો વધે જ છે.

આપણા ગરીબ દેશે એક-એક પૈસો બચાવવાની જરૂર છે તેમજ ઉત્પાદન, રોજગારી અને આવક વધે તેવાં કાર્યોમાં જ ધન ખર્ચવું જોઈએ. લગ્નોમાં વપરાતું ખોટું ધન જો બચાવીને ઉત્પાદન પાછળ ખર્ચવામાં આવે તો દેશના ૮૦ લાખ ભિખારીઓ અને ૪ કરોડ બેકારોને કામ આપી શકાય અને એ શ્રમશક્તિથી હિંદુસ્તાન જાપાનની જેમ જ સમૃદ્ધ અને શક્તિશાળી બની શકે છે. આવું જ્યારે ધનનો ખોટો બગાડ અટકાવી શકાય અને તેને ઉત્પાદનમાં લગાડી શકાય ત્યારે જ બની શકે. આ દિશામાં ડગ માંડવાના શુભારંભ તરીકે લગ્નો પાછળની ઘેલછાથી છૂટકારો મેળવવો પડશે અને દહેજ જેવા અનૈતિક, સામાજિક અને અણછાજતા કુરિવાજોને નાબૂદ કરવા માટે તૈયાર થવું પડશે.

આમ નૈતિક, સામાજિક, પારિવારિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ પણ લગ્નો તેમજ દહેજપ્રથામાં પૈસા બગાડવાનો ખોટો રિવાજ બંધ થવો જ જોઈએ. દરેક જણને આ કુરિવાજ નાબૂદ કરવા માટે સંમત કરવાનું શક્ય બને, એટલા માટે સૌ કોઈને તેનાથી થતા નુકસાનની સમજણ આપવી જોઈએ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શ્રીરામ થેલા પુસ્તકાલય અંગે કેટલુંક માર્ગદર્શન

શ્રીરામ થેલા પુસ્તકાલયની યોજના શરૂ થતાંની સાથે જ પરિવારના જ્ઞાનયજ્ઞમાં રસ ધરાવતા તમામ સભ્યોએ તેને ખૂબ અસરકારક સમજીને તેમાં ઊંડો રસ દાખવ્યો છે. શરૂશરૂમાં કેટલાક સભ્યો આ યોજનાને બરાબર સમજી શક્યા ન હતા. પરંતુ પત્રો દ્વારા યોજનાની સ્પષ્ટ અને સરળ રૂપરેખા જાણ્યા બાદ તેમની મૂંઝવણ દૂર થઈ ગઈ છે. આ યોજના વડે પૂજ્ય ગુરુદેવના વિચારો ઓછા સમયમાં વધુ માણસો સુધી પહોંચાડી શકાય છે, એવું સ્વીકારતા હજારો પત્રો મળ્યા છે. પૂજ્ય ગુરુદેવે હૈયાધારણ આપી છે કે, તમે મારા વિચારોનો ફેલાવો કરો. બાકીનું કાર્ય હું જાતે જ પૂરું કરીશ. તેમણે કહ્યું છે કે, યુગપરિવર્તનની વાત તેઓ પોતાની સિદ્ધિઓના આધારે નહીં, પરંતુ પોતાના ધારદાર વિચારોના આધારે કરે છે. જો આપણે બધા ભાઈ-બહેનો ભેગા થઈને સમાજમાં તેમના વિચારોનો પ્રચાર કરીશું તો યુગપરિવર્તન અવશ્ય થશે. પૂજ્ય ગુરુદેવે 'એકવીસમી સદી-ઉજ્જવળ ભવિષ્ય'ની ઘોષણા કરી છે. ૬ એપ્રિલ, ૧૯૯૮ના રોજથી એકવીસમી સદીના આડે ૧૦૦૦ દિવસ બાકી રહે છે. ચૈત્રી નવરાત્રીના અનુષ્ઠાનની પૂર્ણાહુતિ પણ છઠ્ઠી એપ્રિલે થઈ રહી છે. અનુષ્ઠાનની પૂર્ણાહૂતિ વખતે પરિવારના સભ્યો દર વર્ષે કોઈ નવો સંકલ્પ લેતા હોય છે. આ નવરાત્રીની પૂર્ણાહુતિ પ્રસંગે દરેક સભ્યોએ શ્રીરામ થેલા પુસ્તકાલય શરૂ કરવાનો સંકલ્પ લેવાનો છે. ૧૦૦૦ દિવસોની રૂપરેખા બનાવીને કાર્ય કરવાનું છે. આ ૧૦૦૦ દિવસોમાં જેના સુધી પૂજ્ય ગુરુદેવના વિચારો ન પહોંચ્યા હોય તેવો એક પણ માણસ બાકી ના રહેવો જોઈએ. દરેક જગ્યાએ ફરી વળવાનું છે. શ્રીરામ થેલા પુસ્તકાલયની યોજના શરૂ કરવા માટેનાં કેટલાંક સૂચનો અહીં આપવામાં આવે છે.

અત્યાર સુધીમાં પ્રજ્ઞા લઘુપુસ્તિકા માળાની ૧૨૫ પોકેટ બુક્સ પ્રકાશિત થઈ ચૂકી છે. લક્ષ્ય ૩૬૫નું છે. આ પત્રિકાના આત્મીય વાચકો અને પરિવારના સભ્યોને અનુરોધ છે કે તેઓ શ્રીરામ થેલા પુસ્તકાલયના બાર સભ્યો માટે ટપાલખર્ચ સહિત કુલ ૧૩૦ રૂપિયા બૅંક ડ્રાફ્ટ અથવા મનીઑર્ડર દ્વારા યુગ નિર્માણ યોજના, શાખા અમદાવાદ, ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી, જૂના વાડજ, અમદાવાદ-૧૩ ટેલિ.નં. ૭૪૩૩૨૫૨ને મોકલીને જુદીજુદી ૧૦૦ પૉકેટ બુક મંગાવી લે. તેમાંથી જુદા જુદા વિષયનાં આઠ આઠ પુસ્તકોના કુલ ૧૨ સેટ બનાવવા. શેરીએ શેરીએ અને ગામડે ગામડે લોકોનો સંપર્ક કરવો. દરેક સભ્ય પાસેથી ૧૨ રૂપિયા લઈ તેને ૮ પુસ્તકોનો ૧ સેટ આપી દેવો. આવા ૧૨ સભ્યો બનાવવાના છે. બધા સભ્યો નજીક રહેનારા હોય તો વધારે સારું. એક જ કાર્યાલયના કર્મચારીઓ અથવા એક જ શેરીના રહેવાસીઓને સભ્ય બનાવવાનો પ્રયત્ન કરવો. સભ્ય બનાવતી વખતે ૧૨ રૂપિયાનાં ૮ પુસ્તકો આપવાં અને તે એક મહિનામાં વાંચી લેવાનો અનુરોધ કરવો. તેમને એક મહિના પછી બીજો સેટ બદલી આપવાની ખાતરી આપવી. આ રીતે સભ્યો ૧૨ રૂપિયા ખર્ચીને વરસમાં ૧૪૪ રૂપિયાનાં પુસ્તકો વાંચી શકશે અને વરસના અંતે તેમને ઉપહાર સ્વરૂપે ૧ સેટ આપી શકાય. તમને પુસ્તકોની કિંમત અગાઉથી જ મળી જવાની છે. આ યોજનાની શરૂઆતમાં તમારે થોડા પૈસા રોકવા પડશે પણ સભ્યો બન્યા પછી તે પાછા મળી જાય છે.

દર મહિને સભ્યોના સેટ બદલાવવા માટેની બે-ત્રણ રીતો છે. પહેલી રીતે એ છે કે પહેલા સભ્યનો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સેટ બીજાને, બીજા સભ્યનો સેટ ત્રીજાને એમ ક્રમાનુસાર બદલતા જઈને બારમા સભ્યનો સેટ પહેલા સભ્યને બદલી આપવો. મહિને આ કામ પાછળ એક દિવસનો સમય ફાળવવાથી આ કાર્ય સહેલાઈથી થઈ શકશે. પરિવારના, મહિનામાં બે દિવસ સમય ફાળવી શકે તેવા સભ્યોએ ૧૨-૧૨ સભ્યોનાં બે જૂથ બનાવવાં જોઈએ. બંને દિવસે ૧૨-૧૨ સભ્યોના સેટ બદલવાનું કાર્ય કરવું. પરિવારના જે સભ્યોને રવિવારે રજા હોય તેઓ મહિનામાં ચાર રવિવારે સમયદાન કરી શકે અને ૧૨-૧૨ સભ્યોનાં ચાર જૂથ બનાવીને દર મહિને ૪૮ સભ્યોને સેટ બદલી આપીને આ જ્ઞાનયજ્ઞમાં પોતાની આહુતિઓ આપી શકે છે. વેપારીઓ પણ અઠવાડિક રજાના દિવસે આવું કાર્ય કરી શકે.

સેટ બદલવાની બીજી રીત આવી છે. પહેલા સભ્યને દર મહિને પોતાનો સેટ બીજા સભ્યને આપી દેવાની અને બારમા સભ્ય પાસેથી તેનો સેટ લઈ લેવાની સૂચના આપવી. તે જ રીતે બીજા સભ્યને તેનો સેટ ત્રીજા સભ્યને આપવાની અને પહેલા સભ્ય પાસેથી તેનો સેટ મેળવી લેવાની સૂચના આપવી. આમ દરેક સભ્યો વચ્ચે જવાબદારી વહેંચી દેવી. દરમ્યાન આવી ફેરબદલી સુચારુ ઢબે ચાલતી રહે એટલા પૂરતી દેખરેખ રાખવી. થેલા પુસ્તકાલય ચલાવતા પરિવારના સભ્યોએ શરૂઆતમાં બારેય સભ્યોની એક બેઠક બોલાવવી. તેમનો અન્યોન્ય સાથે પરિચય કરાવવો તથા તેમને યોજનાની રૂપરેખા અને જવાબદારીનો ખ્યાલ આપવો. યોજનાના સરળ સંચાલનમાં અવરોધ ના આવે એટલા માટે તેમને દર મહિને સેટ બદલતા રહેવાની તાકીદ કરવી.

કદાચ કેટલાક સભ્યો તેમણે વાંચેલાં પુસ્તકો ખરીદવા પણ ઇચ્છશે. તેને માટે તમારે વધારાનાં પુસ્તકો મંગાવી રાખવાં જોઈએ. કદાચ કોઈ પુસ્તિકા ખોવાઈ જાય તો એની કિંમત લઈને એને બદલે બીજી પુસ્તિકાઓ મૂકવા માટે પણ વધારાની પુસ્તિકાઓની જરૂર પડશે. આ પ્રમાણે કાર્ય કરવાથી એક ભાઈ કે બહેન શ્રીરામ થેલા પુસ્તકાલયના હજારો સભ્ય બનાવી શકે છે. પોતાની પાસે આની તમામ નોંધ એક ડાયરી અથવા નોટબુકમાં રાખવાથી સરળતા રહેશે.

● ● ●

*સંત અશિષ્ટનેમીની ભક્તિથી પ્રસન્ન થઈને ઇન્દ્રદેવે તેમને સન્માનસહિત સ્વર્ગમાં લઈ આવવા માટે દેવદૂતને મોકલ્યો. દેવદૂત સંતની પાસે જઈને બોલ્યો, "હે મહાત્મા ! મને દેવાધિદેવ ઇન્દ્રએ મોકલ્યો છે. તમે મારી સાથે સ્વર્ગમાં પધારો અને ત્યાં જ નિવાસ કરો, એવો તેમનો ખાસ આગ્રહ છે."*

*સંતે તો પરમાર્થ વડે આત્મકલ્યાણની વાત સાંભળેલી હતી. જેથી સ્વર્ગની વાત આવી એટલે એમને કહેવું પડ્યું – "સ્વર્ગ ! ભાઈ મારું સ્વર્ગ તો મેં અહીંયાં જ બનાવી લીધું છે. મારે એ વૈભવ શા ખપનો ? તેમાંથી મને જે આનંદ મળી શકે એ તો આ પૃથ્વી પર જ મને લોકોની સેવા કરવાથી મળે છે. તેની સામે મારે માટે તમારું સ્વર્ગ તુચ્છ છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ક્રાંતિરથને કારણે સમાજમાં જાગૃતિ લખનૌમાં વાસંતી ઉમંગ

એક આદર્શ રાજ્યે કરવા જોઈએ તે તમામ રચનાત્મક કાર્યો ગાયત્રી પરિવાર દ્વારા વ્યાપકરૂપે થઈ રહ્યાં છે, એવું ઉત્તરપ્રદેશના આરોગ્ય રાજ્યમંત્રી ડૉ. અરવિંદકુમાર જૈને સ્વીકાર્યું છે. તેમણે ભ્રષ્ટાચાર નાબૂદી અને દહેજનાબૂદી – બંને મહાક્રાંતિઓની પત્રિકાઓનું વિમોચન કરીને એનો શુભારંભ કર્યો તેમજ ગાયત્રી પરિવાર, લખનૌ દ્વારા બનાવેલા ક્રાંતિરથનું પૂજન કરીને તેને લીલી ઝંડી દેખાડીને તેનું લોકાર્પણ કર્યું. ૧૧ જાન્યુઆરીના દિવસે ક્રાંતિરથ મધ્યઝોનની ચોવીસ શેરીસભાઓમાં ફરતો રહ્યો. આ કાર્યક્રમમાં લોકસંપર્ક કરીને જનજાગૃતિ અને સંકલ્પપત્રો ભરાવવાનું અભિયાન ચલાવાયું હતું. ૨૧ જાન્યુઆરીના રોજ ઈન્દ્રનગર વિભાગમાં ડઝનબંધ શેરીસભાઓ થઈ જેમાં મેડિકલ અને એન્જિનિયરીંગના સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ કહ્યું કે, આજે આખો દેશ ભ્રષ્ટાચાર અને દહેજ જેવા મહારોગમાં ઘેરાયેલો છે. દેશને તેમાંથી મુક્ત કરાવવાનું કાર્ય ગાયત્રી પરિવારના યુગસૈનિકોથી થઈ શકશે. યૌવનધનને યુગસૈનિકો સાથે જોડાઈ જવાની હાકલ કરવામાં આવી. સેંકડો સંકલ્પપત્રો ભરાયાં. ગાયત્રી તપોભૂમિ, મથુરાની નિશ્રામાં જાહેર કરાયેલી સાત મહાક્રાંતિઓનું સંચાલન રાજ્યભરમાં ગાયત્રી પરિવાર દ્વારા થઈ રહ્યું છે, શાંતિકુંજ હરદ્વારના ટ્રસ્ટી મેજર વિજયકુમાર ખરેએ તેના ઉદ્‌ઘાટન-પ્રસંગે લોકોને આ મહાક્રાંતિઓમાં સાંકળી લેવાનો સંકલ્પ કર્યો. પશ્ચિમ ઉત્તરપ્રદેશના કેટલાય જિલ્લાઓમાં રચનાત્મક અને સંઘર્ષાત્મક આંદોલનો શ્રી રામમહેશ મિશ્રની આગેવાની હેઠળ વ્યાપકરૂપે ચાલી રહ્યાં છે. દારૂબંધીના અભિયાનને પણ પોસ્ટકાર્ડ આંદોલન દ્વારા ખૂબ વેગ મળી રહ્યો છે. તેમણે લોકસભાની આગામી ચૂંટણીના ઉમેદવાર પાસેથી દારૂબંધીના ખાતરી માગવાની દરેક પરિજનોને હાકલ કરી છે.

આવા કાર્યક્રમોમાંથી પ્રેરણા લઈને યુગસૈનિકોએ પોતપોતાનાં ક્ષેત્રોમાં સાત મહાક્રાંતિના આંદોલનને વેગવંતા બનાવવાના પ્રયત્નો કરવા જોઈએ.

• • •

## અનુરોધ

*આ યુગપરિવર્તન વિશેષાંકમાં મહાકાળના વસંતપર્વ ઉપરના આગામી કાર્યક્રમોની વિગતો આપવામાં આવી છે.*

*દરેક વાચકોને તે બે વખત વાંચવા તેમજ ઓછામાં ઓછા દસ માણસોને વંચાવવાની જવાબદારી ઉપાડી લેવાનો અનુરોધ છે. જગ્યાના અભાવે જે સામગ્રી આ અંકમાં સમાવી શકાઈ નથી તે માર્ચના (આગામી) અંકમાં પ્રગટ કરવામાં આવશે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

### પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

# ગાયત્રી મહાવિદ્યા અને તેની સાધના

મિત્રો ! હવે મનોનિગ્રહ માટે વધારે પ્રયત્ન કરો. એના માટે શું કરવું ? એના માટે 'માતૃવત પરદારેષુ, લોષ્ઠવત્ પરદ્રવ્યેષુ, આત્મવત્ સર્વભૂતેષુ' — આ ત્રણ આધાર છે, તમારું હીર પારખવાની આ ત્રણ કસોટીઓ છે. તમે ફળ પ્રાપ્ત કરવા માટે યોગ્ય છો કે નહીં ? તમને આત્મબળ મળી શકે એમ છે કે નહીં ? તમે આત્મબળની રક્ષા કરી શકો એમ છો કે નહીં ? તમારામાં આત્મબળની જવાબદારી નિભાવવાની હિંમત અને સાહસ છે કે નહીં તેની કસોટી કરવા માટેની આ ત્રણ પરીક્ષાઓ છે. પ્રિ. મેડિકલ ટેસ્ટનાં આ ત્રણ પેપર છે. તમારે મેડિકલ કૉલેજમાં દાખલ થવું હોય તો આ ત્રણ પેપર આપવાં પડશે. ના સાહેબ અમે પેપર આપવા નથી ઇચ્છતા. અમારે તો ધક્કામુક્કી કરીને મેડિકલ કૉલેજમાં દાખલ થવું છે. નહીં, એવું નહીં થઈ શકે. પરીક્ષા આપો અને પાસ થાવ. **ગાયત્રીની કૃપા દરેક સુપાત્ર માટે છે.**

હું તમને ગાયત્રીમંત્ર શું છે એ સમજાવતો હતો. ગાયત્રીની કૃપા અને ગાયત્રીનું વરદાન દરેક માણસને મળી શકતું નથી એ સમજાવતો હતો. માળા કરે રાખવાથી પણ નથી મળતું. જો એમ થતું હોત તો તે તમને બધાને મળી ગયું હોત. તમે ગાયત્રીમંત્રની માળા કેટલા સમયથી કરો છો ? અરે સાહેબ ! ઘણા દિવસથી. તમે છ વર્ષથી, તમે ૧૧ વર્ષથી અને તમે ૩૦ વર્ષથી. પરંતુ તમને શું મળ્યું ? મહારાજ, બસ, એટલું જ શીખવા મળ્યું કે નાકના ટેરવા પાછળ ભગવાન છુપાયેલા છે અને હવે તે નાક કપાઈ ગયું એટલે દેખાવા લાગ્યા. બસ, આમને આમ ૧૧ માળા કરતાં કરતાં આપણને બાર વરસ થઈ ગયાં અને હવે આપણે એમ કહીએ છીએ કે અમને કોઈ ફાયદો થતો નથી તો પછી લોકો કહેશે કે, તે ખોટું તારું નાક કપાવ્યું. તારા જેવો ગાંડો બીજો કોઈ નથી. એટલા માટે અમે તો કહેતા આવ્યા છીએ કે ગાયત્રીમાતા હાજરાહજૂર છે, પણ તે પ્રત્યક્ષ દેખી શકાતાં નથી. માત્ર સપનામાં જ તેનાં દર્શન થાય છે. સપનામાં દેખાય છે તો તારા માટે શું લાવે છે ? નહીં મહારાજ, તે લઈને તો કશુંય નથી આવતી. તે ખાલી હાથે જ આવે છે. ધત્ તેરેકી, હવે ગાયત્રી માતા મળશે ત્યારે તેને ખૂબ ગાળો દઈશ. અહીં તમે કશું લાવ્યા છો ? હા મહારાજ, કેળા લઈને આવ્યા છીએ. હા બેટા, સાધુના દ્વારે કદી ખાલી હાથે જવાય નહીં. કશુંક લઈને જ જવું જોઈએ અને તું કેળા લઈને આવ્યો હતો. ઋતંભરા પ્રજ્ઞા પ્રાપ્ત કરવી હોય તો હંસ જેવા બનો.

હું હવે તમને ગાયત્રીનું શિક્ષણ આપવા અને ગાયત્રીની વાસ્તવિકતા જણાવવા ઇચ્છું છું. તેના પ્રારંભિક શિક્ષણ બાદ તમને જેમાં ગાયત્રીના ચમત્કારો, સિદ્ધિઓ અને ગૌરવ છુપાયેલાં છે જેને આપણે ઋતંભરા પ્રજ્ઞા કહીએ છીએ, એ વાત શીખવાડીશ. હકીકતમાં આજે ગાયત્રીનો અર્થ ઋતંભરા પ્રજ્ઞા એવો કરવાનો છે. એ કેવી હોય છે ? બેટા, ઋતંભરા પ્રજ્ઞા એવી હોય છે કે જે માણસ તેને ધારણ કરવા ઇચ્છે તેણે કેટલાય પ્રયોગો કરવા પડશે. ગાયત્રીનું વાહન હંસ છે. ગાયત્રી શેની ઉપર સવાર છે ? હંસ ઉપર. બીજા શેની ઉપર સવાર થશે ? કાગડા ઉપર ? ના મહારાજ, ગાયત્રી કાગડા ઉપર સવાર ના હોઈ શકે, તે હંસ ઉપર સવાર હોય છે. હંસ કોને કહીશું ? હંસ એક પ્રતીક છે. તમે સમજતા કેમ નથી ? હંસ તો એક નિશાની છે. સાચા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હંસ ઉપર ગાયત્રી બેસી ના શકે. હંસ ઉપર કેવી રીતે બેસી શકે ? હંસ તો નાનો હોય છે અને ગાયત્રી વિરાટ છે. આટલી મોટી ગાયત્રી હંસ ઉપર બેસશે તો હંસનું શું થશે ? કચુંબર થઈ જશે. ગાયત્રી હંસ ઉપર બેસીને શું કરશે ? તેને બેસવા માટે મોટર મંગાવી દેશું, હેલિકોપ્ટર મંગાવી દેશું, વિમાન મંગાવી દેશું. ગાયત્રી માતાને ફરવા માટે બિચારા હંસ ઉપર શું બેસવું ? હંસ ઉપર નહીં. કારણ કે તેની ઉપર તો પગ સરખા રાખવાની પણ જગ્યા નથી. પલાંઠી વાળીને પણ બેસી શકો એમ નથી. પગ લાંબા કરીને રાખવાની પણ વ્યવસ્થા નથી. પગ સંકોરીને બેસે તો પણ ના બેસી શકે. એટલે તે હંસ ઉપર કઈ રીતે બેસી શકે ? હંસને તો મુશ્કેલી થઈ જાય. તો પછી હંસ શું છે ? બેટા, હંસ એટલે જેની દૃષ્ટિ ઋતંભરા પ્રજ્ઞાને અનુકૂળ હોય તેવો માણસ. ઋતંભરા પ્રજ્ઞા હંસ જેવી હોય છે. હંસ કીડા મંકોડા ખાતો નથી. એ મોતી ચરે છે. એટલે કે જે વાજબી હોય, જે યોગ્ય હોય તેવું જ કરશે અને જે ગેરવાજબી કે અયોગ્ય હોય તેવું નહીં કરે. એના વગર કામ નહીં ચાલે તો મરી જશે. ભૂખ્યો રહેશે. ભલે મરવું પડે તોય તે અભક્ષ્ય ખાશે નહીં અને અયોગ્ય કરશે નહીં. નહીં ખાવાથી શું આફત આવી પડવાની છે ? તે એવું વિચારશે. ભલે સાહેબ, મરી જઈશું પણ કશુંય ખોટું કામ નહીં કરીએ. આવી ક્રિયાનું નામ છે— સ્વચ્છ, સફેદ અને નિર્મળ હંસ. હંસ એટલે નીર અને ક્ષીરને જુદા પાડવાનું જાણનારો માણસ. હંસ સારું જ ગ્રહણ કરે છે. ખોટું ગ્રહણ કરતો જ નથી. એવા વિવેકનું નામ જ ઋતંભરા પ્રજ્ઞા છે. એ જાગૃત કરવા માટે જ અમે તમને ગાયત્રીની સાધના કરાવીએ છીએ.

**સાધનાનું મહત્ત્વ સમજો**

મિત્રો ! સમર્પણ એ સાધના અને ઉપાસનાનો પ્રાણ છે કરી જુઓ — પછી જુઓ કે આવી મારામારી કરવાની જરૂર જ નહીં પડે. હું અગાઉથી કહી દઉં છું કે ખાલી માળા ના ફેરવે રાખો, સમર્પણ કરતાં શીખો. બેટા, સમર્પણ કરવા ખાતર વાંસળીની માફક વિંધાઈ જાવ. પછી મજા આવશે નહીં. ગુરુજી તમે માત્ર કર્મકાંડ અને પૂજાપાઠ શીખવા દો. અમે હમણાં આવી પ્રારંભિક ભૂમિકાની વાત કરતા હતા. કલેવરની વાત કરતા હતા. પણ કલેવર એ કાંઈ સર્વસ્વ નથી. પ્રાણ વિષે પણ જાણો. પ્રાણ કોને કહેવાય છે ? જેમાં આપણી ચેતનાને કેળવવી પડે છે, સુધારવી પડે છે, એને પ્રાણ કહેવાય છે. ચેતનાની જે કાંઈ ભૂલો હોય, તેમાં જે કાંઈ દોષ હોય, તેની ઉપર ભ્રમ અને વિકારોનાં મલિન આવરણો ચઢી ગયાં હોય તેને આપણે ધોવા અને સાફ કરવાં પડે છે તેને ખૂબ મસળવા પડે છે. જેમ કાટ લાગેલાં ધાતુનાં વાસણોને ચમકી ના ઊઠે ત્યાં સુધી ઘસવાં પડે છે તે રીતે ચેતનાને પણ ચમકાવવી પડે છે. આપણી આંતર્ચેતના ઉપર મળ, આવરણ અને દોષરૂપી જે આવરણો ચઢી ગયાં છે, તેને સાફ કરવા માટે જે મહેનત કરવી પડે છે, જે સંઘર્ષ કરવો પડે છે, જે માવજત કરવી પડે છે, સંયમ વરતવો પડે છે તેને સાધના કહે છે. 'મન સાધૈ સબ સધૈ'' એ જ સાધનાનું સાચું સ્વરૂપ છે.

હવે હું તમને સાધનાનું સાચું સ્વરૂપ કેવું હોઈ શકે એ સમજાવવાની કોશિશ કરીશ. હું તમને સાચી સાધના કેવી રીતે થઈ શકે તે સમજાવીશ. બેટા, ખેડૂત તડકે તપે છે અને જાતને ઘસે છે, ખોદતો રહે છે, ગોડ કરતો રહે છે. તું જાતને એવી રીતે રગદોળીશ તો ઘઉંના ખેતરમાં ઊગે છે એવો પાક આપણી સુધરેલી ચેતના પણ આપી શકે છે. આગળ કહું ? હવે ઉપાસના કેમ કરવી એ વાત કહું છું. જે રીતે કોઈ પહેલવાન પોતાના શરીરને કસરત કરીને મજબૂત બનાવે છે તે રીતે ઉપાસના કરવામાં આવે છે. નબળા શરીરનો માણસ જ્યારે સારસંભાળ લેવાનું શરૂ કરે છે, નિયમો પાળવા લાગે છે અને પોતાના આહારવિહારને નિયમિત બનાવી દે છે તો તેનું શરીર પણ મજબૂત બની જાય છે. જો તમે શરીરની સાધના કરવા ઇચ્છતા હો તો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એને સાધના કહેવાય. હમણાં જ મેં કહ્યું ને કે, જે રીતે ખેડૂત માટીને ખોદે છે, રગદોળે છે, તે રીતે ચેતનાને રગદોળવાને સાધના કહે છે. જો તમે શરીરને રગદોળશો તો પહેલવાન બની જશો. એ શરીરની સાધના થઈ કહેવાય. તમે તમારી બુદ્ધિ અને મગજને રગદોળવાનું શરૂ કરો. તેને ઘસવાનું શરૂ કરો અને પછી જુઓ કે, તમે ભલે નબળા મગજના કે ઓછી બુદ્ધિના હો તેમ છતાંય, કાલિદાસની માફક વિદ્વાન બની જાવ છો કે નહીં. પથ્થર ઉપર જો દોરડું વારંવાર ઘસાતું રહે તો તેની ઉપર પણ ખાંચો પાડી દે છે. બેટા, જાતને રગદોળવાનું શરૂ કરીને તો પ્રગતિના કોઈ પણ ક્ષેત્રમાં આપણે સિદ્ધિઓ મેળવી શકીએ છીએ, ચમત્કાર સર્જી શકીએ છીએ.

**પૈસા પણ મનોયોગથી જ કમાઈ શકાશે**

આપણે બુદ્ધિ અને શરીર બંને વિષે થોડી વાત કરી, લો હવે પૈસાની વાત કરીએ.

બાટાનાકા એક મોચી હતો. બાર વર્ષની ઉંમરે તેના માબાપ ગુજરી ગયાં હતાં. તેનું જીવન જ જોડાં સીવવા સાથે પ્રત્યક્ષ સંકળાયેલું હતું એટલે તેણે સડકના કિનારે બેસીને જૂતાં સીવવાનું શરૂ કર્યું. તે ૧૨ જ વર્ષનો હતો છતાં તે લોકોના જૂતાં-ચંપલ એવાં સીવતો કે લોકો ખુશ થઈ જતા. તે જૂના જૂતાંને પણ નવા બનાવી દેતો. લોકોએ કહ્યું, "બાટા તું અમને નવા જૂતાં સીવી આપ." બાટાએ કહ્યું, "હું નવા જોડાં ક્યાંથી બનાવી આપું ? મારી પાસે ચામડું, રાંપી કે બીજો કોઈ સરસામાન નથી. મને જો એ બધો સરસામાન મળી જાય તો હું નવા જૂતાં બનાવી શકું." લોકોએ કહ્યું, "સારું. એ બધો સરસામાન અમે તને લાવી આપીશું. તું બૂટ સીવી આપજે." લોકોએ સામાન લાવી આપ્યો. બાટાએ જોડાં બનાવી આપ્યાં. લોકોનાં જૂતાં છ મહિનાને બદલે વરસ-વરસ ચાલવા માંડ્યાં. લોકોએ પોતાના પરિચિતોને કહ્યું, "જો તમારે ટકાઉ, મુલાયમ અને સારા બૂટ પહેરવા હોય તો બાટાની દુકાને જાવ" અને આમ કરતાં કરતાં આજે બાટાની દુકાન એવા મુકામે પહોંચી ગઈ છે કે, ભારતમાં જ નહીં પરંતુ આખી દુનિયામાં બાટાના બૂટ પ્રખ્યાત થઈ ગયા છે. કોઈ પણ શહેર કે ગામમાં જાવ, બાટાની દુકાન અચૂક જોવા મળશે. હું એકવાર અમેરિકા ગયો હતો. ત્યાં પણ ઠેકઠેકાણે બાટાના જ બૂટ જોવા મળ્યાં. ભારત, અમેરિકા, દુનિયાભરમાં બધે જ બાટા બાટા. આફ્રિકાના ગામડાંઓમાં પણ મેં બાટાની દુકાન જોઈ છે. બાટા ભારતમાં જ નહીં, આફ્રિકામાં પણ છવાઈ ગયું છે. મેં મારી સગી આંખે જોયું છે. બાટાનું નામ કરોડપતિ ઉદ્યોગપતિઓમાં માનથી લેવાય છે.

મિત્રો ! પૈસો કઈ રીતે આવે છે ? પૈસો જાતને રગદોળવાથી આવે છે. મહેનતથી આવે છે. બસ જાતને રગડે જ રાખો. તમે શરીરને સંભાળી સાચવીને ફરો છો, જાતને રગદોળતા તો નથી. કામ કરવાથી દૂર રહો છો. ભાગતા ફરો છો. હરામખોર અને કામચોર બનતા જાવ છો. અને કહો છો કે અમને પૈસો મળતો નથી. અમારી પ્રગતિ થતી નથી. નથી તો લાયકાત કેળવતા કે નથી મનોયોગપૂર્વક મહેનત કરતા. કામમાં મન તો લગાડતા નથી. મન લગાડીને કામ કરો. ખાલી ધમણની માફક કે ઘાણીના બળદની પેઠે માત્ર શરીરના ઉપયોગથી આડુંઅવળું જેમ ફાવે તેમ કામ કરીને ફેંકી દીધું, બસ. યોગ્યતા વધારવાનો પ્રયત્ન પણ કરતા નથી. બાટાના જમાનામાં યોગ્યતા હતી. તે માત્ર નવ ધોરણ સુધી જ ભણેલો હતો. આજે પણ પરદેશમાં ધોબીઓ, મોચીઓ અને ભઠિયારાઓ રાત્રે બબ્બે કલાક નાઇટ સ્કૂલોમાં ભણીને જીવતા જીવતા. એમ.એ. કે પીએચ.ડી. સુધી અભ્યાસ કરતા હોય છે અને તમને ફુરસદ નથી મળતી ? હરામખોરી અને કામચોરીમાં બગાડવા માટે સમય હોય છે. તમે તમારી લાયકાત કે શક્તિ વધારતા નથી. તમે મહેનત કરતા નથી કે મહેનતમાં મન પરોવતા નથી. હલકાં કે નકામાં કાર્યો કરવાથી તાકાત વધતી નથી. કેવી હાલત થઈ ગઈ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે ? આંતરિક નબળાઈ દૂર થતી નથી, યોગ્યતા વધતી નથી તો પછી ઉન્નતિ ક્યાંથી થાય ? તમારા મન, તમારી આંતરિક ચેતનાને યોગ્યતાના રૂપમાં વિકસાવવી પડશે. મન લગાડીને કામ કરતાં શીખવું પડશે. સંભાળપૂર્વક કામ કરતાં શીખવું પડશે. અને બેટા, તને કઈ બાબતની વાત કરું ? ધનથી માંડીને પ્રતિભા કે પ્રતિષ્ઠાના કોઈપણ ક્ષેત્રમાં તમે જાવ, સફળતા માત્ર મહેનત કરનારને જ મળતી હોય છે.

**બધી શક્તિઓ બીજરૂપે આપણી અંદર જ સમાયેલી છે**

સાધનામાં પણ પરિશ્રમ સંકળાયેલો છે. વૈજ્ઞાનિકો કરે છે તેને સાચી સાધના કહેવાય. નાનો વૈજ્ઞાનિક ઓછી તો મોટો વૈજ્ઞાનિક વધારે મહેનત કરતો હોય છે. તે શક્તિશાળી અણુબૉંબ બનાવે છે. જો તે ફાટે તો સેંકડો માઈલના વિસ્તારને સાફ કરી નાંખે. આવી તાકાત ક્યાંથી આવે છે ? અણુમાંથી ? બેટા ! અણુમાંથી નથી આવતી. સાધનામાંથી આવે છે. સાધના વડે તાકાતને પ્રખર બનાવી શકાય છે. બહાર લાવી શકાય છે, પ્રયોજી શકાય છે. સાધનાથી તાકાતનો ઉપયોગ કરી શકાય છે. તું તાકાતને પ્રખર બનાવતો નથી તો પછી સિદ્ધિઓ ક્યાંથી મળે ? બેટા, સાધના એ વસ્તુ છે જેમાં આપણે આપણી અંદરની તાકાતનો ક્ષમતાનો વિકાસ કરીએ છીએ અને તેને પ્રખર બનાવતા જઈએ છીએ. તમે તો ચેતનાનું મહત્ત્વ પણ જાણતા નથી. એમાં હું શું કરું ? તમે ચેતનાનો સ્રોત પણ જાણતા નથી અને બહાર જ શોધે રાખો છો. કોઈની પાસે કરગરવાની જરૂર નથી. કારણ કે આપણી અંદર સામર્થ્યનો ખજાનો રહેલો છે. આપણે તેને બહાર લાવવામાં સફળ થઈ શકીએ, તેનો ઉપયોગ કરી શકીએ તો આપણી જિંદગીમાં આનંદ જ આનંદ છવાઈ જાય. જીવનમાં શું-શું થાય છે ? આપણી અંદર કેટલી શક્તિઓ સમાયેલી છે ? બેટા, એક વાત સમજી લે કે આખા સૂર્યમંડળમાં જેટલી શક્તિ અને જેવી સંરચના છે તેવી જ શક્તિ અને માળખું એક નાના સરખા અણુની અંદર પણ હોય છે. વૃક્ષની આખીયે સંરચનાનું સંપૂર્ણ રૂપ નાના સરખા બીજની અંદર સમાયેલું છે. પાંદડાં, કૂંપળો, ફળ અને ફૂલ બધાનો નકશો અને ઢાંચો, બધાનો આધાર એ બીજમાં રહેલો હોય છે. તે જ રીતે આ બ્રહ્માંડમાં જે કાંઈ છે તે સઘળું આપણા શરીરમાં સમાયેલું છે. ઈશ્વરના સર્જેલા બ્રહ્માંડમાં રહેલી તમામ શક્તિઓ અને સત્તાઓ બીજરૂપે આપણી અંદર હયાત છે. બીજને જો આપણે વાવીએ, ઉગાડીએ, ખાતર-પાણી સીંચીએ તો તેમાંથી આખું વટવૃક્ષ ઊગી શકે છે. આવી પ્રક્રિયાનું નામ સાધના છે. સાધના બીજું કશું નથી. આપણા આત્માને આપણી ચેતનાને વિકસાવતા જઈને આપણે મહાત્મા, દેવાત્મા કે પરમાત્માની કક્ષા સુધી પહોંચી શકીએ છીએ. તેને પ્રાથમિક, માધ્યમિક અને કૉલેજના શિક્ષણ તરીકે સમજી શકાય. આવી આત્માથી પરમાત્મા સુધીની વિકાસની પ્રક્રિયાનું નામ સાધના છે.

**ચેતનાનું મહત્ત્વ સમજો**

મહાત્મા, દેવાત્મા અને પરમાત્મા એ આપણી જાતના વિકાસ અને વિસ્તાર સિવાય બીજું કાંઈ નથી. પોતાની જાતનો વિકાસ એટલે જ સાધના. સાધના કોઈ બીજું કરી આપે છે ? ના, કોઈ ના કરી શકે. આપણો વિકાસ આપણે પોતે જ કરી શકીએ. જાતને પ્રખર આપણે જ બનાવી શકીએ. તમે આત્મશક્તિને હજી ઓળખી શક્યા નથી. ઍન્જિન કેટલું મોટું હોય છે ? 'એન્જિન છ લાખ રૂપિયામાં મળે છે. પણ ડ્રાઇવર ૨૫૦ રૂપિયામાં મળે છે. ડ્રાઇવર ઍન્જિન ચલાવે છે અને વિમાન કોણ ચલાવે છે ? તે કેટલામાં મળે છે ? પાંચ કરોડ રૂપિયામાં. તેને કોણ ચલાવે છે ? બેટા, પાઇલોટ ચલાવે છે. પાઇલોટ ના હોય તો વિમાન પડ્યું રહેશે. યંત્રો ગમે તેટલાં વિશાળ કે કમ્પ્યૂટરરાઇઝ્ડ જેવાં આધુનિક હોય પણ તે માણસો સિવાય ચાલી શકતાં નથી. ચેતનાની શક્તિ પણ કાંઈક એવી જ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રચંડ હોય છે. તેનું મહત્ત્વ પણ એવું જ હોય છે. તેને વિકસાવવાની પ્રક્રિયા આપણે ગાયત્રીમંત્રના માધ્યમથી કરીએ છીએ. તમારી ચેતના સૂતેલી છે, ખોવાયેલી છે કે મરી ગઈ છે અથવા તમે ગુમાવી બેઠા છો. તમે જે ચેતનાનું મહત્ત્વ સમજ્યા નથી. તેને અમે વિકસાવવાનું શીખવીએ છીએ. ગાયત્રી સાધના એનું જ નામ છે. આપણી ચેતના ખૂબ શક્તિશાળી છે. ને આપણા ભૌતિક અને ચેતનાના બંને ક્ષેત્રના પડકારો ઝીલી લેવા સમર્થ છે. હું તમને એનો દાખલો આપું છું. આ પૃથ્વી કેટલી વિશાળ છે ? તેનું વજન કેટલું છે ? સાહેબ, શું વાત કરવી ? પૃથ્વીની ઝડપ કલાકના છ હજાર માઈલ છે. હા, પૃથ્વી ખૂબ મોટી છે. તેના ઉત્તર ધ્રુવ ઉપર જો નાનું બાળક પહોંચી જાય અને પૃથ્વીના સમતોલનબિંદુ ઉપર એક જોરદાર મુક્કો મારે તો પણ પૃથ્વી ડગમગી જશે. કાં તો તે પોતાની જે કક્ષામાં ભ્રમણ કરે છે તે બદલી નાખશે અથવા ફરવાનું બંધ કરી દેશે અથવા તો ભ્રમણકક્ષા નાની કે મોટી થઈ જશે. એક મુક્કાથી તે ભ્રમણકક્ષા છોડીને અવકાશના બીજા ગ્રહ જોડે ભટકાઈ જાય એ પણ શક્ય છે. તે મંગળ ગ્રહનો ભૂકો કરી નાખે અથવા તેનો પોતાનો ભૂકો થઈ જાય એમ પણ બને. દિવસો લાંબા થઈ જાય એવું પણ બને. ૩૬૫ની બદલે ૨૦-૨૫ દિવસનું વરસ બની જાય એમ પણ બને. ૨૪ કલાકના બદલે ૬ કે ૬૦૦ કલાકનો દિવસ થઈ જાય એમ પણ બને. કાંઈ નક્કી નહીં. બાળકના એક મુક્કાથી પણ ગમે તે થઈ શકે. ચેતના સામે જડની કોઈ વિસાત નથી. આવી ચેતનાને તમે ભૂલી ગયા ? અને તમે ઓળખી ના શક્યા ? તમે તેને વિકસાવવા ઈચ્છતા નથી. તમે તમારી ચેતનાને સુધારો, વિકસાવો અને સમર્થ બનાવો એ જ ગાયત્રીસાધનાનો ઉદ્દેશ્ય છે.

ચેતના કેટલી શક્તિશાળી છે ? બેટા, ચેતનાની તાકાતનો ખ્યાલ આપવા માટે હું તમને વીસ લાખ વર્ષ પહેલાંના જમાનામાં લઈ જવા માંગું છું. ત્યારે પૃથ્વી ઉપર માત્ર નાના-નાના જંગલી જીવો અને પ્રાણીઓ જ હતાં. આ પૃથ્વી ઉપર ઊંચાનીચા આડાઅવળા ખાડાટેકરા જ હતા. ચંદ્રમા ઉપર દેખાય છે તેવા જ ખાડાટેકરા આપણી પૃથ્વી ઉપર દરેક જગ્યાએ હતા. પૃથ્વી ખૂબ જ કઢંગી, કદરૂપી હતી અને એની ઉપર ભયંકર પ્રાણીઓ જ વસતાં હતાં. ત્યાર પછી તેમાં કેટલાંય પરિવર્તનો આવ્યાં. માણસની બુદ્ધિ અને ચેતનાએ આખી પૃથ્વીને કેવી રમણીય બનાવી દીધી છે ? કેટલીયે જગ્યાએ ફૂલ જેવા સુંદર તાજમહેલ બનાવ્યા છે, બગીચા બનાવ્યા છે અને હજારો એકર જમીન સમતલ અને સપાટ બનાવી છે.

માણસ તેના ઉત્ક્રાંતિના પ્રારંભકાળમાં વાંદરાના રૂપમાં અને આદિમાનવના રૂપમાં હતો. ચેતનાને તમે કશુંક કરી શકો એવું જરૂરી લાગ્યું. ત્યારે એણે તમારી આંગળીઓનો વિકાસ કર્યો જેને કારણે તમારી દસે આંગળીઓ વાંદરાઓ કે દુનિયાનાં અન્ય પ્રાણીઓ કરતાં વધારે સુંદર અને ઉપયોગી બની ગઈ. દસે દિશામાં વળી શકે તેવા સુંદર હાથ બીજા કોઈ પ્રાણી પાસે નથી. ક્યાંય નથી. આ બધું શી રીતે થયું ? આપણી ઇચ્છાશક્તિને કારણે. આ બધી વસ્તુનું સર્જન ઇચ્છાશક્તિએ કર્યું છે. આ બધા ચમત્કારો ચેતનાના છે. જમીનથી માંડીને સંસ્કૃતિ, સભ્યતા, પરિવહન અને વિજ્ઞાન — આ બધાનો વિકાસ શેના કારણે છે ? તમે સમજતા કેમ નથી ? આ બધો માણસની ચેતનાનો ચમત્કાર છે. ચેતનાનો વિકાસ કરવામાં આવે તો માણસ શું ના કરી શકે ? અમે તો એટલું જ કહીશું કે માણસ ભગવાન જેવો બની શકે છે. માણસ ભગવાન જેવી ઉચ્ચ કક્ષા સુધી વિકાસ સાધી શકે છે. ચેતનાની સુધારણા કરવી, તેનો વિકાસ કરવો એનું નામ જ સાધના છે. આંતરમનની કઢંગી, કદરૂપી કે ખાડાટેકરાવાળી વસ્તુને સમારીને સમતલ, સુયોગ્ય બનાવવાનું નામ જ સાધના છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**આપણી આંતરચેતના એ સાચી દેવી છે.**

મિત્રો ! માણસનું જીવન કેવું અસ્તવ્યસ્ત, અણઘડ અને કુસંસ્કારી છે તેનો હું ખ્યાલ આપવા માગું છું. આપણું જીવન ખૂબ જ દિશાવિહોણું, સંસ્કાર-વિહોણું, ધ્યેયવિહોણું, ક્રિયાવિહોણું, શિસ્તવિહોણું અને આડેધડ છે. મિત્રો ! આ બધી બાબતોને સુધારવામાં આવે. વિચારોને સુધારીએ, ભાવનાઓને અને કાર્યોને સુધારીએ તો આપણે કેવા સુંદર બની જઈએ ? આપણે કેવા સુઘડ બની જઈએ ? હું તમને શું કહું ? જો તમે ચમત્કાર, લાભ, વરદાન, આશીર્વાદ, વૈભવ અને આધ્યાત્મિક મહત્ત્વની વાત સાંભળી હોય તો સમજી લેજો કે આ બધી વિશેષતાઓ માણસની આત્મ-ચેતનાની છે. તેમાં વિકસિત સ્વરૂપની છે. બીજા કશાયની નથી. દેવીની હોય છે. તે દેવી કઈ હોઈ શકે ? આપણી આંતર્ચેતના વિકસે ત્યારે કેવી બની જાય છે ? એ સિદ્ધિ બની જાય છે. જે આપણને સંભાળી અને સુધારી શકે છે, જેને આપણે સંસ્કૃતિ કે સભ્યતા કહીએ છીએ, જેને જીવનસાધના કહીએ છીએ. હજામ શું કરે છે ? તે જાણે દાઢીમૂછ ક્યારેય ઊગ્યા જ ન હોય એવી સાફ હજામત કરી આપે છે. આ જાદુ છે, હજામત કરનારાનો. આપણને સુંદર બનાવવાનો જાદુ તેનો છે. દરજી આપણા જૂનાં કપડાં સીવીને નવાં કરી આપે છે. ઝભ્ભો બનાવી આપે છે. બંડી બનાવી આપે છે. આ અઢી વાર કપડું તો સવારે હતું તે જ છે. હવે કેવું સુંદર લાગે છે ? કમાલ છે. બટન, ગોઠ, કિનારી, બાંયો બધું કેવું કરામત જેવું લાગે છે. એ દરજીની કમાલ છે. કપડું હમણાં કેવું મેલુંઘેલું લાગતું હતું ? કેટલાય ડાઘા પડ્યા હતા અને હવે ગળી-સાબુ લગાડ્યા પછી કેવો ચમત્કાર થયો ? એકદમ ચોખ્ખું થઈ ગયું. આવા ચમત્કારનું નામ સાધના છે. ધોવાની સાધના ધોબીની છે. શિલ્પીના સાધના જુઓ. પથ્થરના એક ટુકડાને નાનીસરખી હથોડી અને ટાંકણાની મદદની ખોતરવા-ખોદવા માંડે છે અને બેચાર દિવસમાં તો આબેહૂબ લક્ષ્મીજીની મૂર્તિ તૈયાર. ખબર પણ ના પડે કે શું આ એ જ પથ્થર છે ? બેટા, આવો છે સાધનાનો ચમત્કાર !

**અણઘડમાંથી સુઘડ બનવું એ જ સાધના**

હમણાં હું તમને સાધનાનું મહત્ત્વ સમજાવતો હતો. આ તુચ્છ ઉતરતી કક્ષાના બેકાર પથ્થર જેવા જીવનને તમે ઉત્તમ અને શાનદાર બનાવી શકો છો. સોનાનો એક ટુકડો લઈ જાવ. ના સાહેબ, અમે શું કરીશું ? ક્યાંક પડી જશે. ખોવાઈ જશે. લો, હવે અમે શું બનાવ્યું ? આ કાનનું ઝૂમખું બનાવ્યું, વીંટી બનાવી. હા સાહેબ, હવે એ ખૂબ સુંદર બની ગયો, શું આ એ જ ટુકડો છે ? આ સોનીની સાધના છે. તેણે ધાતુના ટુકડામાંથી કેવા મજાના દાગીના ઘડી કાઢ્યા ? આપણું જીવન પણ ઢંગધડા વગર, હેતુ વગર પસાર થઈ રહ્યું છે. આવા અસ્તવ્યસ્ત જીવનને સંભાળવા સુધારવાની પ્રક્રિયાનું નામ જ સાધના છે. અમે તમને શરૂઆતમાં રીતભાત અને સભ્યતા શીખવાડી હતી. પલાંઠી વાળીને બેસવું, મને લગાડીને કામ કરવું, સરખી રીતે બેસવું, હાલ્યાડોલ્યા વગર બેસવું. મિત્રો, આવી શિસ્ત કેળવવી એ આજનો વિષય નથી. ક્યારેક સમય મળશે ત્યારે તમને સમજાવીશ કે જે બધા તમને સાધનાની બાહ્ય રીતભાત પદ્ધતિઓ શીખવાડે છે તેમનો ઉદ્દેશ્ય શું છે ? દરેક કામનો કાંઈક હેતુ તો હોવો જ જોઈએ. કેમ સાહેબ, પલાંઠી વાળીને શું કામ બેસો છો ? પદ્માસન વાળીને શું કામ બેસો છો ? અમે તો પગ લાંબા કરીને જ બેસીશું. ના બેટા, એમ ના બેસાય, ના અમે તો પગ લાંબા ટૂંકા કરે જ રાખીશું. બેટા, આ ખોટું છે. ના, અમે તો માથા નીચે તકિયો મૂકીને જ માળા જપીશું. બેટા એમ ના કરાય, એ યોગ્ય નથી. આ બધું શું છે ? શિસ્ત છે. આપણે સાધનાના માધ્યમથી આપણા વ્યાવહારિક જીવનને શિસ્તબદ્ધ બનાવીએ છીએ. આપણા વિચારો, કાર્યો, ઇચ્છાઓ અને શ્રદ્ધાઓને સુધારીએ છીએ અને જીવનને નિયમબદ્ધ બનાવીએ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છીએ. હકીકતમાં એનું નામ જ સાધના છે.

જે માણસ સોની, શિલ્પી, દરજી કે ગાયકની માફક જાતને કેળવે છે તેને જ સાચો સાધક કહેવાય છે. તમે તમારા સૂરને, ગળાને એવી રીતે સાધો કે ખૂબ મજા પડે એવો સરસ મીઠો અવાજ નીકળે. અને આ સિતારના તારને ઝણઝણાવો એ સાધના શેની છે ? તારની ? એ ગળાની સાધના છે. એ પથ્થરની સાધના છે. એ દરેક વસ્તુની સાધના છે. એ જીવનની સાધના છે. ઉત્તમ જીવન કેવી રીતે જીવી શકાય, તેને ઉદ્યમશીલ અને દેવતુલ્ય કઈ રીતે બનાવી શકાય ? અસ્તવ્યસ્ત જીવનને સુવ્યવસ્થિત કઈ રીતે બનાવાય ? જો તમે આ બધું બરાબર જાણી-સમજી લો તો બેટા, તમે ધન્ય થઈ જશો. તમે ઇચ્છો તે બની શકશો. તમે અન્ય વિચારો મનમાંથી કાઢી નાખો.

### બધું અંદર જ સમાયેલું છે

અત્યાર સુધી તમે વિચારના હતા કે આ બધું તમે બહારથી ક્યાંકથી મેળવી શકશો. ઘણીખરી વસ્તુઓ બહારથી મેળવી શકાય છે, એવો તમારો ખ્યાલ હતો. આવા વિચારો મનમાંથી કાઢી નાખવાની હું તમને પ્રાર્થના કરું છું. જે વસ્તુ બહાર દેખાતી હોય છે, હકીકતમાં એ અંદરથી જ આવતી હોય છે. બહાર તો તેની સુગંધ જ આવે છે. જેમ કે કસ્તૂરી-હરણની નાભિમાં હોય છે. પરંતુ તે તો એમ જ સમજતું હોય છે કે તેની સુગંધ હવામાંથી આવે છે. બેટા, સુગંધ કદી બહારથી આવતી નથી. તે તો અંદરથી ફેલાતી હોય છે. સારું, હવે કહો કે મધમાખીઓ જે મધ એકઠું કરે છે, તે ક્યાંથી આવે છે ? એ મધ ફૂલોની અંદરથી આવે છે. લો, અમે તમને ફૂલ આપીએ, તમે તેમાંથી મધ કાઢી લાવો. તમે તે નહીં કાઢી શકો. તમે તેને કોઈ કેમિસ્ટની લેબોરેટરીમાં લઈ જાવ, અને કહો કે ગુરુજીએ આ ફૂલ મોકલાવ્યું છે. તેમાંથી મધ કાઢી આપો. કોઈ તેમાંથી મધ કાઢી નહીં શકે. મધમાખીના મોંઢામાં જે રસાયણો હોય છે એ ફૂલના રસને પોતાની આગવી રીતે ઓગાળે છે અને એ બંનેના મિશ્રણથી બધો રસ મધ બની જાય છે. ગાયની અંદર રહેલાં રસાયણો ઘાસ સાથે એવી રીતે સંયોજાઈને તેમાંથી દૂધ બની જાય છે. ગાયના પેટમાં રહેલા અવયવો હકીકતમાં દૂધ બનાવવાનાં યંત્રો છે. ના સાહેબ, દૂધ તો ગાયમાં હોય છે, વલોણામાં હોય છે, ખોળમાં હોય છે. ના બેટા, દૂધ વલોણામાં કે ખોળમાં નથી હોતું કે નથી તો ખોળને કારણે ગાય વધારે દૂધ આપી શકતી. હકીકતમાં ગાયની અંદરની સંરચના જ દૂધ ઉત્પન્ન કરે છે. બહારથી કશું આવતું નથી. સાપમાં ઝેર ક્યાંથી આવ્યું, કહેશો જરા ? સાપ માટી ખાય છે, કીડામંકોડા ખાય છે. માટીમાં ક્યાં ઝેર હોય છે ? કીડામંકોડામાં પણ ઝેર ક્યાં છે ? ઉંદરમાં પણ ઝેર નથી. તો સાપમાં ઝેર ક્યાંથી આવ્યું ? એ તેના શરીરમાંથી જ ઉત્પન્ન થાય છે.

રણ એટલા માટે બને છે કે ત્યાં વૃક્ષ નથી ઊગતાં. જો ત્યાં વૃક્ષો ઉગાડવામાં આવે અને ઊગવા લાગે તો થોડા વખતમાં રણ લીલુંછમ બની શકે છે. વૃક્ષોમાં વરસાદ ખેંચી લાવવાની શક્તિ છે, ચુંબક છે. ચુંબકમાં આકર્ષી લાવવાની, ખેંચી લાવવાની તાકાત છે. તે ધાતુને ખેંચી લાવે છે. ધાતુઓ બનાવવાની રીત એવી છે કે, ચુંબકની મદદથી કાચી ધાતુના કણ અને ટુકડાઓ ચુંબકત્વના આધારે ખેંચીને એકઠા કરવામાં આવે છે. આમ સોનાના કણેકણ ખેંચાઈને ખાણમાં ભેગા થઈ જશે. આમને આમ ધાતુની ખાણ મોટી થતી જાય છે. કારણ કે પેલું ચુંબક ધાતુને આકર્ષીને ખેંચે રાખે છે. બેટા, લાભ, ઉન્નતિ, પ્રગતિ, વૈભવ કે સિદ્ધિઓ વગેરે બીજું કાંઈ નથી. આ બધા માણસની વિકસિત ચેતનાનાં આકર્ષણો છે, ચુંબક છે. તમારી ચેતનાનો વિકાસ કરો અને બધું મેળવી લો.

### અધ્યાત્મનો સાર છે, આત્મસુધારણા

સામાન્ય રીતે એમ કહેવાય છે કે, ગુરુ મળી જશે તો પછી બધું મળી જશે. બેટા, ગુરુ એમ નહીં મળે. તારી અંદરની ચેતના જાગૃત થશે તો ગુરુ મળશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરંતુ તારી અંદરની ચેતના વિકસિત નથી. તું સાવ ઘૃણાસ્પદ બની ગયો છે. શુદ્ર બની ગયો છે. તો પછી ગુરુ આવીને શું કરશે ? ઊલટાનું તેનું નામ કપાશે એટલે ભાગી જશે. અને કહેશે કે, હું ક્યાં ભરાઈ પડ્યો ? નહીં, હું ગુરુને પગે લાગી - હાથ જોડીને મનાવી લઈશ. બેટા, અશક્ય છે. બેટા, દેવતાની શક્તિ મેળવવા માટે પોતાની અંદર દેવત્વ વિકસાવવું જોઈએ. ભગવાનની શક્તિ મેળવવા માટે પોતાની અંદર ભક્તિ વિકસાવવી જોઈશે. મંત્રની શક્તિનો વિકાસ કરવા માટે તમારી અંદર સંયમશીલતાનો વિકાસ થવો જોઈએ. પોતાની જાતને સુધારવી, સમારવી (માવજત કરવી), યોગ્ય બનાવવી એનું નામ છે - અધ્યાત્મ. એનું જ નામ ભજન છે. જેમાંથી આપણે આંતરિક મહાનતા જાગૃત કરી શકીએ, વધારી શકીએ છીએ. આપણે આપણી આંતર્ચેતનાને કેવી રીતે વિકસાવી શકીએ ? કેવી રીતે સંપત્તિવાન બની શકીએ ? કેવી રીતે મોટા માણસ બની શકીએ ? એ ઉપાસના હું તમને કાલે જણાવીશ.

તમને ગાયત્રી ઉપાસનાના આધારે જે સંકેતો, પ્રતીકો અને ક્રિયાઓ જણાવવામાં આવ્યાં હતાં. એની પાછળ શો ઉદ્દેશ્ય છે ? કઈ પ્રેરણા છે ? એ કલેવર પાછળ કયો પ્રાણ રહેલો છે ? બાહ્ય પરિવર્તન વિષે હું જણાવી ચૂક્યો છું. હવે તમને તેના પ્રાણ વિષે જણાવીશ. ઉપદેશો, દિશાસૂચનો, પ્રેરણાઓ અને પદ્ધતિઓની સમજણ આપીશ જેથી તમે તમારું જીવન સુધારીને કઈ રીતે ભગવાનને મેળવી શકાય તે જાણી શકો. મિત્રો ! આધ્યાત્મિકતાનો આ એક માત્ર ઉદ્દેશ્ય છે. ગાયત્રી ઉપાસનાનો પણ એક જ ઉદ્દેશ્ય છે. ગાયત્રી ઉપાસનાથી જે શક્તિ આવે છે, તે અંદરથી જ આવે છે. બીજે ક્યાંયથી નથી આવતી. તમે ગાયત્રી ઉપાસના કરો કે નમાજ પઢો. ક્યાંયથી તમને જે શક્તિ મળશે તે તમારી અંદરથી જ આવશે. ભગવાને કહ્યું છે કે "આત્મૈવ હ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ" આપણો આત્મા જ આપણો મિત્ર છે અને એ જ આપણો દુશ્મન છે. એટલા માટે મિત્રો ! 'ઉદ્ધરેદાત્મનાત્મનં' અર્થાત્ ઉદ્ધાર થશે તો પોતાનો ઉદ્ધાર પોતાના દ્વારા જ થશે. 'નાત્માનવસાદયેત્' પોતાની જાતનું અવમૂલ્યન ના કરો. નહીં સાહેબ, મારું પતન તો બીજું કોઈ કરી રહ્યું છે. તને કોણ નીચે પાડે છે ? ભૂત, ભવિષ્ય, ભગવાન કે રાહુ નીચે પછાડે છે ? મૂર્ખ, તું નકામી વાત કરે છે. બિચારા રાહુ અને કેતુ ઉપર ખોટો આરોપ લગાડે છે. આવા ખોટા આરોપ લગાડે છે પણ પોતાનો દોષ કેમ નથી જોતો ?

મિત્રો ! તમારે શું કરવાનું છે ? 'નાત્માનમવસાદયેત્' તમારી જાતને નીચી ના પાડો. તેને ઊંચે લાવો. વિકસાવો તમે જ તમારા સૌથી સારા મિત્ર છો, અને તમે જ તમારા સૌથી ખરાબ શત્રુ છો. આ સત્યને તમે સાવ ભૂલી ગયા છો. અધ્યાત્મ તમારી જાતને ઓળખવાનું શીખવે છે. 'આત્મા વા અરે દ્રષ્ટવ્યઃ શ્રોતવ્યો નિદિધ્યા-સિતવ્યો. મૂર્ખાઓ તમારી જાતને જુઓ ઓળખો, સમજો, જાણો, સુધારો અને યોગ્ય બનાવો અને પછી જુઓ કે જે કાંઈ તમે ઇચ્છો તો સઘળું તમારી પાસે દોડતું આવે છે કે નહીં ? જ્યાં સુધી તમે તમારો ઉદ્ધાર કરવા તૈયાર નહીં થાવ ત્યાં સુધી સફળતાઓ તમારાથી દૂરને દૂર ભાગતી રહેશે. મિત્રો ! આપણી આવી વિકસિત આંતર્ચેતના, વિકસિત દૃષ્ટિનું નામ છે — સ્થિતપ્રજ્ઞતા. એનું જ નામ છે ઋતંભરા પ્રજ્ઞા. એનું જ નામ છે ગાયત્રી. આપણે જો પરિશ્રમ કરીને આત્મસુધારણા કરીને આત્મસંઘર્ષ કરીને ગાયત્રીની ઉપાસના કરી શકીએ, સાધના કરી શકીએ તો મિત્રો ! ગાયત્રીના તમામ ચમત્કારો અને સઘળી સિદ્ધિઓ તમારાં ચરણો ચૂમતી ખેંચાઈ આવશે. એ વિષે અથર્વવેદમાં કહ્યું છે કે, "સ્તુતા મયા વરદા વેદમાતા પ્રચોદયન્તાં પાવમાની દ્વિજોનામ્. આયુઃ પ્રાણ પ્રજાં પશું કીર્તિ, દ્રવિણં બ્રહ્મવર્ચસમ્ મહ્યં દત્વા વ્રજત બ્રહ્મલોકમ્."

જેઓ ઋતંભરા પ્રજ્ઞાના રૂપમાં પ્રાણવાન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગાયત્રીની સાધના કરે છે તેમને આયુષ્યથી માંડીને પ્રાણ સુધીની તમામ વસ્તુઓ મળી શકે છે. જેમાં ધન, સંતાન, કીર્તિ વગેરે તમામ વસ્તુઓનો સમાવેશ થઈ જાય છે. આપણે સાધના દ્વારા જ આપણા અંતઃકરણનાં મળ અને આવરણો સાફ કરવાનાં હોય છે અને આપણામાં દબાઈને રહેલી વિશેષતાને, યોગ્યતાને અને ક્ષમતાને વિકસાવવાનાં હોય છે. આ છે ગાયત્રી ઉપાસનાનું પ્રાથમિક સ્વરૂપ. આ જ છે ગાયત્રીની ભૂમિકા, ગાયત્રી ઉપાસનાના જે ક્રિયાકાંડો, કર્તવ્યો બતાવવામાં આવ્યાં છે એના માટે તમારે શું કરવાનું છે? કઈ રીતે કરવાનું છે ? કયા કયા ઋષિઓએ ઋતંભરા પ્રજ્ઞાની ઉપાસના કરી હતી ? અને શું પામ્યા હતા ? વગેરે બાબતો આના પછીનો વિસ્તાર છે. મૂળ સારાંશ આજે તમને જણાવ્યો એટલો જ છે. આજની વાત સમાપ્ત.

॥ ૐ શાંતિ ॥

## આત્મૈવેદં સર્વમ્

*હવા, પાણી અને ખોરાકના આધારે શરીર જીવતું રહી શકે છે, જ્યારે સંપન્નતા-પરિશ્રમ, ચતુરાઈ અને સાધનો પર અવલંબિત છે, પરંતુ અંતરાત્માને પોષણ આપવાનો સહારો આમાંથી કોઈનાય આધારે મળતો નથી. એ સર્વની મદદ વડે શરીરને લગતી વિલાસતા, તૃષ્ણા અને અહંકારને પોષણ મળે છે. ચમચાઓને મોઢે વખાણ પણ સાંભળી શકાય છે, પરંતુ આત્મિક વિભૂતિઓને મેળવ્યા સિવાય તૃપ્તિ, તુષ્ટિ અને શાન્તિનું રસાસ્વાદન કોઈ જ કરી શકતું નથી.*

*સમૃદ્ધિ બીજાઓને પ્રભાવિત કરી શકે છે, પરંતુ શ્રદ્ધા અને સદ્ભાવ મેળવવા માટે આંતરિક ઉત્કૃષ્ટતાની આવશ્યકતા પડે છે. આનું જ બીજું નામ સજ્જનતા છે. એને પવિત્રતા, મહાનતા, ઉદારતા અને સંયમશીલતાની કિંમત વડે જ મેળવી શકાય છે.*

*જો શરીરને જ બધું માનવામાં આવે તો તેને માટે સુવિધા પ્રાપ્તિથી, વિલાસ-વૈભવથી કામ ચાલી શકે છે, પરંતુ એમ જણાય કે આપણી અંદર અંતરાત્મા નામની કોઈ ચીજ છે અને એ પણ પોતાની જરૂરિયાતો દર્શાવે છે, તો પછી એ જરૂરી બની જાય છે કે, મહાનતા અને શાલીનતાને પોતાના ચિંતન અને ચરિત્રનું અવિભાજ્ય અંગ બનાવવામાં આવે. નિર્વાહથી સંતોષ માનવામાં આવે અને પોતાની પ્રતિભાને આત્મ-પરિષ્કાર માટે નિયોજિત કરવામાં આવે.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપણા સાથે આપણી વાત –

# યુગપરિવર્તનની અંતિમ ક્ષણો આવી પહોંચી, હવે તો જાગૃત થાવ

આ અંક વસંતના સમયે લખાઈ રહેલો 'યુગપરિવર્તન વિશેષાંક' છે. એક તો સંક્રાતિકાળ અને એમાંય અમારી ગુરુસત્તાના આધ્યાત્મિક જન્મદિવસ જેવો વસંતોત્સવ. આજે અમે એક મહત્ત્વપૂર્ણ સંદેશ લઈને આવ્યા છીએ કે, યુગપરિવર્તનના આ સમયે આપણે જો ચેતી જઈશું અને જાતને સંભાળી લઈશું તો ચોક્કસ શ્રેયના અધિકારી બનીશું. અવસર ચૂકી જઈશું તો હાથમાં પસ્તાવા સિવાય કશું નહીં આવે. આ અંક તમે બે વાર, વારંવાર વાંચો કે જેનાથી તમને ખાતરી થઈ જાય કે, ઇતિહાસ અને બીજા દરેક ક્ષેત્રના જાણકારો જે કાંઈ બનવા જઈ રહ્યું છે, તેની છડી પોકારી રહ્યા છે. બાકી જો સામૂહિક આપઘાતના તાંડવનૃત્યના ભાગીદાર જ બનવું હોય તો આળસ કરીને મૂક પ્રેક્ષકની જેમ જોયે રાખવા સિવાય બીજું કશું કરવાની જરૂર નથી.

હાલનો સમય સમજદારીથી કામ લઈને આગામી અઢીત્રણ વર્ષોની પોતાની જીવનયાત્રાની પ્રત્યેક ક્ષણ પૂરેપૂરી જાગૃતિ, તત્પરતા અને સમર્પણની ભાવના સાથે સાવચેતીથી પસાર કરવાનો આપત્તિકાળ છે. જે ઋષિ દંપતીએ - ગુરુશક્તિએ - તેમનું આખું જીવન દૈવી સંસ્કૃતિને ઘેરઘેર પહોંચાડવાના કામમાં ખર્ચી નાખ્યું છે, જેમણે સમિધ અને ઘીની જેમ આ વિરાટ હવનકુંડમાં પોતાની જાત હોમી દીધી છે, તેમના સિંહદાન પ્રત્યે આપણને સ્હેજ પણ કૃતજ્ઞતાની ભાવના હોય તો આ પ્રજ્ઞાવતાર થવાના સમયે ચાલી રહેલા લોકસેવાના પરમપુણ્ય પ્રયોજન જેવા બ્રહ્મયજ્ઞમાં એક ક્ષણ બગાડ્યા વગર પોતાની જાતને તેમાં લગાડી દેવી જોઈએ. પેટ-પ્રજનન અને સાધનસગવડ માટે વિતાવવાનો સમય તો પછી પણ મળી રહેશે. પરંતુ આપત્તિકાળની આ ક્ષણો વારંવાર નહીં આવે. દરેક પરિજન વાચક તરીકે અથવા હિતેચ્છુ સભ્ય તરીકે અખંડજ્યોતિના તત્ત્વજ્ઞાન સાથે કોઈને કોઈ સ્વરૂપે સંકળાયેલો છે તેમજ પરમ અદૃશ્ય શક્તિની ઇચ્છાનુસાર ભેગા કરવામાં આવેલા હીરામાણેકની માફક એક અમૂલ્ય માળામાં પરોવાયેલો છે. હવે તેણે યુગાવતારના ગળાના હાર બનવાનું છે. રાવણયુગની વિકૃતિઓનો નાશ કરવા માટે રીંછવાનરોએ જે ભૂમિકા ભજવી હતી, કંસ અને દુર્યોધનના અનાચારનો નાશ કરવા માટે પાંડવોએ જે ફાળો આપ્યો હતો – બરાબર એવું જ કામ હવે આપણે કરવાનું છે. સવાલ આપણી ઓછી લાયકાત, અલ્પ સાધનો અને ઓછી શક્તિનો નથી. મહત્ત્વનો સવાલ આ વિશિષ્ટ સમયમાં આપણી ભાવનાઓનો સ્તર વિકસાવવાનો છે. આપણે જો યુગકર્તવ્યો વિષે ઉત્સાહી હોઈશુ તો, આપણે એવી સામૂહિક સત્પ્રવૃત્તિઓ તાત્કાલિક હાથ ધરીને આજે વિશ્વમાનવનું ભવિષ્ય હંમેશને માટે અંધકારમય બનાવી દેવા માટે પ્રચંડ ગતિએ ધસમસી રહેલા સર્વનાશી વંટોળિયાને રોકી શકીશું.

મહાકાળના આ પડકારને સ્વીકારી લેવો એ જ બધા માટે કલ્યાણકારી છે. તેનાથી મોં ફેરવી લઈશું તો અનાર્ય, નારકીય અને અપયશકારી નિયતિના ભોગ બનવું પડશે. મોહગ્રસ્ત થઈને પલાયન થઈ રહેલા અર્જુનને જે ગીતા સંભળાવવામાં આવી હતી, આજે તેને સાંભળીને હૃદયના તાર ઝણઝણાવી મૂકવાનો અવસર આવ્યો છે. આપણે ગાંડીવ એક બાજુ મૂકી દઈશું કે 'અમને કેમ ના પૂછ્યું ?' 'અમે વરિષ્ઠ હતા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તો પણ, અમને શ્રેય કેમ ના આપ્યું ?' એવું કહીને મોં ફેરવી લઈશું અને યુગના પોકારથી વિમુખ થઈ જઈશું તો આપણે દુર્ભાગ્યના ભોગ બનીને ઘણું બધું ગુમાવવું પડશે. હવે જ્યારે આપણો કાફલો છેલ્લા પડાવ ઉપર પહોંચવા આવ્યો છે ત્યારે આવું હરગીજ બનવા ના દેવાય. દરેકને એની ઉત્તેજનાનો અનુભવ થવો જ જોઈએ.

પરમ પૂજ્ય ગુરુદેવ જ્યારે શક્તિપીઠોનાં ઉદ્‌ઘાટનોના પ્રવાસોના અંતિમ તબક્કામાં હતા ત્યારે જે-તે વિભાગમાંથી રોજેરોજ પરમવંદનીયા માતાજીને અથવા અભિયાનના વરિષ્ઠ કાર્યકરોને એકાદ બે પત્રો લખીને એમના એ સમયના વિચારો, વેદનાઓ અને ભવિષ્યની યોજનાઓ વિષે જણાવતા રહેતા. આવો ક્રમ તેમના આખાય પ્રવાસ દરમ્યાન ચાલતો રહ્યો હતો. પરંતુ ૧૯૮૨ના છેલ્લા પ્રવાસમાં શક્તિપીઠનાં ઉદ્‌ઘાટનો અને પ્રચાર-પ્રવાસ દરમ્યાન એકઠી થતી મેદનીની મનોદશાનો અભ્યાસ કરીને લખ્યું હતું કે —"હવે મોટા પાયા ઉપર સાધનો ઊભાં કરવાનો સમય આવી પહોંચ્યો છે. મારા હૃદયના ટુકડા જેવા પ્રિય કાર્યકરોને પોતાની સાધના છોડીને લોકસન્માન અને કીર્તિ મેળવવા માટે જ્યારે મારી આજુબાજુ એકઠા થતા જોઉં છું ત્યારે મને ખૂબ દુઃખ થાય છે. હું તો આ શક્તિપીઠોના માધ્યમ દ્વારા સંગઠનનું પાયારૂપ માળખું ઊભું કરવા ઇચ્છતો હતો. પરંતુ અત્યારે સંક્રાતિકાળની એક એક ભારેખમ ઘડીઓ પસાર થઈ રહી છે ત્યારે હું મનમાં ખિન્નતા લઈને પ્રવાસમાંથી પાછો ફરી રહ્યો છું. જેથી તમારી સાથે આગળ ઉપર શું નવીન કરવા જેવું છે તે વિષે વિચારવિમર્શ કરી શકાય." તે વખતે પ્રજ્ઞાપુરુષના મનમાં કેવી વેદના હશે તે આજે સૌ કોઈ સમજી શકે એમ છે. પ્રવાસમાંથી પાછા ફર્યા બાદ ગુરુદેવે બે તંત્રીલેખ લખ્યા હતા. 'શું કાફલો અટવાઈ જશે ?' તથા 'મલાઈને તરીને ઉપર આવવા માટે આમંત્રણ.' આ બંને લેખ અખંડ જ્યોતિના એપ્રિલ, ૧૯૮૨ના અંકમાં 'આપણા સાથે આપણી વાત' વિભાગમાં પાના નં. ૫૩ થી ૬૦ સુધીમાં પ્રગટ થયા હતા. એ શબ્દો નહોતા. હકીકતમાં એ તેમના મનની પીડા હતી. મહાકાળની સમકક્ષ શક્તિની લાગણીપૂર્વક વ્યક્ત થયેલી આંતર્વેદના હતી. તેમાંથી અનેક વાંચકોનું હૈયું વલોવાઈ ગયું હતું અને મનોમંથન કરવા માટે ઉત્તેજનાપૂર્વક વિવશ બનાવી મૂક્યા હતા. તેનાથી કાર્યકરોમાં નવો પ્રાણ ફૂંકાયો હતો. તેનાથી પૂજ્યવર ગુરુદેવની કલ્પના પ્રમાણેનું તપોમય વાતાવરણ ઊભું થયું હતું. જેના સંકેતો સાધના દરમ્યાન સૌ કોઈને મળતા હતા. એના થોડાક મહિનાઓ બાદ ગુરુદેવની સૂક્ષ્મીકરણ સાધના શરૂ થઈ હતી.

આજના સમયે ઉપરનો પ્રસંગ એવું વિચારીને ટાંકવામાં આવ્યો છે કે, ક્યાંક એવા મતિભ્રમ, આત્મસંમોહન અને વિષાદ આપણા બધા ઉપર છવાઈ તો નથી ગયા ને ? જેનાથી વ્યથિત થયેલી ગુરુશક્તિ આવું લખવા માટે વિવશ થઈ ગઈ હતી. — "આ પરાક્રમ અને પૌરુષ દાખવવાનો સમય છે. શૌર્ય અને સાહસનો સમય છે. પરંતુ કશું સમજાતું નથી કે, આવા કપરા સમયે અર્જુનના હાથમાંથી ગાંડીવ છૂટતું કેમ જાય છ ? તેનું મોઢું કેમ વીલું છે ? પરસેવો કેમ છૂટે છે ? શું સિદ્ધાંતવાદ એ, જેની યથાર્થતા પારખવાનો કોઈ અવસર જ ના આવે એવો વિનોદ કે મનોરંજન છે ?" "એક મહાન પ્રયોજનની લાંબી યાત્રાએ નીકળેલો કાફલો આજે અટવાઈ ગયો છે ત્યારે તેના કારણ અને ઉપાયો તેઓ જાતે જ શોધી શકે એટલા માટે આ ચર્ચા અહીં કરવી પડે છે" ગુરુદેવે વરિષ્ઠો, વિશિષ્ટો અને વિશેષજ્ઞોના બનેલા કાફલાને બાળકો જેવું વર્તન કરતો જોયો હતો ત્યારે એમણે ઉપરના લખાણ દ્વારા પોતાની મનોવ્યથા વ્યક્ત કરી છે. તેનું અવળું અર્થઘટન કરવાની જરૂર નથી. જ્યારે સૂરજ આથમી જશે ત્યારે ઘટાટોપ અંધકાર સિવાય બીજું શું બચશે ?


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આજે યુગપરિવર્તનના આ ધસમસતા પ્રવાહની ગંભીરતાને સમજી શકે એટલા માટે પ્રતિભાઓને ફરી એકવાર હાકલ કરવામાં આવે છે. ખરેખર આપણે આવા આપત્તિકાળમાં આપણો અંતરાત્મા પોકારી પોકારીને જે કહેતો હોય તેવું કાર્ય કરવું જોઈએ. હજી તો વધુ મુશ્કેલીઓ આવવાની છે. હજી તો આફતોનાં વાદળ વધુ ઘેરાવાનાં છે. તો પછી 'હવે અમારાથી કશું થઈ શકે એમ નથી.' એવું કહીને અત્યારથી હાથ ઊંચા કરી દેવા તે પોતાનું અવમૂલ્યન કરવા ઉપરાંત સમય સાથે અન્યાય કરવા બરાબર છે. મંજિલ નજીક આવી પહોંચી છે - સત્યુગના ઉદયની લાલીનાં પ્રાથમિક ચિહ્નો દેખાવા લાગ્યાં છે. માત્ર થોડા સંઘર્ષનો સમય જ બાકી છે. તેને જો પોતાના પરાક્રમ અને સાધનાની મદદથી દૈવી ઈચ્છાઓને અનુસાર જાતને ઢાળી દઈને પસાર કરી નાખીએ તો પછી સફળતા અને જીન હાથવેંતમાં જ છે એવી ભાવના રાખવી જોઈએ.

આ લખાણ વસંતના આગમન સમયે લખાઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવની વેદનામાં ભાગીદાર બનવા ઈચ્છતા હોય તેમના માટે આ છેલ્લી તક છે. હવે પરિવારના દરેક સભ્યે આ અંકમાં દર્શાવેલ પુરુષાર્થ અને સાધનામાં સંલગ્ન થઈ યુગસૈનિક તરીકે તૈયારીઓ કરી લેવી જોઈએ જેથી યુગસંક્રાતિકાળ પૂરો થાય ત્યાં સુધીમાં તેઓ નક્કી કરી શકે કે, યુગ પરિવર્તનના મહાઅભિયાનમાં પોતે કયા સ્વરૂપે ભાગીદાર બની શકે એમ છે. આ વરસે પ્રયોજાયેલી સંસ્કાર મહોત્સવોની હારમાળા દરમ્યાન ચોમેર ઉત્સાહ ઉમટ્યો હતો. પરંતુ તેની સાથે સાથે જે સાધના અને પુરુષાર્થની અપેક્ષા હતી, તે જોઈતા પ્રમાણમાં થતા જણાયા નથી. જ્યાં પણ ધ્યાન બીજે દોરવાઈ જવાની વિખવાદની કે વિવાદની સ્થિતિ ઊભી થઈ છે એનું – કાર્યકરોની સાધકના રૂપે તૈયારીઓની ઊણપ – એ જ એક માત્ર કારણ છે. આ વરસે ચૂંટણીઓ પછીનાં આયોજનોની તૈયારીઓ થઈ ચૂકી છે. 'યથાનામ તથા સંકલ્પ' મહોત્સવ વિશાળ પાયા ઉપર સર્વત્ર સંપન્ન થશે. કારણ કે આ કાર્ય મહાકાળની સૂક્ષ્મ ચેતના દ્વારા કરાવાઈ રહ્યું છે. પરતુ મેદની કે ટોળાં ભેગાં કરવાનો કદાપિ આપણો આશય ન હતો અને છે નહીં. આપણું ધ્યેય તો વિચારક્રાંતિ છે. જ્ઞાનયજ્ઞ છે. આપણે યુગપ્રવર્તક છીએ અને પ્રજ્ઞાવતારની શક્તિના અંશ છીએ એટલા માટે આપણો પુરુષાર્થ પણ એવી ઊંચી કક્ષાનો હોવો જોઈએ.

આવી બધી બાબતોનો વિચાર કરીને હવે પરિવારના વધુને વધુ સભ્યોને વિશિષ્ટ સંધિકાળના ઊર્જાસંચાર સત્રો માટે શાંતિકુંજ ખાતે આમંત્રિત કરવામાં આવી રહ્યા છે. એ સિવાય વિભાગીય કક્ષાએ પણ ત્રણ પ્રકારના કાર્યક્રમો થઈ રહ્યા છે, જે એકસાથે અને અલગઅલગ એમ બંને રીતે ચાલુ છે. પહેલાં - પ્રજ્ઞાપુરાણના પાંચ કે સાત દિવસનું આયોજન અને તેનું નવકુંડી કે ચોવીસકુંડી યજ્ઞ સાથે સમાપન. તેમાં દરરોજ સંસ્કારોની દીક્ષા આપતા રહેવાના. બીજા મલ્ટીમીડિયા પ્રોજેક્ટરો અને સ્લાઈડ પ્રોજેક્ટરોના માધ્યમથી પ્રબુદ્ધ વર્ગની ગોષ્ઠિઓ ગોઠવવાના. ત્રીજા- યુવાન વિદ્યાર્થીઓને તેમજ સામાન્ય માણસો માટેની બે કે ત્રણ દિવસની યોગ પ્રશિક્ષણ શિબિરો ગોઠવવાના. આ ત્રણેય કાર્યક્રમોમાં (૧) શ્રદ્ધાના વર્ગમાં આવતા સમયદાનનો મહિમા મુખ્ય હોય તેવા (૨) સાધનાના વર્ગમાં આવતા ગાયત્રી સાધના, યજ્ઞ, સંસ્કાર, દેવસ્થાપના વગેરેનાં પરિણામો મુખ્ય હોય તેવા (૩) પર્યાવરણ, વનૌષધિઓના વર્ગમાં આવતા વિષયો મુખ્ય હોય તેવા અને (૪) સદ્જ્ઞાનના વર્ગમાં આવતા જ્ઞાન અને સાહિત્યની સ્થાપના મુખ્ય હોય તેવાં પ્રદર્શનો પણ અહીંથી મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આવા કાર્યક્રમોની હારમાળા ૧૯૯૮ની ગુરુપૂર્ણિમા પછી શરૂ થશે. પરંતુ કેન્દ્રના વરિષ્ઠ કાર્યકરો દ્વારા કાર્યકરોના સંગઠન માટેના પ્રવાસો તો માર્ચ મહિનામાં ચૂંટણી પછીથી શરૂ થઈ જશે. વિભાગીય કક્ષાએ પાંચ-


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પાંચ સભ્યોની ટુકડીઓ પણ બીજા નાના મોટા કાર્યક્રમો આપતી રહેશે. દોઢસો કાર્યકરોને ઉચ્ચ કક્ષાની તાલીમ આપવાનું કામ થોડા વખતમાં જ શરૂ થવાનું છે. જે લોકો મુખ્ય કાર્યકર્તા તરીકે કાર્ય આગળ ધપાવશે. કાર્યક્રમોના હાલના માળખામાં પણ ધરમૂળથી ફેરફાર કરાઈ રહ્યા છે. કાર્યક્રમોનો એક મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે. જે કેન્દ્રમાંથી મંગાવીને બધા કાર્યકરોની સંમતિ અને અનુમોદન મેળવ્યા બાદ તેને અનુસાર તૈયારીઓ મોટા પાયે આરંભાશે.

સમયની વિષમતાને ઓળખી જઈને આવો પુરુષાર્થ પ્રગટ થશે, વિષાદ આથમી જશે અને અત્યારે શાંતિકુંજ હરદ્વારના સંકુલમાં છવાયેલી જણાય છે તેવી ઉત્તેજના હરકોઈ પરિજનમાં ફેલાયેલી દેખાશે તેવી આશા રાખવામાં આવે છે.

## વિધાતાની કીમતી ભેટો

*એક સાચા મિત્રની જેમ જીવનની દરેક સવાર તમારા માટે સુંદર ભેટ લઈને પધારે છે. એ ઈચ્છે છે કે તમે તેની ભેટનો ઉત્સાહપૂર્વક સ્વીકાર કરો. એના વડે ઉજ્જવળ એવા ભવિષ્યને શણગારો. એ રાહ જુએ છે કે ક્યારે નવો દિવસ ઊગે અને ક્યારે એનાથીયે વધારે ઉમદા ભેટ આપવામાં આવે. સાથે સાથે જે આપવામાં આવેલ છે, એનું મહત્ત્વ સમજીએ અને આદરપૂર્વક ગ્રહણ કરીએ.*

*પરંતુ જે આપવામાં આવ્યું છે તેની કિંમત સમજવામાં આવતી નથી અને કચરાની જેમ તેને ફેંકી દેવામાં આવે છે, એટલે તે નિરાશ બનીને પાછું ફરે છે. વારંવાર અનાદર થવા છતાંય પણ ફરીફરીને અજાણ મુસાફરની જેમ આવે છે અને નિરાશ બનીને ચાલ્યું જાય છે.*

*ઈશ્વરે મનુષ્યને અગણિત સંપત્તિથી પરિપૂર્ણ જીવન આપેલું છે, પરંતુ તે પોટલી બાંધીને આપ્યું નથી. પણ એક એક ટુકડાના રૂપમાં આપેલ છે. નવો ભાગ આપતા પહેલાં જૂનાનો હિસાબ માગે છે. જેઓ ઉત્સાહથી હિસાબ રજૂ કરે છે તેઓ નવો કીમતી હિસ્સો પ્રાપ્ત કરે છે. આ દાનેશ્વરી મિત્ર ત્યારે ખૂબ જ નિરાશા અનુભવે છે કે જ્યારે તે જુએ છે કે પાછલી આપેલી ભેટોને ધૂળમાં ફેંકી દેવામાં આવી છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આત્મીય અનુરોધ ગુરુજીનો પ્યાર કેવી રીતે મેળવ્યો ?-૩

( પાછલા અંકથી આગળ )

પરમપૂજ્ય ગુરુદેવથી જે સ્નેહ, અનુદાન અમે મેળવ્યું તેનાથી આખુંય જીવન ગુરુસત્તાને સમર્પિત કરવા અમારે સંકલ્પિત થવું પડયું. સ્નેહ મમતાની દોરથી બંધાયેલ મન લોકસેવાનો પથ મેળવી આપ મેળે પુલકિત થવા લાગ્યું. પૂજ્યવર ગ્વાલિયરથી અમને મથુરા લઈ આવ્યા અને અહીંયાની વ્યવસ્થા કાર્યમાં સહભાગી થવાની જવાબદારી સોંપી. એક દિવસ પૂજ્યવર ખાટલા પર બેઠા હતા. વંદનીયા માતાજી પણ ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા-બેટા ! તમે આવી ગયા, હવે મિશનનું કાર્ય સેંકડોગણું વધશે. હવે મિશનને આવા જ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની આવશ્યકતા છે. અમે કહ્યું-માતાજી ! અમનો તો એક કક્ષા પણ ભણેલ નથી અને ન અધ્યાત્મનું કશું જ્ઞાન છે. પૂજ્યવર બોલ્યા-બેટા ! કબીર કયાં ભણેલા ગણેલા હતા. તમે તો બધું કરી શકો છો. તમને તમારો આ જન્મ દેખાઈ રહ્યો છે અમને તો પાછલા કંઈ જન્મોની પૂર્ણ સ્મૃતિ છે. હવે તમે આવી ગયા છો તો અહીંયા શિબિર ચલાવવાનું કાર્ય પણ નિશ્ચિત કરવાનું છે. તપોભૂમિની વ્યવસ્થા તમારે જ જોવાની છે. અને બધું પૂજ્યવરના ચરણોમાં સમર્પિત કરી જ દીધું હતું તેથી તેમની આજ્ઞા પ્રત્યે ''કરિષ્યે વચનં તવ'' ના રૂપમાં તો અમારે પ્રસ્તુત થવાનું જ હતું. જે કાર્ય સોંપ્યું, પૂરા મનથી કર્યું. ક્યાંય કોઈ અવજ્ઞા ન થાય તેનું પૂરેપૂરું ધ્યાન રાખ્યું.

ગાયત્રી તપોભૂમિમાં નવ દિવસીય સત્ર પ્રારંભ થયું. અહીંયા સ્થાન સીમિત જ હતા. શૌચાલય તથા સ્નાનાગાર વગેરે પણ પૂરા ન હતા, તેથી પ્રાતઃ ૪ વાગે શિબિરાર્થીઓને યમુના તટ પર સ્નાનાદિ માટે લઈ જવા અમારું કાર્ય હતું. પાણીનો એક કુવો હતો જેનું પાણી ખારું હતું. અહીંયાથી થોડે દૂર ચામુંડા દેવીનું મંદિર છે ત્યાંથી પીવાનું મીઠું પાણી લાવતા હતા. અખંડ જ્યોતિ કાર્યાલયથી નિત્ય પૂજ્યવર તથા વંદનીયા માતાજી આવતા હતા. અમને બધી વ્યવસ્થા સમજાવતા તથા એક એક શિબિરાર્થીઓથી વાતો કરતા, તેમની મુશ્કેલીઓ, કષ્ટ સાંભળતા અને કોઈ શિબિરાર્થી બીમાર હોય તો વંદનીયા માતાજી સ્નેહ મમતા આપતા, તેમના કપડાં સ્વયં ધોઈ સૂકવી જતા હતા. સેવા સુશ્રુષાની આ ભાવનાએ આટલા મોટા સંગઠનને મજબૂત બનાવેલ છે. વંદનીયા માતાજીના નિશ્ચલ પાવન અંતઃકરણથી દરેક શિબિરાર્થી બેહદ પ્રભાવિત થઈ જતા હતા. જે સ્થિતિ એક બેટીને પોતાના ઘરઆંગણેથી વિદાય કરતી વેળાએ થાય છે બરોબર તેવી ક્ષણ શિબિરોમાં વિદાયની વેળાએ જોવા મળી. પરમ પૂજ્ય ગુરુદેવ-વંદનીયા માતાજીની આંખો આંસુથી છલકાઈ જતી હતી દરેક સાધક ખૂબ રડી પડતા હતા. જે આંગણે જીવન જીવવાની કળા શીખી હોય, માની મમતા, પિતાનો પ્યાર મેળવ્યો હોય તે કેવી રીતે કોઈ ભૂલી શકે. કેટલા સૌભાગ્યશાળી છે તે પરિજન જેમણે વંદનીયા માતાજીના હાથથી બનેલ ભોજન કર્યું કેવા સંગઠનમાં થોડી આત્મીયતા, સ્નેહ, પ્રેમ, ઉદારતાની કેવી જરૂરિયાત હોવી જોઈએ તે શીખવું હોય તો પરમપૂજ્ય ગુરુદેવ વંદનીયા માતાજીના જીવનથી શીખી શકાય છે.

એક શિબિરમાં ભિંડના કાર્યકર્તા શ્રીહૃદયસ્થજી આવ્યા હતા. તેમને તાવે જકડી લીધા. એટલો વધારે તાવ હતો કે તે બેસુધ થઈ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગયા હતા અને પથારી ગંદી થઈ ગઈ. વંદનીયા માતાજીએ તેમના કપડા સાફ કર્યા. બીજા કપડા પહેરાવ્યા. જે પણ શિબિરાર્થી બીમાર પડતા વંદનીયા માતાજી તેમને જોવા અવશ્ય જતા અને ચા બનાવી જાતે લઈ આવતા. માથા પર હાથ ફેરવી કહેતા-બેટા ! હું તારી મા છું, ચિંતા ના કરીશ. બીમારીની સ્થિતિમાં ઘર પરિવારની, કુટુંબીઓની ઉણપ નહોતી સાલતી. એવો અનુપમ અનુગ્રહ ઋષિયુગ્મથી મેળવી દરેક ધન્ય થઈ જતા હતા.

શિબિરોમાં ૨૫-૩૦ પરિજન આવતા હતા. પૂજયવર પ્રવચન આપતા, ગોષ્ઠી લેતા, કાર્યકર્તાઓનું માર્ગદર્શન કરતા હતા. વંદનીયા માતાજી પ્રેરણાપદ ભજન, યુગ સંગીત કરતા હતા. પરમ પૂજય ગુરુદેવ સમય સમયે રામાયણ, ગીતા તથા સત્યનારાયણ કથાની વિશેષ શિબિર આયોજીત કરતા હતા, જેમાં આપેલ પ્રવચનોનો સાર જે અમે તે સમયે નોંધ કર્યો હતો, તેને માતૃસત્તા શ્રધ્ધાંજલિ સેટના અંતર્ગત રામકથાની પ્રબળ પ્રેરણા, આંતરિક જીવનમાં ભગવાનનો પોકાર, સત્યનારાયણ કથાનું દિવ્ય સામર્થ્ય પુસ્તકમાં ત્યારે પ્રકાશિત કર્યું હતું.

ગાયત્રી તપોભૂમિમાં ચાલનાર સાધના સત્રોમાં પ્રાતઃકાળ પંચગવ્યનું સેવન કરાવવામાં આવતું હતું. પંચગવ્યમાં ગાયનું દુધ, દહીં, ઘી, ગોમૂત્ર અને ગોબરનું મિશ્રણ રહે છે. કલ્પ સાધના, ચાંદ્રાયણ વ્રત વગેરે કઠોર સાધનાઓ દ્વારા આત્મશક્તિ જગાડતા હતા. ભોજન બનાવવાની પૂરી જવાબદારી વંદનીયા માતાજીએ પોતાના પર લીધી હતી. બધા શિબિરાર્થિઓને ભોજન કરાવવા ચાલતા તપોભૂમિથી ઘીયામંડી અખંડ જ્યોતિ સંસ્થાન લઈ જતા હતા. ત્યાં વંદનીયા માતાજી બધાને ભોજન કરાવતા હતા. બધા શિબિરાર્થી પોતપોતાની થાળી સાફ કરતા હતા. ગુરુદેવ તથા વંદનીયા માતાજી બંને ભોજન બનાવવાના વાસણો સાફ કરતા હતા.

પંચગવ્ય સેવનનો અભ્યાસ શિબિરાર્થીઓને ન હોવાથી પીવામાં કતરાતા હતા. પરંતુ ગુરુદેવનો દિવ્ય પ્રસાદ ભલા કોણ ગ્રહણ ન કરે તથા પૂજય ગુરુદેવની આજ્ઞાનું પાલન તો થવાનું જ હતું. શિબિરાર્થીઓને મળી એક દિવસ અમે જીભના સ્વાદ માટે એક યોજના બનાવી જેની પૂજય ગુરુદેવને ખબર પડવા દીધી નહિ. અમે ઠંડાઈ બનાવનારને બોલાવ્યો. તે સમયે ૨૫ પૈસામાં એક ગ્લાસ ઠંડાઈ મળતી હતી. અમે ઠંડાઈ બનાવનારને ઠંડાઈ બનાવી લાવવાનું નિત્યનું કામ સોંપી દીધું. બધા લોકોના જીભનો સ્વાદ બદલાયો, બધાએ અમારી પ્રશંસા કરી, એક દિવસ તો રહસ્ય ખૂલી ગયું, ગુરુદેવને ખબર પડી ગઈ કે અહીંયા ઠંડાઈ મંગાવી પીએ છે. મારા ઉપર ભારે ગુસ્સો ઉતારવાનો પ્રારંભ કરી દીધો. વંદનીયા માતાજીએ તેમને સંભાળ્યા નહીં તો તેમની પાસે ડંડો હોત તો મને માર જરૂર પડતો. વંદનીયા માતાજીએ કહ્યું-આ બાળકની શું ભૂલ છે ? ઠંડાઈ તો પીવડાવી, કોઈ ઝેર તો નથી પીવડાવ્યું.

પરમપૂજય ગુરુદેવે કહ્યું-અમે ૨૪ વર્ષ સુધી આ જીભને સાધી છે, કેવળ જવની રોટલી અને છાશ પર આટલો લાંબો સમય વિતાવ્યો છે, સાધના કોઈ રમત નથી. ઈન્દ્રિયોને કાબુમાં લાવવા માટે કેટલી મહેનત પડે છે. આ નાનો અમથો ત્યાગ તમે લોકો નહીં કરી શકો-તો સાધના સફળ કેવી રીતે થશે ? સ્વાસ્થ્ય અને સાધના બંને મેળવવા માટે મીઠું અને ખાંડનો ત્યાગ કરવો ઉત્તમ છે. અમારું અણઘડ મન ગુરુસત્તાના સાનિધ્યમાં સુઘડ બનતું રહ્યું.

એક દિવસ ભૂસાવળના કાર્યકર્તા શ્રી સરદાર સિંહજી નો એક પત્ર પૂજયવર પાસે આવ્યો જેમાં લખ્યું હતું, કે ભૂસાવળમાં પુરાણપંથી યજ્ઞ થઈ રહ્યો છે. જેમાં 'યુગ નિર્માણ યોજના' ના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રતિનિધિના પ્રવચન માટે સમય નિશ્ચિત કરી સ્વીકૃતિ મળી ગઈ છે, તેથી આપ કોઈ પ્રતિનિધિ મોકલો પૂજ્યવરે અમને બોલાવ્યા અને આ જવાબદારી સોંપી, અમે કહ્યું-ગુરુદેવ ! અમને તો પ્રવચન કરતા આવડતું નથી. ગુરુદેવે કહ્યું-તમે પોતાને સંદેશવાહક માનીને જાઓ. બોલતી વખતે એવું ન સમજવું કે પોતે જાતે બોલી રહ્યા છીએ, એવું સમજવું કે ગુરુદેવ બોલી રહ્યા છે. આત્મવિશ્વાસ જાગ્યો, અમે ભૂસાવળ માટે નીકળી ગયા. અમને ગુરુદેવે પહેલા જ બતાવી દીધું હતું કે ભૂસાવળ સ્ટેશન પર પીળી ઝંડી લીધેલ સરદારસિંહજી મળશે. અમે સ્ટેશન પર ઉતર્યા, પીળી ઝંડી લીધેલ ભાઈ સરદારસિંહ ઊભા હતા. તેમણે અમારું સ્વાગત કર્યું, ક્ષેમકુશળતા પૂછી તથા તેમના નિવાસ પર લઈ ગયા. સ્નાન-ભોજનથી નિવૃત્ત થયા. સાંજે કાર્યક્રમ સ્થળ પર અમને લઈ ગયા. અમે પ્રવચન પંડાલમાં સૌથી પાછળ હતા. પુરાણપંથી પંડિતોનું પ્રવચન થયું. બાદમાં મંચથી સંચાલકે કહ્યું કે ગાયત્રી પરિવારના પ્રતિનિધિને પંદર મિનિટનો સમય આપવામાં આવે છે. અમે મંચ પર પહોંચ્યા, બધાને અભિવાદન કર્યું, ગુરુદેવનું ધ્યાન કર્યું અને રામાયણ પર પ્રવચન કર્યું. નાની પરંતુ પ્રગતિશીલ વ્યાખ્યા આજ સુધી જનતાએ સાંભળી નહોતી. માત્ર કથા સાંભળી હતી. અમારુ પારિવારિક, સામાજિક આદર્શોના રૂપમાં પ્રસ્તુતીકરણ તેમને પ્રભાવિત કરી રહ્યું હતું. સમય ૧૫ મિનટ હતો તેથી અમે પ્રવચન સમાપ્ત કરી દીધું, પરંતુ જનતાનો અવાજ તેમનો આગ્રહ હતો કે આયોજકોને એક કલાકનો સમય આપવો પડયો.

બીજા દિવસે પંડિતોએ યજ્ઞ આરંભ કર્યો. એક કુંડ હતો, વગર મંત્રોચારે "સ્વાહા" કરતા હતા. તેમની માન્યતા હતી કે ગાયત્રી મંત્રનું ઉચ્ચારણ ન કરવું જોઈએ. યજ્ઞ કુંડમાં યાજકના રૂપમાં સ્વયં પંડિતગણ બેસતા હતા. બીજા દિવસે સાંજે આ પંડિતોનું પ્રવચન થવાનું હતું. જનતા અવાજ કરવા લાગી કે અમારે તેમનું પ્રવચન નથી સાંભળવું, અમે તો ગાયત્રી પરિવારવાળાનું પ્રવચન સાંભળીશું. જનતા ઉભી થઈ ગઈ, લોકો કહેવા લાગ્યા-પૈસા અમે આપ્યા છે, અમે કહીશું તેમનું જ પ્રવચન થશે. મજબૂર થઈ આયોજક મંડળને ગાયત્રી પરિવારને મંચ આપવો પડયો. અમે પહોંચ્યા તથા વર્તમાન સમસ્યાઓ અને કુપ્રથાઓ, દહેજ, પરદા પ્રથા, દુર્વ્યસન વગેરે વિષયો પર વિચાર વ્યક્ત કરતા સ્વસ્થ સમાજની સરંચના પર પ્રકાશ પાડ્યો. અમે તો યંત્રવત બેઠા હતા, લાગતું હતું કે અમને માધ્યમ બનાવી બોલનાર સત્તા ગુરુદેવ જ હતા નહીંતર વગર ભણે ગણે અનુભવ હીનથી આવું સંભવ ન હતું. અમે મનમાં ને મનમાં ગુરુસત્તાને પ્રણામ કર્યા. પ્રવચન સાંભળનારામાંથી થોડા લોકો આવ્યા. અમને કહેવા લાગ્યા કે આપ કાલનો યજ્ઞ કાર્ય પણ સંપન્ન કરાવો. અમે સ્વીકાર કરી લીધો. મંચથી આયોજકોએ ઘોષણા કરી દીધી કે કાલનો યજ્ઞ ગાયત્રી પરિવારના પ્રતિનિધિ દ્વારા જ સંપન્ન કરાવવામાં આવશે. અમે સર્વેને નિવેદન કર્યું કે કાલે પ્રાતઃ સ્નાનાદિથી નિવૃત્ત થઈ સર્વે ભાઈ બહેન યજ્ઞ કરવા આવે. બીજા દિવસે યજ્ઞ પ્રારંભ થયો, ભારે ભીડ હતી. સર્વેને યજ્ઞમાં ભાગીદાર બનાવ્યા. ગાયત્રી મંત્ર નિયમિત જપવાના રૂપમાં એક એક બુરાઈ છોડવાનું કહ્યું. એ વાત જાણી સર્વે પ્રભાવિત થયા કે ભગવાન રામ અને કૃષ્ણ બંનેએ ગાયત્રી સાધના કરી હતી. ગાયત્રી મંત્રને સાર્વભૌમિક બતાવ્યો. તે સમયે ભૂસાવળમાં શાખાની સ્થાપના થઈ. તે કાર્યક્રમથી શ્રીઆદિત્યકુમાર સિંહ જેવા કાર્યકર્તા ગાયત્રી પરિવારમાં જોડાયા, જે આજે મહારાષ્ટ્રના સક્રિય કાર્યકર્તા છે. જ્યારે અમે મથુરા પાછા આવ્યા, પૂજ્યવરને પ્રણામ કર્યા, બધા સમાચાર સંભળાવ્યા તો એમણે કહ્યું-બેટા ! સમર્પણમાં મોટી શક્તિ છે. એનાથી અમારો આત્મવિશ્વાસ ખૂબ વધી ગયો.

**-પં૦ લીલાપત શર્મા**

(ક્રમશઃ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.